શ્રી

સોમચંદ્રસૂરિ પ્રકરણત્રયી

: પ્રેરક :

સાધ્વીશ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.

શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિ-સોમચંદ્રસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

શ્રી
સોમચંદ્રસૂરિ પ્રકરણત્રયી

શ્રી સંબોધસિત્તરી, ઇન્દ્રિયપરાજયશતક,
તથા વૈરાગ્યશતક મૂલ સહ ભાવાનુવાદ.

: પ્રે...ર...ક :

સિદ્ધાન્તનિષ્ઠ આ. ભ. શ્રી મદ્વિજયસોમચંદ્રસૂરીશ્વરજી
મ. સા. ના આજ્ઞાવર્તિની પરમતપસ્વીની સા. અરૂણાશ્રીજી
મ.ના પરમ વિનેયી શિષ્યા સા. સુવર્ણપ્રભાશ્રીજી મ.

: પ્રકાશક :

શ્રી શાન્તિચંદ્રસૂરિ જૈન જ્ઞાનમંદિર
સર્વોદયનગર, શાહપુર દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

: દ્રવ્ય સહાયક :

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન પેઢી જ્ઞાનખાતામાંથી

આશિષ સોસાયટી–પાટણ

શ્રી સરીયદ જૈન સંઘ–જ્ઞાનખાતામાંથી

: પ્રાપ્તિસ્થાન :

અધ્યાપક સુરેશ આર. શાહ

ઠે. શ્રી સોમચંદ્રસુરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા,

દરવાજાનો ખાંચો, શાહપુર,

અમદાવાદ–૧

વિ. સં. ૨૦૪૮ મૂલ્ય

અષાઢ સુદ–૧૧ રૂા. ૪–૦૦

તા. ૧૦–૭–૯૨ (પૂ. સાધુ–સાધ્વીજીને ભેટ)

: મુદ્રક :

કાંતિલાલ ડી. શાહ

"ભરત પ્રિન્ટરી" ન્યુ માર્કેટ, પાંજરાપોળ,

રીલીફ રોડ, અમદાવાદ–૧ * ફોન : ૩૮૭૯૬૪

કંઈક

પૂર્વના મહાપુરુષોએ આપણા ઉપર કેવળ ઉપકાર કરવાની હિતબુદ્ધિથી આગમોમાંથી સારને ગ્રહણ કરી સહેલાઈથી બાલજીવો ગ્રહણ કરી શકે તે રીતે સરળભાષામાં પ્રકરણોની રચના કરી છે. આ પ્રકરણો મુમુક્ષુ તથા સંયમી આત્માઓને સંયમમાં સ્થિર કરવામાં અતિ ઉપયોગી અને આલંબનરૂપ છે. માટે અનેક પ્રકારના વૈરાગ્યરસથી ભરપૂર એવા આ પ્રકરણોને અર્થ સાથે કંઠસ્થ કરી સંયમમાં સ્થિર બની જીવનમાં અમલી બનાવી આત્મસાત્ કરી પરમાત્માની આજ્ઞાને વફાદાર બની વહેલામાં વહેલા મુક્તિપદને પામો એજ મંગલકામના.

લિ.

સિદ્ધાન્તનિષ્ઠ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય સોમચન્દ્રસૂરીશ્વરજી મ. સા.ના
શિષ્ય આચાર્ય વિજયસોમસુંદરસૂરિ



પ્રકાશકીય

શ્રી શાન્તિસોમચંદ્રસૂરિ જ્ઞાન મંદિર ટ્રસ્ટ દ્વારા આ પુસ્તકનું પ્રકાશન કરતાં અમે અત્યંત આનંદને અનુભવીએ છીએ અને ભવિષ્યમાં પણ અમારા ટ્રસ્ટ તરફથી આવા પ્રકાશન બહાર પડતા રહે તેવી શાસનદેવને પ્રાર્થના.

આ પુસ્તકના પ્રેરણાદાતા પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી **સુવર્ણપ્રભાશ્રીજી** મ. તેમજ આર્થિક સહયોગ આપનાર **આશિષ સોસાયટી–પાટણ** અને **સરીયદ જૈન સંઘ** તથા આ પુસ્તકનું ઝડપી અને સુંદર મુદ્રણ કાર્ય કરી આપવા બદલ અમદાવાદ "ભરત પ્રિન્ટરી"ના માલિક **શ્રી કાંતિલાલ ડી. શાહનો** આ પ્રસંગે કૃતજ્ઞતાપૂર્વક આભાર માનીએ છીએ.

પ્રકાશક.

卐

પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય ભગવંત

શ્રી મદ્વિજય સોમચંદ્રસૂરીશ્વરજી મહારાજાને

હાર્દિક સમર્પણ

હે પરમોપકારી સિદ્ધાન્તનિષ્ઠ

ચંદ્ર શીતલતા પાથરીને ચાલ્યો જાય,
વીજળી ચમકારો કરીને ચાલી જાય,
ગુલાબ સુવાસ પ્રસરાવીને ચાલ્યું જાય.

તેમ આપશ્રી પણ અમારા દૃષ્ટિપથમાંથી જોતજોતામાં ચાલ્યા ગયા અને આજે એક માસ થવા આવ્યો, છતાં પણ આપશ્રી ઉત્કૃષ્ટ આરાધનાની એવી સુવાસ પ્રસરાવીને વિદાય થયા છો. તેથી આપશ્રીની યાદ ક્યારે પણ વિસરી વિસરાય તેમ નથી.

હે ભવાબ્ધિતારક વાત્સલ્યવારિધિ

આપશ્રીએ તો ૫૮ વર્ષના સંયમપર્યાયમાં શાસનની અપૂર્વ આરાધના–સાધના–રક્ષા–પ્રભાવના કરી મોક્ષમાર્ગનો ઝળહળતો પ્રકાશ ફેલાવ્યો છે. સદાય જિનાજ્ઞા પ્રત્યેની ખુમારીવાળી આપની મુખમુદ્રા અને આપના રોમરોમમાં વ્યાપેલા જ્ઞાનના ગુણને જોઈને અમારું હૈયું હર્ષ વિભોર બનતું હતું. હે પરમતારક ગુરુદેવ અમારા જેવા અજ્ઞાની અવિવેકી આત્માના આપ ઉદ્ધારક છો.

આ ભવાટવીમાંથી ડુબતી અમારી નૈયાના આપ તારણહાર છો. આ પુસ્તિકા આપના સંયમપર્યાયના અટ્ઠાવનમાં વર્ષના પદાર્પણ પ્રસંગે સમર્પણ કરવાની ભાવના હતી. તે અમારી ભાવના મનમાં જ રહી. હવે તો આપશ્રીજીની પ્રથમ માસિક પુણ્ય તિથિ નિમિત્તે આ પુસ્તક સમર્પણ કરી અમારી ભાવનાને પૂર્ણ કરીએ છીએ. અન્તે આપના જીવન બાગમાં રહેલા અનેક ગુણોમાંથી એકાદ ગુણ પણ અમારા જીવનમાં આવે અને અમે પાવન બનીએ તથા આપ કૃપાળુનો આત્મા જ્યાં હો ત્યાંથી અમારા ઉપર આશીર્વાદ વરસાવતા રહો એજ નમ્ર પ્રાર્થના.

આપશ્રીજીના અગણિત ઉપકારોની સ્મૃતિરૂપે આપશ્રીજીના કરકમળમાં **શ્રી સોમચંદ્રસૂરિ પ્રકરણત્રયી** નામનું નાનું પુસ્તક સમર્પણ કરી હું કૃતાર્થતા અનુભવું છું.

લિ. આપની આજ્ઞાંકિત
સા. સુવર્ણપ્રભાશ્રી તથા
સા. શ્રુતપૂર્ણાશ્રી

શ્રમણ શિક્ષામાંથી ઉદ્ધૃત

કલ્યાણકારી હિતોપદેશ

આ સંયમ પામ્યા પછી પણ સંયમ સારી રીતે પળાય નહિ, સંયમ ચિત રહે નહિ, સંયમમાં રસ આવે નહિ, સંયમ પાળવાનું મન પણ ન થાય, અસંયમ તરફ મન ઢળ્યા કરે, આમ અસંયમમાં જીવાય તો તેવા આત્માની દુર્ગતિ થાય છે એમ શાસ્ત્રો કહે છે. માટે સંયમ પામ્યા પછી તેનું અપ્રમત્તપણે પાલન કરવા માટે બીજી ઉપાધિમાં ન પડતાં સુંદરમાં સુંદર સાધુપણું કેમ પળાય? તેની ચિંતા કરવા માંડો? આ પરિણુતિ જાળવવા માટે સતત સ્વાધ્યાય જોઈએ. સ્વાધ્યાય એ સુંદરમાં સુંદર આલંબન છે.

આજે તો સ્વાધ્યાય ભાગતો જાય છે. સ્વાધ્યાય નાશ પામતો જાય છે. જો સ્વાધ્યાયનો રસ નહિ જાગે તો સંયમની સાચી સાધના નહિ થાય. એટલે આ બધો ધર્મ દેખાવનો થઈ જશે. સંસારનો ભય પામી, કુટુંબ-પરિવારને બંધનરૂપ માની, જે સાધુ થયો છે, તે જ સાચો સાધુ છે. સંસારનો તેમજ કુટુંબ-પરિવારનો ત્યાગ કરી જે સાચો સાધુ થયો છે, તેણે સંસારના બધા સંબંધો વોસિરાવી દીધા છે. એટલે હવે તેને દુનિયાના કોઈ પદાર્થની અસર નથી. આ રીતે સાધુ થયેલાને જો દુનિયાના કોઈ પદાર્થની અસર રહી જાય તો તેનો સંયમધર્મ એળે જાય. આ વાત જો હૈયામાં ઉતરે તો ધારીએ તેટલી આરાધના થઈ શકશે. સ્વાધ્યાય સારો થવા લાગશે, જેમ જેમ સ્વાધ્યાય સુંદર થશે, તેમ તેમ સંયમમાં રસ વધશે તો સંયમનો સાચો સ્વાદ આવશે.

દુનિયા માને છે કે 'સંયમ તો કષ્ટરૂપ છે. તેમાં સ્વાદ શી રીતે આવે ?' પણ આ વાત કાયરો માટે છે. જે સાચો સાધક છે, જેને પોતાનો પરલોક સુધારવો છે, તેને માટે તો સંયમ અમૃત જેવો છે, તેને સંયમના કષ્ટ, કષ્ટરૂપ નથી લાગતા, પણ આનંદકારી લાગે છે. સંયમ તપથી ઉજ્જવળ બને છે, આપણો બધો તપ કષ્ટમય છે. જો આપણે સંયમ લઈને પણ ભગવાનની આજ્ઞા મુજબ સંયમ પાળીશું નહિ, સંયમ અને તપના કષ્ટથી ગભરાઈ જઈશું, ને શિથિલ બની જઈશું, તપ જપ ને મૂકી દઈશું ઈચ્છા મુજબ વર્તીશું; આજ્ઞાનો ખ્યાલ નહિ રાખીશું તો, મરવાનું તો નિશ્ચિત જ છે. પછી આ જીવન પણ બગડી જશે. મરણ અસમાધિમય બનશે, પરલોક સુંદર નહિ બને, અને દુર્ગતિ નિશ્ચિત થશે. પછી તો કેટલો કાળ ભટકવું પડે, તે તો જ્ઞાની જાણે. વખતે અનંતકાળ ભટકવો પડે. જો અનંતકાળ ભટકવાની ઈચ્છા ન હોય, અહીંથી સદ્ગતિ સાધી વહેલામાં વહેલી મુક્તિ જોઈતી હોય તો ક્ષયોપશમભાવના ગુણો મેળવવા પ્રયત્ન કરો ! જેને મહાપુણ્યનો યોગ હોય અને ક્ષયોપશમભાવ જાગ્યો હોય, તેને જ સંયમની પ્રાપ્તિ થાય છે. કદાચ કોઈ પુણ્યયોગે આ સંયમને પામ્યો હોય તેવો જીવ ક્ષયોપશમભાવના ગુણો પેદા થાય તેવો પ્રયત્ન કરે અને તેવા ગુણોને પામી અને તેમાં રમણ કરી આ જીવન સુધારે તો સદ્ગતિ સુલભ બની જશે અને મુક્તિ તેવા જીવને હાથવેંતમાં હશે.

अथ श्री रत्नशेखरसूरि–विरचिता

श्री संबोधसत्तरि

नमिऊण तिलोयगुरुं, लोआलोअप्पयासयं वीरं ।
संबोहसत्तरिमहं, रएमि उद्धारगाहाहिं ॥१॥

અર્થ :–સ્વર્ગ, મૃત્યુ અને પાતાળરૂપ ત્રણ લોકના ગુરુ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું આ સંબોધસત્તરિ નામનો ગ્રંથ રચું છું. (૧)

સમતાનું મહત્વ

सेयंबरो य आसं–बरो य बुद्धो य अहव अन्नो वा ।
समभावभाविअप्पा, लहेइ मुक्खं न संदेहो ॥ २ ॥

અર્થ :–ચાહે શ્વેતાંબર પક્ષનો હોય, અથવા દિગંબર હોય, બૌદ્ધ હોય અથવા અન્ય કોઈપણ પક્ષનો રાગી હોય, પરંતુ જેનો આત્મા સમભાવથી ભાવિત હોય, રાગ-દ્વેષથી મુક્ત હોય, તે મોક્ષ પામે જ, એ નિઃસંદેહ છે.(૨)

દેવ, ધર્મ અને ગુરુનું સ્વરૂપ

अट्ठदसदोसरहिओ, देवो धम्मोवि निउणदयसहिओ।
सुगुरूवि बंभयारी, आरंभपरिग्गहा विरओ ॥ ३ ॥

અર્થ :-અઢાર દૂષણે રહિત હોય તે દેવ સમજવા, શુદ્ધ દયાથી યુક્ત હોય તે ધર્મ સમજવો, તેમજ બ્રહ્મચારી અને આરંભ પરિગ્રહથી મુક્ત હોય તેને સુગુરુ જાણવા. (૩)

દેવમાં કયા અઢાર દૂષણો ન હોય તે બતાવે છે.

अन्नाणकोहमयमाणलोहमाया रई य अरई य ।
निद्दासोअअलियवयणचोरिआमच्छरभया य ॥ ४ ॥
पाणिवहपेमकीला, पसंगहासा य जस्स ए दोसा ।
अट्ठारसवि पणट्ठा, नमामि देवाहिदेवं तं ॥५॥

અર્થ :-અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ-અરતિ, નિદ્રા-શોક, અસત્ય વચન, ચોરી, મત્સર અને ભય તથા પ્રાણીવધ (જીવહિંસા), પ્રેમ, ક્રીડા, સ્ત્રીનો પ્રસંગ અને હાસ્ય, એ અઢારેય દૂષણો જે આત્મામાંથી નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમસ્કાર કરૂં છું. (૪-૫)

સાચા ધર્મનું સ્વરૂપ

सव्वाओवि नईओ, कमेण जह सायरंमि निवडंति।
तह भगवईअहिंसं, सव्वे धम्मा समिल्लं(मुल्लिं)ति ॥६॥

અર્થ :-જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મળે છે, તેમ મહા ભગવતી એવી અહિંસા (દયા) માં સર્વ ધર્મોનો સમાવેશ થાય છે. (૬)

શુદ્ધ ગુરુનું સ્વરૂપ.

ससरीरे वि निरीहा, बज्झब्भिंतरपरिग्गहविमुक्का ।
धम्मोवगरणमित्तं, धरंति चारित्तरक्खट्ठा ॥ ७ ॥
पंचिंदियदमणपरा, जिणुत्तसिद्धंतगहियपरमत्था ।
पंचसमिया तिगुत्ता, सरणं मह एरिसा गुरुणो ॥८॥

અર્થ:–પોતાના શરીરને વિષે પણ મમતા વિનાના, ધન ધાન્યાદિ બાહ્ય અને રાગ–દ્વેષાદિ અભ્યંતર પરિગ્રહથી મુક્ત થએલા, માત્ર વસ્ત્રાદિ ધર્મસાધનોનો પણ ચારિત્રની રક્ષા માટે જ ઉપયોગ કરનારા, તથા પાંચેય ઇન્દ્રિયોને દમન કરવામાં સદા તત્પર, જિનેશ્વરદેવે કહેલા સિદ્ધાંતથી જેઓએ પરમાર્થ રૂપ આત્માને જાણ્યો છે, વળી પાંચ સમિતિએ કરી યુક્ત અને ત્રણ ગુપ્તિએ કરી ગુપ્ત, એવા સદ્‌ગુરુનું મને શરણ થાઓ. (૭–૮)

કુગુરુઓ કોણ કહેવાય તે કહે છે.

पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।
अहछंदो वि य एए, अवंदणिज्जा जिणमयंमि ॥९॥

અર્થ:–૧. પાસત્થો, ૨. ઓસન્નો, ૩. કુશીલિયો તેમજ ૪. સંસક્ત અને ૫. યથાછંદ, એ જિનમતને વિષે અવંદનીય છે.

કુગુરુને વંદન કરવાનું ફળ.

पासत्थाई वंदमाणस्स नेव कित्ती न निज्जरा होई ।
जायइ कायकिलेसो, बंधो कम्मस्स आणाई ॥१०॥

અર્થ :-ઉપર જેમનાં નામ કહ્યાં તે પાસત્થાદિકને વંદન કરનારની યશ-કીર્તિ થતી નથી, નિર્જરા (કર્મક્ષય) પણ થતી નથી, ઊલટો કાયાને ક્લેશ થાય છે, અને આઠ પ્રકારનાં કર્મોનો બંધ થાય છે. વિશેષમાં જિનાજ્ઞાનો ભંગ થાય, ખોટા માર્ગની પરંપરા ચાલે, મિથ્યાત્વ કર્મનો બંધ થાય અને સંયમની (શાસ્ત્રની) વિરાધના થાય છે. (૧૦)

પાસત્થાદિક નમસ્કાર કરાવનારને શું ગેરલાભ થાય તે કહે છે.

जे बंभचेरभट्ठा, पाए पाडंति बंभयारीणं ।
ते हुंति टुंटमुंटा, बोही वि सुदुल्लहा तेसिं ॥११॥

અર્થ :-જે બ્રહ્મચર્યભ્રષ્ટપુરુષો, બ્રહ્મચારી પુરુષોને પોતાને પગે પાડે છે, વંદન કરાવે છે, તેઓ આવતા ભવમાં લૂલા-પાંગળા થાય છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ તેઓને અત્યંત દુર્લભ થઈ પડે છે. (૧૧)

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થવાથી શું નુકસાન થાય?

दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिआ, दंसणरहिआ न सिज्झंति ।१२।

અર્થ :-દર્શન એટલે સમ્યક્ત્વ, તેનાથી ભ્રષ્ટ થયેલો સર્વથા ભ્રષ્ટ કહેવાય છે. કારણ કે દર્શનભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. દ્રવ્ય ચારિત્ર રહિત હોય તે સિદ્ધપદને પામે છે, પણ સમ્યક્ત્વ રહિત જીવો સિદ્ધપદને પામતા નથી. (૧૨)

જિનાજ્ઞાનો અતિક્રમ ન કરવો.

तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेई ।
आणाइ अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ॥१३॥

અર્થ:-તે આચાર્ય તીર્થંકરના સમાન છે, કે જે જિનવચનને સમ્યક્ પ્રકારે ઉપદેશે છે, જે આણા-જિનાજ્ઞાનો અતિક્રમ કરે છે, લોપે છે, તેને કુત્સિત પુરુષ સમજવો, પણ સત્પુરુષ (સાધુ) ન સમજવો. (૧૩)

કુગુરુઓ કેવો અનર્થ કરે છે?

जह लोहसिला अप्पंपि, बोलए तह विलग्गपुरिसंपि ।
इय सारंभो य गुरू, परमप्पाणं च बोलेई ॥ १४॥

અર્થ:-જેમ લોખંડની શિલા (નાવડી) પોતે બૂડે છે અને તેને વળગેલા-તેમાં બેઠેલા મનુષ્યને પણ ડૂબાડે છે. તેમ જિનાજ્ઞાવિરૂદ્ધ વર્તનારા પાપી (આરંભે સહિત) ગુરુઓ જેઓ તેમના ઉપાસક (સેવક) હોય તેઓને અને પોતાને-(પોતાના આત્માને) પણ સંસારમાં ડૂબાડે છે. (૧૪)

કુગુરુને વંદનાદિ કરવાથી થતાં નુકસાન કહી તેનાથી બચવાનો ઉપદેશ કરે છે.

किइकम्मं च पसंसा, सुहसीलजणंमि कम्मबंधाय ।
जे जे पमायठाणा, ते ते उववूहिया हुंति ॥१५॥
एवं णाऊण संसग्गिं, दंसणालावसंथवं ।
संवासं च हियाकंखी, सव्वोवायेहि वज्जए ॥१६॥

અર્થ :-સુખશીલિયા-ભ્રષ્ટાચારી ગુરુને કૃતિકર્મ-દ્વાદશાવર્ત્તવંદન અને પ્રશંસા (વિગેરે) કરવાથી કર્મબંધન થાય છે, વિશેષમાં તે જે જે પ્રમાદ સેવતો હોય તેનું વધારે સેવન કરે છે અને તેને વંદના પ્રશંસા વગેરે કરવાવાળો તેમાં સહાયક થાય છે. એ પ્રમાણે સમજીને પાસત્થાદિક તથા પાપારંભવાળા સુખશીલ ગુરુઓનો સંસર્ગ, તેમનું દર્શન, તેમની સાથે આલાપસંલાપ (વાર્તાલાપ), તેમની સ્તુતિ અને તેમનો સહવાસ વગેરે પોતાનું હિત ઇચ્છનાર મનુષ્યે સર્વ ઉપાયે કરીને તજવું જોઇએ. (૧૫-૧૬)

ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના પરિણામ શિથિલ થાય તેને સર્પે છછુંદર ગ્રહણ કર્યા બરાબર થાય છે.

अहिगिलइ गलइ उअरं, अहवा पच्चुग्गलंति नयणाइं ।
हा ! विसमा कज्जगई, अहिणा छच्छुंदरि गहिआ ॥ १७ ॥

અર્થ :-સર્પ જો છછુંદરને મુખમાં પકડ્યા પછી ગળી જાય તો તેનું પેટ ગળી જાય, અને જો પાછું કાઢી નાંખે તો નેત્રો નાશ પામે. હા ! વિષમ કાર્ય થયું કે, સર્પે છછુંદર ગ્રહણ કર્યું ! (૧૭)

શિથિલને સ્થિર કરવાને ચારિત્રધર્મનું સર્વોત્કૃષ્ટપણું બતાવે છે.

को चक्कवट्टिरिद्धिं, चइउं दासत्तणं समभिलसई ।
को व रयणाइ मुत्तुं, परिगिन्हइ उवलखंडाइं ॥ १८ ॥

અર્થ :–ચક્રવર્તીપણાની ઋદ્ધિને ત્યજી દઈને દાસપણાની અભિલાષા કોણ કરે ? અથવા રત્નોને મૂકીને પથ્થરના કકડા કોણ ગ્રહણ કરે ? (જે મૂર્ખ હોય અને લાભાલાભના વિચારથી શૂન્ય હોય તે તેમ કરે, એના જેવું ચારિત્ર છોડીને ગૃહસ્થ બનવાથી થાય છે. (૧૮)

ચારિત્રનું કષ્ટ શાશ્વતું નથી. એમ દૃષ્ટાંતવડે સિદ્ધ કરે છે.

नेरइयाणवि दुक्खं, जिज्झइ कालेण किं पुण नराणं ।
ता न चिरं तुह होई, दुक्खमिणं मा समुच्चियसु ॥१९॥

અર્થ :–(હે સાધુ !) નારકીનાં દુઃખો પણ કાળે કરીને નાશ પામે છે, તો મનુષ્યપણાનાં દુઃખો માટે શું કહેવું ? તે માટે તને આ દુઃખ ઘણા કાળ સુધી નહિ રહે, એમ સમજી તું ખેદ (ત્યાગ) ન કર ! (સાત્ત્વિક બન !) (૧૯)

ચારિત્ર છોડી દેવું, તે બહુ જ અનિષ્ટ છે, એમ સમજાવે છે.

वरमग्गिमि पवेसो, वरं विसुद्धेणकम्म(म्मु)णा मरणं ।
मा गहियव्वयभंगो, मा जीअं खलिअसीलस्स ॥२०॥

અર્થ :–અગ્નિમાં પ્રવેશ કરવો તે શ્રેષ્ઠ છે, વિશુદ્ધકર્મ (અણુસણ) કરીને મરણ પામવું તે પણ શ્રેષ્ઠ છે, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો તે શ્રેષ્ઠ નથી, તેમજ શીલથી ભ્રષ્ટ થઈને જીવવું પણ શ્રેષ્ઠ નથી. (૨૦)

શ્રદ્ધાની દૃઢતા કેળવવા માટે ત્રણ ગાથાથી સમકિતનું સ્વરૂપ, તેની દુર્લભતા અને તેનું ફળ.

अरिहं देवो गुरुणो, सुसाहुणो जिणमयं मह पमाणं ।
इच्चाइ सुहो भावो, सम्मत्तं बिंति जगगुरुणो ॥ २१ ॥

અર્થ:-અરિહંત તે દેવ, સુસાધુઓ તે ગુરુઓ અને જૈન (જિનોક્ત) તત્ત્વો (ધર્મ) તે મારે પ્રમાણ છે- ઇત્યાદિ આત્માનો શુભ ભાવ, તેને જગદ્‌ગુરુ શ્રી તીર્થંકર દેવો સમ્યક્ત્વ કહે છે. (૨૧)

लब्भइ सुरसामित्तं, लब्भइ पहुअत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ, दुल्लहरयणं व सम्मत्तं ॥२२॥

અર્થ:-દેવોનું સ્વામીપણું (ઇન્દ્રપણું), અને પ્રભુતા (ઐશ્વર્ય-ઠકુરાઈ) પણ મળી શકે છે, પણ જીવને સંસારમાં (ચિંતામણી રત્નથી પણ અધિક એક આત્માના) અમૂલ્ય રત્ન સરખું સમ્યક્ત્વરત્ન મળવું દુર્લભ છે, તે નિઃસંદેહ છે. (૨૨)

सम्मत्तंमि उ लद्धे, विमाणवज्जं न बंधए आउं ।
जइवि न सम्मत्तजढो, अहव न बद्धाउओ पुव्विं ॥२३॥

અર્થ:-સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો તેણે પાછું તે વમી નાંખ્યું ન હોય, તો અથવા સમ્યક્ત્વ પ્રાપ્તિની પૂર્વે કોઈ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો મનુષ્ય આગામી ભવનું વૈમાનિક દેવગતિ સિવાય અન્ય આયુષ્ય બાંધતો નથી. (૨૩)

સામાયિકનો મહિમા.

दिवसे दिवसे लक्खं, देइ सुवन्नस्स खंडियं (आ) एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहुप्पए तस्स ॥२४॥

અર્થ:–એક પુરુષ દરરોજ લાખ ખાંડી જેટલું સુવર્ણ દાનમાં આપે, અને બીજો સામાયિક કરે, એ બેમાં સોનાનું દાન કરનારો સામાયિક કરનારને પહોંચી શકતો નથી, અર્થાત્ સામાયિકનું ફળ ઘણું જ છે. (૨૪)

निंदपसंसासु समो, समो य माणावमाणकारीसु ।
समसयणपर(रि)यणमणो, सामाइयसंगओ जीवो ॥२५॥

અર્થ:–નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે. તેવા જીવને સામાયિકવાળો કહ્યો છે, (સામાયિકમાં આત્માએ એવો ભાવ કેળવવો જોઇએ.) (૨૫)

શું કરવાથી સામાયિક નિષ્ફળ બને ?

सामाइयं तु काउं, गिहिकज्जं जो उ चिंतए सड्ढो ।
अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामा(म)इयं ॥ २६ ॥

અર્થ:–જે શ્રાવક સામાયિક કરવા છતાં સામાયિકમાં ગૃહકાર્યને ચિંતવે, આર્ત્તધ્યાનને વશ થયેલા તેનું સામાયિક નિરર્થક છે. (૨૬)

આચાર્ય મહારાજનું ગુણોદ્વારા વર્ણન.

पडिरूवाई चउदस, खंतीमाई य दसविहो धम्मो ।
बारस य भावणाओ, सूरिगुणा हुंति छत्तीसं ॥२७॥

અર્થ :-૧. પ્રતિરૂપ એટલે તીર્થંકર વગેરેના પ્રતિબિમ્બ જેવો શરીરનો આકાર અર્થાત્ પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ અને અવિકલ અંગોપાંગ વગેરે સુંદર શરીરવાળા, ૨. તેજસ્વી (પ્રભાવશાળી), ૩. પોતાના યુગમાં અન્યજનો કરતાં વિશેષજ્ઞાની-બહુશ્રુત, ૪. મધુર વચનવાળા, ૫. ગંભીર હૃદયવાળા, ૬. ધૈર્યવાન (પરિષહો કે સંકટોમાં પણ ધર્મ માર્ગની રક્ષા કરનારા), ૭. ધર્મમાર્ગના ઉપદેશક, ૮. બીજાએ કહેલી ગુપ્ત વાતોને કદાપિ પ્રગટ નહિ કરનારા, ૯. પ્રસન્ન મુખાકૃતિ, ૧૦. શિષ્યાદિને માટે જ્ઞાનાદિની સામગ્રીનો સંગ્રહ કરનારા, ૧૧. દ્રવ્યાદિ વિવિધ અભિગ્રહો (નિયમો) ગ્રહણ કરવા કરાવવાની બુદ્ધિવાળા, ૧૨. પોતાની પ્રશંસા કે પરનિંદા વગેરે વિકથા નહિ કરનારા-ઘણું નહિ બોલનારા, ૧૩. ચપળતા રહિત સ્થિર સ્વભાવી. અને ૧૪. ક્રોધાદિથી રહિત; શાન્ત હૃદયવાળા, એ ચૌદ ગુણોથી યુક્ત, તથા ૧. ક્ષમા, ૨. મૃદુતા, ૩. સરળતા, ૪. નિર્લોભતા, ૫. બાર પ્રકારનો તપ, ૬. સત્તર પ્રકારનો સંયમ, ૭. સત્ય, ૮. શૌચ (મનની શુદ્ધિ), ૯. નિર્મમત્વ, અને ૧૦. નવવાડથી નિર્મળ બ્રહ્મચર્ય એ દશ પ્રકારના ધર્મવાળા અને ૧. અનિત્યતા, ૨. અશરણતા, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશૌચતા, ૭ આશ્રવ, ૮. સંવર, ૯. કર્મનિર્જરા, ૧૦. ધર્મની સુંદરતા, ૧૧. લોકસ્વરૂપ અને ૧૨. બોધિની (સમ્યક્ત્વની) દુર્લભતા, એ બાર ભાવનાઓથી ભાવિતાત્મા, એમ આચાર્યના છત્રીસ ગુણો જાણવા. (શાસ્ત્રમાં છત્રીસ પ્રકારે છત્રીસ ગુણોનું વર્ણન છે.) (૨૭)

સાધુના સત્તાવીસ ગુણો.

छव्वयछकायरक्खा, पंचिंदियलोहनिग्गहो खंती ।
भावविसोहि पडिले-हणाइकरणे विसुद्धी य ॥ २८॥
संजमजोए जुत्तो, अकुसलमणवयणकायसंरोहो ।
सीयाइपीडसहणं, मरणंतउवसग्गसहणं च ॥२९॥

અર્થ :-જીવહિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ (મૂર્છા) અને રાત્રિભોજન, એ છનો ત્યાગ કરવા રૂપ છ વ્રતો પાળવાં, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ છ કાય જીવોની રક્ષા કરવી, ચામડી, જીભ, નાક, નેત્રો અને કાન એ પાંચ ઈન્દ્રિયો તથા લોભ એ છને વશ કરવાં, ૧૯. ક્ષમા કરવી, ૨૦. ભાવ શુદ્ધ કરવો, ૨૧. પડિલેહણ વગેરે શુદ્ધ (વિધિપૂર્વક) કરવું, ૨૨. સાધુપણાના યોગોમાં (વિનય-વૈયાવચ્ચ-જ્ઞાન-ધ્યાન વગેરે કાર્યોમાં) રક્ત રહેવું, ૨૩-૨૪-૨૫ દુષ્ટ મન-વચન તથા કાયાનો રોધ કરવો, ૨૬. ઠંડી વગેરે પરિષહોની પીડાને સહન કરવી અને ૨૭. મરણાન્ત ઉપસર્ગો સહન કરવા, એ પ્રમાણે સાધુના સત્તાવીસ ગુણો જાણવા. (૨૮-૨૯)

ગુણવાન સાધુની સેવા કરવાનું કહે છે.

सत्तावीसगुणेहिं, एएहिं जो विभूसिओ साहू ।
तं पणमिज्जइ भत्ति-ब्भरेण हियएण रे जीव ! ॥३०॥

અર્થ :-ઉપર કહ્યા તે સત્તાવીસ ગુણોથી જે સાધુ વિભૂષિત છે, તેને હે જીવ! અતિ ભક્તિભર્યા હૃદયથી નમસ્કાર કરવો જોઇએ. (૩૦)

શ્રાવકના એકવીસ ગુણો.

धम्मरयणस्स जुग्गो, अखुद्दो रूववं पगइसोमो ।
लोगप्पिओ अकूरो, भीरू असढो सुदक्खिन्नो ॥ ३१ ॥
लज्जालुओ दयालू, मज्झत्थो सोमदिट्ठी गुणरागी ।
सक्कह सुपक्खजुत्तो, सुदीहदंसी विसेसन्नू ॥३२॥
वुड्ढाणुगो विणिओ, कयन्नुओ परहिअ(य)त्थकारी अ ।
तह चेव लद्धलक्खो, इगवीसगुणो हवइ सड्ढो ॥ ३३ ॥

અર્થ :–ધર્મરત્નને મેળવવાની યોગ્યતાવાળો શ્રાવક એકવીશ ગુણે કરીને યુક્ત હોય, તે એકવીશ ગુણો આ પ્રમાણે–અક્ષુદ્ર(ગંભીર) ૧, રૂપવંત (ઇન્દ્રિયો અને અવયવોથી પરિપૂર્ણ સુંદર શરીરવાળો) ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, પાપભીરુ ૬, અશઠ (સરળ) ૭, સુદાક્ષિણ્યવાન ૮, ખરાબ કામમાં લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ (ગુણ–અવગુણમાં કે શત્રુમિત્રમાં મધ્યસ્થ એવી સૌમ્યદૃષ્ટિવાળો).૧૧, ગુણરાગી ૧૨, સત્કથક (ધર્મકથા વગેરે સારી વાર્તાઓ કરવાના સ્વભાવવાળો) ૧૩, સુપક્ષયુક્ત (કુટુંબ–પરિજન વગેરે પક્ષ ધર્મી હોય તેવો) ૧૪, સુદીર્ઘદર્શી (પર્યાલોચનકારી) ૧૫, વિશેષજ્ઞ (વસ્તુના ગુણદોષને–ભેદને સમજનારો) ૧૬, વૃદ્ધાનુગ (જ્ઞાનવૃદ્ધ અને સદાચારી પુરુષોને અનુસરનારો) ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ (બીજાએ કરેલા ઉપકારને નહિ ભૂલનારો) ૧૯, પરહિતાર્થકારી ૨૦, તેમજ લબ્ધલક્ષ (અન્યના ચિત્તને ઓળખનારો અથવા સાધ્ય નિશ્ચિત કર્યું હોય તેવો) ૨૧,

એ એકવીસ ગુણવાળો જીવ ધર્મને માટે યોગ્ય જાણવો. (૩૧-૩૨-૩૩)

જિનાગમની અતિ આવશ્યકતા.

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिआ ।
हा अणाहा कहं हुंतां, न हुंतो जइ जिणागमो ॥३४॥

અર્થ :–દૂષમ કાલના દોષે કરીને દૂષિત (વક્ર અને જડ) અમારા જેવા અનાથ નિરાધાર પ્રાણીઓ જો જિનાગમ ન હોત તો ક્યાં કેવાં કેવાં દુઃખો પામત? અર્થાત્ વિશિષ્ટ જ્ઞાનીઓના વિરહમાં જીવને એક જૈન આગમનો જ જીવનમાં આધાર છે. (૩૪)

આગમનું બહુમાન કરવાથી થતા લાભો.

आगमं आयरंतेणं, अत्तणो हियकंखिणो ।
तित्थनाहो गुरू धम्मो, सव्वे ते बहुमन्निया ॥ ३५ ॥

અર્થ :–આત્માનું હિત ઇચ્છનારે આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરવાથી તત્ત્વરૂપે સ્વીકારવાથી વસ્તુતઃ આગમને જ નહિ, પણ આગમ) શ્રી તીર્થંકરદેવ ગુરુ અને ધર્મ, એ સર્વનું બહુમાન કર્યું ગણાય છે. (૩૫)

હવે કેવો સંઘ શ્રીસંઘ ન મનાય?

सुहसीलाओ सच्छंद–चारिणो वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहु–जणाओ मा भणह संघु त्ति ॥३६॥

અર્થ :–ગૌતમસ્વામી પ્રત્યે શ્રી વીર ભગવંત કહે છે કે હે ગૌતમ! સુખશીલિયા અર્થાત્ પૌદ્ગલિક સુખના અર્થી સ્વેચ્છા મુજબ વર્ત્તવાવાળા (સદાચાર વિમુખ), મોક્ષમાર્ગના વૈરી (ધર્મદ્રોહી) અને તેથી જિનાજ્ઞાભ્રષ્ટ (જિનવચનના લોપક) એવા ઘણા લોકોનો સમૂહ હોય તો પણ તેને 'શ્રી સંઘ' ન કહેવો. (૩૬)

પૂજ્ય 'શ્રીસંઘ' કોને કહેવાય ?

एगो साहू एगो य साहुणी, सावओ वि सड्ढी वा।
आणाजुत्तो संघो, सेसो पुणअ ट्ठिसंघाओ ॥ ३७ ॥
निम्मलनाणपहाणो, दंसणजुत्तो चरित्तगुणवंतो ।
तित्थयराण य पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥ ३८॥

અર્થ:–જે જિનાજ્ઞાએ કરીને યુક્ત હોય, તેવા એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક જ શ્રાવિકા હોય તો પણ તેને સંઘ કહેવાય. બાકી (ઉપર કહ્યા તેવા સુખશીલિયા વગેરેનો) સમૂહ ઘણો હોય તો પણ તે હાડકાંનો સમૂહ જાણવો. (કારણ કે ધર્મરૂપ પ્રાણ વિનાનાં તે હાડકાં જ ગણાય). (૩૭)

તથા નિર્મળ એટલે સમ્યગ્ જ્ઞાનની જ્યાં (જેના જીવનમાં) પ્રધાનતા છે, જે સમ્યગ્ દર્શનથી યુક્ત છે અને જે સમ્યગ્ ચારિત્ર ગુણવાળો છે (એમ જે સમ્યગ્ જ્ઞાન–દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આરાધક છે, આધાર છે) એવો 'શ્રીસંઘ' તે શ્રીતીર્થંકરોને પણ પૂજ્ય કહેવાય છે. (૩૮)

ક્રિયામાં જિનાજ્ઞાની મહત્તા

जह तुसखंडण मयमं-डणाइ रुण्णाई सुन्नरन्नंमि ।
विहलाई तह जाणसु, आणारहियं अणुट्ठाणं ॥३९॥
आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलालपुल्लू व पडिहाई ॥४०॥

અર્થ:-જેમ ફોતરાંને ખાંડવાં, મડદાને શણગારવું વગેરે અને શૂન્ય અરણ્યમાં એકલા રડવું વગેરે નિષ્ફળ છે. તેમ જિન-આજ્ઞા રહિત અનુષ્ઠાન (કષ્ટકારી ધર્મક્રિયા) પણ નિષ્ફળ છે. (૩૯)

કારણકે—શ્રી તીર્થંકરના કહ્યા પ્રમાણે કરેલાં તપ, સંયમ અને દાન (વગેરે) સાચાં કહેવાય છે, અર્થાત્ તે જ સાચું તપ-સંયમ અને દાન છે કે શ્રી જિનાજ્ઞાનું પાલન કરવું. તેમાં જ તપ, સંયમ અને દાન આવી જાય છે. જે ધર્મ જિનાજ્ઞાથી રહિત (વિરૂદ્ધ) કરવામાં આવે, તે પરાળના પૂળાની (તૃણ સમૂહની) જેમ શોભતો નથી. અર્થાત્ તેની કિંમત તૃણ સમાન છે. (૪૦)

એ જ વાતને સિદ્ધ કરે છે.

आणाखंडणकारी, जइवि तिकालमहाविभूईए ।
पूएइ वीयरायं, सव्वंपि निरत्थयं तस्स ॥४१॥

અર્થ:-શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાળો જીવ ઘણી શોભાપૂર્વક ઘણા ધનથી ત્રણેય કાળશ્રી વીતરાગ

દેવની પૂજા કરે, તો પણ તે સર્વ ક્રિયા (જેની પોતે પૂજા કરે છે, તે વીતરાગની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે. (૪૧)

આજ્ઞાવિરુદ્ધ કરેલો ધર્મ ઊલટો દુઃખદાયી બને છે, તે દૃષ્ટાંતથી સમજાવે છે.

रन्नो आणाभंगे, इक्कु च्चिय होइ निग्गहो लोए।
सव्वन्नुआणभंगे, अणंतसो निग्गहो होई ॥४२॥

અર્થ :–આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એક જ વાર નિગ્રહ–શિક્ષા થાય છે, પરંતુ સર્વ-જ્ઞની આજ્ઞાનો ભંગ કરવાથી (બંધાતા દુષ્ટ કર્મના યોગે) અનંતીવાર નિગ્રહ–બહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ, જરા, મરણ, શોક અને રોગાદિરૂપ દંડ ભોગવવો પડે છે. (૪૨)

અવિધિથી અને વિધિથી કરેલા ધર્મના ફળનું દૃષ્ટાંત.

जह भोयणमविहिकयं, विणासए विहिकयं जियावेई ।
तह अविहिकओ धम्मो, देइ भवं विहिकओ मुक्खं ॥४३॥

અર્થ :–જેમ અવિધિથી કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિથી કરેલું ભોજન પુષ્ટિ કરે છે, તેમ અવિધિથી કરેલો ધર્મ સંસારમાં રખડાવે છે અને વિવિધ કરેલો ધર્મ મોક્ષને આપે છે. (૪૩)

દ્રવ્યક્રિયા અને ભાવક્રિયાના અંતરનું દૃષ્ટાંત.

मेरुस्स सरिसवस्स य, जत्तियमित्तं तु अंतरं होई ।
दव्वत्थयभावत्थय–अंतरमिह तत्तियं नेयं ॥ ४४ ॥

અર્થ :- મેરૂપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર દ્રવ્યધર્મ અને ભાવધર્મમાં જાણવું. (૪૪)

દ્રવ્યધર્મ અને ભાવધર્મનું ઉત્કૃષ્ટ ફળ.

उक्कोसं दव्वत्थय–आराहओ जाव अच्चुअं जाई ।
भावत्थएण पावइ, अंतोमुहुत्तेण निव्वाणं ॥४५॥

અર્થ :- દ્રવ્યસ્તવનો આરાધક વધારેમાં વધારે અચ્યુત નામે બારમા દેવલોક સુધી જાય છે અને ભાવસ્તવનો આરાધક અંતર્મુહૂર્તમાં નિર્વાણને પામે છે. (૪૪)

અહીં દ્રવ્યસ્તવ એટલે દેવપૂજા, દાન વગેરે શ્રાવકધર્મ અને ભાવસ્તવ એટલે સાધુધર્મ સમજવો. નહિ તો મિથ્યાત્વી જીવ દ્રવ્ય સાધુ ક્રિયાથી નવમા ગ્રૈવેયક સુધી જાય એમ કહેલું છે તે અસંગત થાય. (૪૫)

કેવો ગચ્છ ત્યાગ કરવા યોગ્ય છે ?

जत्थ य मुणिणो कयवि–कयाइ कुव्वंति निच्चपब्भट्ठा ।
तं गच्छं गुणसायर !, विसंव दूरं परिहरिज्जा ॥४६॥
जत्थ य अज्जालद्धं, पडिग्गहमाईय विविहमुवगरणं ।
पडिभुंजइ साहूहिं, तं गोयम ! केरिसं गच्छं ॥४७॥
जहि नत्थि सारणा वा–रणा य पडिचोयणा य गच्छंमि ।
सो य अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥४८॥

અર્થ :- જે ગચ્છમાં નિત્ય આચારથી ભ્રષ્ટ એવા મુનિઓ ક્રયવિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર ! (ગુણના અર્થી હે જીવ !) વિષની પેઠે તારે દૂર ત્યજી દેવો જોઇએ. (૪૬)

વળી જે ગચ્છમાં સાધુઓ સાધ્વીએ લાવેલાં (વહોરેલાં) વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણો વાપરે છે, હે ગૌતમ! તે ગચ્છ કેવો? અર્થાત્ તેને ગચ્છ કહેવાય જ નહિ. (૪૭)

તથા જે ગચ્છમાં ગચ્છાધિપતિ તરફથી, કરણીય કરવાનું ભૂલી જનારને સ્મૃતિ (યાદ) આપવા રૂપ સારણા, અકરણીય કરતો હોય તેને નિષેધ કરવારૂપ વારણા, કરવા યોગ્ય સંયમના યોગોમાં પ્રેરણા આપવારૂપ ચોયણા, અને વારંવાર પ્રેરણા કરવારૂપ પડિચોયણા કરવામાં આવતી નથી, તે ગચ્છને (ગચ્છનું કાર્ય કરતો નહિ હોવાથી) અગચ્છ સમજી સંયમના અર્થી સાધુએ છોડી દેવો જોઇએ. અન્ય સારા ગચ્છનો આશ્રય લેવો જોઈએ. (૪૮)

ગચ્છવાસની ઉપેક્ષા કરવાનું અને પાળવાનું ફળ.

गच्छं तु उवेहंतो, कुव्वइ दीहं भवे त्रिहीए उ।
पालंतो पुण सिज्झइ, तइअभवे भगवई सिद्धं ॥ ४९ ॥

અર્થ:– ગચ્છવાસની ઉપેક્ષા કરનારો (એકલ વિહારી) સંસારને વધારે છે, અને શાસ્ત્રમાં જણાવેલા વિધિ પ્રમાણે (જે અન્ય ગચ્છને સ્વીકારીને પણ ગચ્છવાસનું) પાલન કરે તે ત્રીજે ભવે સિદ્ધિને પામે છે, એમ શ્રી ભગવતીસૂત્રમાં સિદ્ધ કર્યું છે (૪૯)

ગચ્છ કોને કહેવાય?

जत्थ हिरन्नसुवन्नं, हत्थेण पराणगं पि नो छिप्पे ।
कारणसमप्पि(ल्लि)यं पि हु, गोयम ! गच्छं तय भणिमो ॥५०॥

पुढविदगअगणिमारुअ–वणप्फइ तह तसाण विविहाणं ।
मरणंते वि न पीडा, कीरइ मणसा तय गच्छं ॥५१॥
मूलगुणेहि विमुक्कं, बहुगुणकलियंपि लद्धिसंपन्नं ।
उत्तमकुले वि जायं, निद्धाडिज्जइ तयं गच्छं ॥५२॥
जत्थ य उसहादीणं, तित्थयराणं सुरिंदमहियाणं ।
कम्मट्ठविमुक्काणं, आणं न खलिज्जइ स गच्छो ॥५३॥
जत्थ य अज्जाहि समं, थेरावि न उल्लवंति गयदसणा ।
न य झायंति त्थीणं, अंगोवंगाइ तं गच्छं ॥५४॥

અર્થ:– જે ગચ્છમાં મુનિઓ પારકાના સોનાને કે ઘરેણાંને (ધન–રોકડને) તેઓ કોઇ પણ કારણે સમર્પણ કરે કે ભેટ કરે, તો પણ (તેને લેવું તો દૂર રહ્યું) હાથથી સ્પર્શ માત્ર પણ કરતા નથી, હે ગૌતમ! તેવા ગચ્છને સુગચ્છ કહ્યો છે. (૫૦)

જે ગચ્છના મુનિઓ પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, અને વિવિધ પ્રકારના ત્રસકાય જીવોને મરણાંતે પણ મનથીય પીડા કરવાનો વિચાર સરખો પણ કરતા નથી, એવા ગચ્છને ગચ્છ કહેવો. (૫૧)

જે ગચ્છમાં કોઈ સાધુ બીજા ઘણા ગુણોથી યુક્ત હોય, અનેક પ્રકારની લબ્ધિઓવાળો હોય, અને ઉત્તમ કુળમાં જન્મેલો હોય, તથાપિ (ચરણ સિત્તરી રૂપ) મૂળ ગુણોથી તે ભ્રષ્ટ હોય, તો તેવાને પણ જે ગચ્છ બહાર કરે, કાઢી મૂકે તે ગચ્છને ગચ્છ જાણવો. (૫૨)

જે ગચ્છમાં આઠ કર્મોથી મુક્ત અને ઇન્દ્રોથી પૂજાએલા એવા શ્રી ઋષભાદિક તીર્થંકરોની આજ્ઞા અખંડ પળાય છે, સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો. (૫૩)

જે ગચ્છમાં જેના દાંત પણ પડી ગયા હોય તેવા સ્થવિર ઘરડા સાધુ પણ, સાધ્વીની સાથે વાત કરતા નથી અને ગૃહસ્થની સ્ત્રીઓ સાથે આહાર વહોરવા વગેરે કારણે બોલવાના પ્રસંગે તેનાં અંગોપાંગ વગેરે અવયવોને જોતા નથી, નીચી દૃષ્ટિ રાખે છે, તેને ગચ્છ કહીએ. (૫૪)

સાધુને સાધ્વીનો પરિચય તજવા ઉપદેશ આપે છે.

वज्जेइ अप्पमत्तो, अज्जासंसग्गि अग्गिविससरिसी ।
अज्जाणुचरो साहू, लहइ अकित्ती खु अचिरेणं ॥५५॥

અર્થ :– ઉત્તમ સાધુએ અગ્નિ અને ઝેરના સંસર્ગ જેવો સાધ્વીનો સંસર્ગ (પરિચય) અપ્રમત્ત થઇને તજવો જોઇએ, ભૂલથી પણ ન કરવો જોઇએ. (કારણકે) સાધ્વીનો પરિચય કરનાર સાધુ (વ્રતથી ભ્રષ્ટ ન થાય તોય) અલ્પકાળમાં જ અપયશને (તો) પામે જ છે. (૫૫)

બ્રહ્મચર્યનો મહિમા.

जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिण भवणं ।
तस्स न तत्तिय पुन्नं, जत्तिय बंभव्वए धरिए ॥५६॥

અર્થ :– જે કોઈ મનુષ્ય સુવર્ણની કોટિ, અર્થાત્ ક્રોડો રૂપિયાની કિંમતનું સુવર્ણ યાચકોને દાનમાં આપે, અથવા સોનાનું જિનમંદિર કરાવે, તેને તેટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મચર્યવ્રત ધારણ કરવાથી થાય છે. (૫૬)

सीलं कुलआहरणं, सीलं रूवं च उत्तमं होइ ।
सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं धम्मं ॥५७॥

અર્થ:- શીયળ (બ્રહ્મચર્ય) એ કુળવાનનું (કુળનું) આભરણ છે, શીયળ જ ઉત્તમ રૂપ છે, શીયળ જ સાચું પાંડિત્ય છે અને શીયળ જ નિરૂપમ ધર્મ છે. (૫૭)

કુમિત્રનો સંગ વર્જવાનો ઉપદેશ.

वरं वाही वरं मच्चू, वरं दारिद्दसंगमो ।
वरं अरण्णवासो अ, मा कुमित्ताण संगमो ॥५८॥
अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गस्सिमे विग्घं, पहंमी तेणगे जहा ॥५९॥

અર્થ:- વ્યાધિ, મૃત્યુ અને દરિદ્રતાનો સંગમ થવો તેમજ (રણમાં કે) જંગલમાં વાસ કરવો એ શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રની સંગતિ કરવી તે સારી નથી, અર્થાત્ કુમિત્રની સંગતિનો પ્રસંગ આવે તો જંગલમાં ચાલ્યા જવું વગેરે પણ સારું છે. (૫૮)

તે રીતે અગીતાર્થ અને કુશીલિયા સાધુનો સંગ ત્રિવિધે કરીને તજી દેવો, કેમકે જેમ રસ્તામાં ચોર વિઘ્ન કરે, ધન લૂંટી લે તેમ તેઓ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા છે. (૫૯)

અગીતાર્થ અને કુશીલિયાનું મુખ ન જોવું.

उम्मग्गदेसणाए, चरणं नासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसा दट्ठुं ॥६०॥

અર્થ :- ઉન્માર્ગની દેશના દેવાથી નિશ્ચયે નાશ પામ્યું છે સમકિત જેઓનું એવા (અજ્ઞાની અને અસદાચારી) સાધુઓ શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા ચારિત્રનો નાશ કરે છે, માટે તેવાઓનું દર્શન પણ કરવું યોગ્ય નથી. (૬૦)

તેવાઓને બોધિ દુર્લભ હોય છે.

परिवारपूअहेऊ, ओसन्नाणं च आणुवित्तीए ।
चरणकरणं निगूहई, तं दुल्लहबोहिअं जाण ॥६१॥

અર્થ :- શિષ્ય પરિવારના લોભથી, માન-પૂજા મેળવવા માટે, અને અવસન્ન (ચારિત્રમાં શિથિલ) સાધુને અનુસરવા માટે જે પોતાના મૂળગુણ ઉત્તર ગુણરૂપ ચારિત્રને છુપાવે છે (દૂષિત કરે છે), તે સાધુને દુર્લભબોધિ સમજવો. અર્થાત્ તેને સમકિત પણ દુર્લભ થાય છે. (૬૧)

ઓસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષો આવે છે.

अंबस्स य निंबस्स य, दुण्हंपि समागयाइं मूलाइं ।
संसग्गेण विणट्ठो, अंबो निंबत्तणं पत्तो ॥६२॥

અર્થ :- આંબાનાં અને લીમડાનાં, બંનેનાં મૂળ જમીનમાં એકઠાં થયાં, તેમાં લીમડાના સંસર્ગથી વિનષ્ટ થયેલો આંબો લીમડાપણાને પામ્યો. અર્થાત્ દુર્જનની સોબતથી પ્રાયઃ સજ્જન દુર્જન થઈ જાય છે. (૬૨)

બીજા દૃષ્ટાંતથી એ વાત સમજાવે છે.

पक्कणकुले वसंतो, सउणीपारोवि गरहिओ होई ।
इय दंसणा सुविहिआ, मज्झि वसंता कुसीलाणं ॥६३॥

અર્થ :- ચંડાળના કુળને વિષે વસનારો શકુનીપારક (સ્નાન, સંધ્યા, પૂજા, હોમ, જાપ અને તર્પણ એ ષટ્-કર્મનો જાણકાર બ્રાહ્મણ) પણ નિંદાનું પાત્ર થાય છે. એ દૃષ્ટાંતથી સુવિહિત સદાચારી મુનિ પણ કુશીલિયાની ભેગા રહેવાથી નિંદા પામે છે. (૬૩)

ઉત્તમની સંગતિથી થતો લાભ.

उत्तमजणसंसग्गी, सीलदरिद्दंपि कुणई सीलड्ढं ।
जह मेरुगिरिविलग्गं, तणंपि कणगत्तणमुवेई ॥६४॥

અર્થ :- જેમ મેરૂપર્વત ઉપર ઊગેલું તૃણ પણ સુવર્ણપણાને પામે છે, તેમ ઉત્તમ જનની સંગતિ સદાચાર રહિત પુરુષને પણ સદાચારી બનાવે છે. (૬૪)

કુસંસર્ગથી મિથ્યાત્વી બનવાનો સંભવ જણાવીને મિથ્યાત્વ કેવું દુષ્ટ છે તે કહે છે.

नवि तं करेइ अग्गी, नेव विसं नेव किह्नसप्पो अ ।
जं कुणइ महादोसं, तिव्वं जीवस्स मिच्छत्तं ॥६५॥

અર્થ :- તીવ્ર મિથ્યાત્વ, જીવને જેટલો મહાન દોષ (દુઃખ) કરે છે, તેટલો દોષ (દુઃખ) અગ્નિ, વિષ અને કાળો સર્પ પણ કરતો નથી. (૬૫)

એક મિથ્યાત્વ છતે બીજું સર્વ નિરર્થક છે.

कट्ठं करेमि अप्पं, दमेसि अत्थं चएसि धम्मत्थं ।
इक्कं न चएसि मिच्छत्त-विसलवं जेण बुड्डिहिसि ।६६।।

અર્થ :- હે જીવ તું કાયાથી કષ્ટ કરે છે, આત્માને (મનને) દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને પણ ખર્ચે છે, છતાં ઝેરના બિંદુ જેવા એક મિથ્યાત્વને તજતો નથી તેથી સંસાર સમુદ્રમાં ડૂબીશ. (૬૬)

યતનાની પ્રાધાન્યતા.

जयणा य धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।
तववुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ।।६७।।

અર્થ :- જયણાથી ધર્મ પ્રગટે છે માટે તે ધર્મની માતા છે, જયણાથી ધર્મની રક્ષા થાય છે; માટે તે ધર્મનું પાલન કરનારી છે. જયણાથી ધર્મ વધે છે; માટે તે તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી પણ જયણા છે. અર્થાત્ જયણાથી બધાં સુખો પ્રગટે છે. (૬૭)

કષાયની દુષ્ટતા.

जं अज्जिअं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।
तं पि हु कसायमित्तो, हारेइ नरो मुहुत्तेणं ।।६८।।

અર્થ :- દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષો સુધી પણ કષ્ટે કરીને જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય, તેને માત્ર એક મુહૂર્તમાં કષાયને વશ થયેલો મનુષ્ય એક સાથે હારી જાય છે. (૬૮)

ચારે કષાયની દુષ્ટતાનું વર્ણન.

कोहो पीइं पणासेई, माणो विणयनासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥६९॥

અર્થ:– ક્રોધ પ્રીતિનો (સંપનો) નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રોનો નાશ કરે છે, અને લોભ સર્વનો વિનાશ કરે છે. (૬૯)

ક્ષમાનું સ્વરૂપ.

खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सव्वाइं ॥७०॥

અર્થ:– ક્ષમા સુખોનું મૂલ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ એવી ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુઃખોનું હરણ કરે છે અર્થાત્ બધી વિદ્યાઓ સાધવા કરતાં એક ક્ષમાની સાધના જ વધારે હિતકારી છે. (૭૦)

પાપસાધુ કોને કહેવાય?

सयं गेहं परिचज्ज, परगेहं च वावडे ।
निमित्तेण य ववहरई, पावसमणु त्ति वुच्चई ॥७१॥
दुद्धदहीविगईओ, आहारेई अभिक्खणं ।
न करेई तवोकम्मं, पावसमणु त्ति वुच्चई ॥७२॥

અર્થ:– જે પોતાના ઘરનો ત્યાગ કરીને પરઘરને જોયા કરે છે, પરનાં (શ્રાવકોનાં) ઘરોનું મમત્વ કરે છે

અને નિમિત્ત (ભૂત-ભવિષ્ય) કહીને જીવે છે, તે પાપ સાધુ કહેવાય છે. (૭૧)

વળી દૂધ, દહીં અને ઘૃતાદિક વિગઇઓને જે નિષ્કારણ વારંવાર વાપરે અને તપકર્મ (સાધુતાની સાધના) ન કરે, તેને પાપશ્રમણ કહેવામાં આવે છે. (૭૨)

પાંચ પ્રમાદનાં નામો તથા તેનું ફળ.

मज्जं विसयकसाया, निद्दा विकहा य पंचमी भणिया ।
ए ए पंच पमाया, जीवं पाडेंति संसारे ॥७३॥

અર્થ :- સુરાપાન અથવા આઠ પ્રકારનો મદ, વિષયોનું સેવન, કષાયો, નિદ્રા અને પાંચમી વિકથા એ પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે ડૂબાડે છે. (૭૩)

નિદ્રાથી થતી હાનિ.

जइ चउदसपुव्वधरो, वसई निगोएसुऽणंतयं कालं ।
निद्दापमायवसओ, ता होहिसि कह तुमं जीव ! ॥७४॥

અર્થ :- જો એક નિદ્રારૂપ પ્રમાદના વશથી ચૌદ પૂર્વધર જેવા પણ નિગોદને વિષે અનંતો કાળ રહે છે, તો હે જીવ! તારું શું થશે? અર્થાત્ તું જો પ્રમાદને વશ પડ્યો તો સંસારથી છૂટી શકીશ નહિ. (૭૪)

જ્ઞાન અને ક્રિયાની સાપેક્ષતા

हयं नाणं कियाहीणं, हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधओ ॥७५॥

संजोगसिद्धिइ फलं वयंति, न हु एगचक्केण रहो पयाई।
अंधो य पंगू य वणे समिच्चा, ते संप(णट्ठा)उत्ता नगरं पविट्ठा ।७६।

અર્થ:–ક્રિયાહીન જે જ્ઞાન છે તે નિષ્ફળ છે અને અજ્ઞાનપણાથી કરેલી ક્રિયા પણ નિષ્ફળ છે. અર્થાત્ જ્ઞાન-વડે શુભાશુભ–કૃત્યાકૃત્ય ભાવો જાણે છે, પરંતુ જો શુભ-ક્રિયા કરતો નથી, અથવા ક્રિયા કરવા છતાં તેનું રહસ્ય સમજતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. અહીં દૃષ્ટાંત કહે છે કે વનમાં દાવાનળ દેખવા છતાં પાંગળો નહિ ચાલવાથી દાઝચો, અને દોડવા છતાં આંધળો નહિ દેખવાથી દાઝચો. (૭૫)

પંડિત પુરુષો જ્ઞાન અને ક્રિયાના સંચોગથી કાર્યની સિદ્ધિ માને છે, એટલે અહીં પણ જ્ઞાનપૂર્વકની ક્રિયાવડે જ મુક્તિરૂપ ફલની પ્રાપ્તિ થાય છે, કારણ કે રથ એક પૈડે કરીને ચાલતો નથી, પણ બે પૈડાવડે જ ચાલી શકે છે. અહીં દૃષ્ટાંત કહે છે. આંધળો અને પાંગળો વનને વિષે પરસ્પર સહાયક બનીને નાઠા, તેથી નગરમાં પહોંચ્યા અર્થાત્ આંધળાયે પાંગળાને ઉપાડ્યો અને પાંગળાએ આંધળાને રસ્તો સમજાવ્યો, એમ બંને દાવાનળથી બચ્યા. (૭૬)

ચારિત્ર વગરનું ઘણું પણ જ્ઞાન નકામું છે.

सुबहुंपि सुअमहीअं, किं काही चरणविप्पहीणस्स ।
अंधस्स जह पलित्ता, दिवसयसहस्सकोडीओ ॥७७॥

અર્થ:-જેમ સળગાવેલા ક્રોડો દીવાઓ પણ અંધને કાંઇ પ્રકાશ આપી શકતા નથી, તેમ ચારિત્ર રહિત આત્માને

તેણે ઘણું ઘણું જ્ઞાન મેળવ્યું હોય, તો પણ તે કંઈપણ (લાભ) કરી શકતું નથી. (૭૭)

સદાચારીને થોડું પણ જ્ઞાન ઘણો ઉપકાર કરે છે.

अप्पंपि सुअमहीअं, पयासगं होई चरणजुत्तस्स ।
इक्कोवि जह पईवो, सचक्खुअस्स पयासेई ॥७८॥

અર્થ :-જેમ દેખતા મનુષ્યને માત્ર એક દીપક પણ પ્રકાશ આપે છે, તેમ ચારિત્રયુક્ત પુરુષનો થોડો પણ શ્રુતાભ્યાસ આત્મામાં પ્રકાશ કરે છે. (૭૮)

શ્રાવકની અગિયાર પડિમાઓનાં નામ.

दंसण वय सामाइय, पोसह पडिमा अबंभ सच्चित्ते ।
आरंभ पेस उद्दिट्ठ-वज्जए समणभूए अ ॥७९॥

અર્થ :-૧. સમકિતપ્રતિમા, ૨. વ્રતપ્રતિમા, ૩. સામાયિકપ્રતિમા, ૪. પૌષધપ્રતિમા, ૫. કાયોત્સર્ગપ્રતિમા, ૬. અબ્રહ્મવર્જનપ્રતિમા, ૭. સચિત્તવર્જનપ્રતિમા, ૮. આરંભવર્જનપ્રતિમા, ૯. પ્રેષ્યવર્જનપ્રતિમા, ૧૦. ઉદ્દિષ્ટ-વર્જનપ્રતિમા અને ૧૧. શ્રમણભૂતપ્રતિમા. એમ ઉત્તમ શ્રાવકને એ અગિયાર પડિમાઓ (અભિગ્રહો) કહેલા છે. (૭૯)

શ્રાવક કોને કહેવાય ?

संपत्तदंसणाई, पईदियहं जइजणाओ निसुणेई ।
सामायारिं परमं, जो खलु तं सावगं बिंति ॥८०॥

અર્થ :–પ્રાપ્ત કર્યું છે સમકિત વગેરે જેણે એવો, અથવા સંપૂર્ણ થઈ છે ઉપર જણાવી તે સમકિત વગેરે પ્રતિમાઓ જેને એવો, તથા પ્રતિદિવસ મુનિઓની પાસે શ્રેષ્ઠ એવું સદાચારનું સ્વરૂપ જે સાંભળતો હોય, સમજતો હોય, નિશ્ચય તે પુરુષને ભગવંત 'શ્રાવક' કહે છે. (૮૦)

ચારિત્ર વગરનું જ્ઞાન ભારભૂત છે.

जहा खरो चंदणभारवाही, भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो, भारस्स भागी न हु सुग्गईए ।८१।

અર્થ :–ચંદનનાં લાકડાંને ઉપાડનારો ગધેડો તેની સુગંધનો સ્વાદ લઈ શકતો નથી, માત્ર ભાર ઉપાડે છે, તેમ ચારિત્ર વિનાનો પુરુષ જ્ઞાની છતાં (જ્ઞાનના ફળરૂપ) સદ્ગતિને પામી શકતો નથી. અર્થાત્ તેનું જ્ઞાન માત્ર ભારભૂત છે-નિષ્ફળ છે. (૮૧)

સ્ત્રીસેવનથી કેટલી હિંસાનો સંભવ છે.

तहिं पंचिंदिआ जीवा, इत्थीजोणीनिवासिणो ।
मणुआणं नवलक्खा, सव्वे पासेई केवली ॥८२॥

इत्थीणं जोणीसु, हवंति बेइंदिया य जे जीवा ।
इक्को य दुन्नि तिन्निवि, लक्खपुहुत्तं तु उक्कोसं ॥८३॥

पुरिसेण सहगयाए, तेसिं जीवाण होइ उद्दवणं ।
वेणुअदिट्ठंतेणं, तत्ताइ(य)सिलागनाएणं ॥८४॥

અર્થ:-સ્ત્રીઓની યોનિમાં નવ લાખ પંચેન્દ્રિય (ગર્ભજ) મનુષ્ય જીવો ઉપજે છે, તેઓને કેવલજ્ઞાની જ્ઞાનથી દેખી શકે છે. અર્થાત્ છદ્મસ્થ તેને જોઈ શકે નહિ તેવા હોય છે. (૮૨)

વળી સ્ત્રીઓની યોનિને વિષે જે બેઈન્દ્રિય જીવો ઉપજે છે, તે જઘન્યથી એક, બે, ત્રણ, અથવા ઉત્કૃષ્ટથી બે લાખથી નવ લાખ પણ હોય છે. (૮૩)

જેમ (રૂથી ભરેલી) ભુંગળીમાં તપાવેલી (લોખંડની) સળી નાખતાં જ બધું રૂ બળી જાય, તેમ સ્ત્રીનો પુરુષની સાથે સંયોગ થવાથી તે (૮૨-૮૩ ગાથામાં જણાવેલા) સર્વ જીવોનો નાશ થાય છે. (૮૪)

સંમૂર્છિમ જીવો કેટલા હોય ?

इत्थीण जोणिमज्झे, गब्भगयाइं हवंति जे जीवा ।
उप्पज्जंति चयंति य, समुच्छिमा असंखया भणिया ॥८५॥

અર્થ:-સ્ત્રીની યોનિને વિષે ગર્ભાશયમાં જે સંમૂર્છિમ જીવો હોય છે તે (અંતર્મુહૂર્તમાં) અસંખ્યાતા ઉપજે છે અને મરે છે. (૮૫)

મૈથુનમાં થતી જીવહિંસા જિનેશ્વરદેવોએ કહેલી છે.

मेहुणसन्नारूढो, नवलक्ख हणेइ सुहुमजीवाणं ।
तित्थयरेणं भणियं, सद्दहियव्वं पयत्तेणं ॥८६॥

અર્થ:-મૈથુનસંજ્ઞાને વિષે આરૂઢ થએલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને (મનુષ્યોને) હણે છે, એ પ્રમાણે શ્રી તીર્થંકરદેવે કહ્યું છે તે શ્રદ્ધાથી માન્ય કરવું. (૮૬)

નોંધઃ-શાસ્ત્રમાં કહેલું છે કે-એક જ વખતના મૈથુન સેવનથી સ્ત્રીની યોનિમાં નવલાખ ગર્ભજ અને અસંખ્યાતા સંમૂર્છિમ મનુષ્યો તથા લાખો બેઈન્દ્રિય જીવો ઊપજે છે, તેમાંથી એક યા બે ગર્ભજ મનુષ્યો ગર્ભરૂપે કોઇ વખત જ જીવતાં રહી જંન્મ લઈ શકે છે, બાકીના બધા ગર્ભજ સંમૂર્છિમ મનુષ્યો તથા બેઈન્દ્રિય જીવોનો નાશ થાય છે.

શ્રી પન્નવણાસૂત્રની સાક્ષી.

असंखया थीनरमेहुणाओ, मुच्छंति पंचिंदिय माणुसाओ ।
निसेसअंगाणविभत्तिचंगे, भणई जिणो पन्नवणाउवंगे ॥८७॥

અર્થ:-સ્ત્રી અને પુરુષના એક વખતના સંયોગથી અસંખ્યાતા સંમૂર્છિમ પંચેંદ્રિય મનુષ્યો ઉત્પન્ન થાય છે. એમ સર્વ અંગસૂત્રોના અર્થનું જેમાં વિવરણ છે તે ઉત્તમ શ્રી પન્નવણા ઉપાંગને વિષે શ્રીજિનેશ્વર ભગવંતે કહ્યું છે. (૮૭)

દારૂ, મધ, માંસ અને માખણ એ ચારમાં ઉત્પન્ન થતા જીવોનું વર્ણન.

मज्जे महुंमि मंसंमि, नवणीयंमि चउत्थए ।
उप्पज्जंति असंखा, तव्वन्ना तत्थ जंतुणो ॥८८॥

અર્થ :- મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તેના વર્ણ સરખા વર્ણ (રંગ) ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. (૮૮)

નોંધ :-વર્તમાનમાં માખણ તથા બેરાત્રિ ઉપરના દહીંમાં પ્રત્યક્ષ ઘણા જ જીવો હોય છે, એમ યંત્ર (માઈક્રોસ્કોપ)થી પણ પુરવાર થયું છે.

માંસની દરેક અવસ્થામાં જીવોની સતત ઉત્પત્તિ થાય છે.

आमासु अ पक्कासु अ, विपच्चमाणासु मंसपेसीसु ।
सययं चिय उववाओ, भणिओ अ निगोअ जीवाणं ॥८५॥

અર્થ:-કાચા, પકાવેલા, કે પકાવાતા (રંધાતા) માંસના ટુકડાઓમાં સતત નિગોદ (અનંતકાય) જીવોની ઉત્પત્તિ થાય છે, એમ કહેલું છે. (૮૯)

નોંધ:-પાણીમાં લીલ, કે પાપડમાં ફુગની માફક માંસમાં તુરત જ તદ્વર્ણી નિગોદ (અનંતકાય) ઉત્પન્ન થાય છે, તે કાચું હોય કે રંધાયેલું હોય પણ જીવોની ઉત્પત્તિ ચાલુ જ રહે છે તે સિવાય તેના રસથી ઉત્પન્ન થતા બીજા ત્રસજીવો પણ તેમાં હોય છે, એમ અનંતકાય અને અતિસૂક્ષ્મ ત્રસજીવોથી માંસ ભરપૂર હોય છે.

વ્રત (પ્રતિજ્ઞા) ભાંગવાથી કેટલું મોટું પાપ બંધાય છે.

आजम्मं जं पावं, बंधइ मिच्छत्तसंजुओ कोई ।
वयभंगं काउमणो, बंधइ तं चेव अट्ठगुणं ॥९०॥

અર્થ:- કોઈ મિથ્યાત્વી જીવ જન્મથી આરંભીને મરણ પર્યંત જેટલું પાપ બાંધે છે, તે કરતાં આઠગણું પાપ વ્રત ભંગ કરવાની ઇચ્છા કરનાર સાધુ બાંધે છે. (૯૦)

સાધુને બ્રહ્મચર્યના ખંડનથી કેટલું પાપ લાગે?

सयसहस्साण नारीणं, पिट्टं फाडेइ निग्घिणो ।
सत्तट्ठमासिए गब्भे, तप्फडंते निकंतइ ॥९१॥

तं तस्स जत्तियं पावं, तं नवगुणियमेलियं हुज्जा ।
एगित्थियजोगेणं, साहू बंधिज्ज मेहूणओ ॥९२॥

અર્થ :–નિર્દયતાથી એક લાખ ગર્ભવતી સ્ત્રીઓનાં પેટ ફાડનારો નિર્દય મનુષ્ય તેમાંથી નીકળેલા તે સાત–આઠ મહિનાના તડફડતા ગર્ભોનો નાશ કરે. (૯૧)

તેનું તેને જેટલું પાપ લાગે તેને નવગણું કરીને તેની સાથે મેળવતાં (અર્થાત્ દશગણું) જેટલું થાય તેટલું પાપ એક સ્ત્રીના સંયોગથી મૈથુન દ્વારા સાધુ બાંધે. (૯૨)

કેવા ગુરુ પાસે 'સમકિત–વ્રત' વગેરે ધર્મ, કે પ્રાયશ્ચિત્ત વગેરે ગ્રહણ કરવું. ?

अक्खंडियचारित्तो, वयधारी जो व होइ गिहत्थो ।
तस्स सगासे दंसण–वयगहणं सोहिकरणं च ॥९३॥

અર્થ :–અખંડ ચારિત્રવંત (ગીતાર્થ) ગુરુ, અથવા તેવા ગુરુનો યોગ ન મળે તો વ્રતધારી (તથા શાસ્ત્રોનો જાણ એવો જે) ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત વગેરે, અને પ્રાયશ્ચિત્ત અંગીકાર કરવું. (૯૩)

પૃથ્વીકાય વગેરે સ્થાવર જીવોનાં બારીક શરીર.

अद्दामलयप्पमाणे, पुढवीकाए हवंति जे जीवा ।
ते पारेवयमित्ता, जंबूदीवे न मायंति ॥९४॥
एगंमि उदगबिंदुंमि, जे जीवा जिणवरेहिं पन्नता ।
ते जइ सरिसवमित्ता, जंबूदीवे न मायंति ॥९५॥

बरंटतंदुलमित्ता, तेउक्काए हवंति जे जीवा ।
ते जइ खसखसमित्ता जंबूदीवे न मायंति ॥९६॥
जे लिंबपत्तमित्ता, वाऊकाए हवंति उ जीवा ।
ते मत्थयलिक्खमित्ता, जंबूदीवे न मायंति ॥९७॥

અર્થ :–લીલા આમળાના પ્રમાણ જેટલા પૃથ્વીકાયના સમૂહમાં જે જીવો રહેલા છે, તે દરેકનું શરીર પારેવા જેવડું થાય તો તે આખા જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૪)

શ્રી જિનેશ્વરોએ પાણીના એક બિંદુમાં જે જીવો કહ્યા છે, તે દરેક જો સરસવ જેવડા શરીરવાળા હોય તો જંબૂદ્વીપમાં સમાય નહીં (૯૫)

બંટીના તાંદળા (તંદુલ)ના એક દાણા જેવડા અગ્નિ (તણખા)માં જે અગ્નિકાય જીવો હોય, તે દરેક જો ખસખસ જેવડા શરીરવાળા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૬)

લીમડાનું એક પાંદડું જેટલી જગ્યા રોકે તેટલી જગ્યામાં જે વાયુકાય જીવો હોય તે દરેક માથાની લીખ જેવડા શરીરવાળા થાય તો જંબૂદ્વીપમાં સમાય નહીં. (૯૭)

શિથિલાચારીઓની સાથે રહેલો ઉત્તમ સાધુ પણ અવંદનીય છે.

असुइट्ठाणे पडिआ, चंपकमाला न कीरइ सीसे ।
पासत्थाई ठाणेसु, वट्टमाणो तह अपुज्जो ॥९८॥

અર્થ :–અપવિત્ર જગ્યામાં પડેલી ચંપાના પુષ્પોની માળા પણ જેમ મસ્તકે ચઢાવવા યોગ્ય નથી, તેમ પાસ-

ત્થાદિક કુસાધુઓની નિશ્રામાં વર્તતો-રહેતો એવો ઉત્તમ મુનિ પણ અપૂજ્ય છે-પૂજવા યોગ્ય નથી. (૯૮)

જ્ઞાનીની આત્મશુદ્ધિ વધુ થાય છે.

छट्ठट्ठमदसमदुवालसेहिं, मासद्धमासखमणेहिं ।
इत्तो उ अणेगगुणा, सोही जिमियस्स नाणिस्स ॥९९॥
जं अन्नाणी कम्मं, खवेइ बहुआहि वासकोडीहिं ।
तन्नाणी तिहि गुत्तो, खवेइ उस्सासमित्तेणं ॥१००॥

અર્થ :-છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ અને માસખમણ જેવો (આકરો) તપ કરવાથી (અજ્ઞાનીને) જે નિર્જરા-આત્મશુદ્ધિ થાય છે, તેથી અનેકગણી નિર્જરા (શુદ્ધિ, વિના ઉપવાસે) જમવા છતાં જ્ઞાની કરી શકે છે. (૯૯)

કરોડો વર્ષોમાં અજ્ઞાની જેટલાં કર્મોને ખપાવે છે, તેટલાં કર્મોને મન-વચન અને કાયાને વશ કરી ત્રણ ગુપ્તિને પાળનારો જ્ઞાની માત્ર એક શ્વાસોશ્વાસમાં ખપાવે છે. (૧૦૦)

દેવદ્રવ્યની મહત્તા અને તેની રક્ષા વગેરેનું ફળ.

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥१०१॥
जिणपवयणवुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं ।
भक्खंतो जिणदव्वं, अणंतसंसारिओ होई ॥१०२॥
भक्खेइ जो उवेक्खेइ, जिणदव्वं तु सावओ ।
पन्नाहीणो भवे जीवो, लिप्पइ पावकम्मुणा ॥१०३॥

અર્થ :–દેવદ્રવ્યથી પ્રતિમાઓ–મંદીરો બનાવી શકાય, તેની સંભાળ–મહાપૂજા–સત્કાર વગેરે કરી શકાય, ત્યાં આવનાર સાધુઓનો ઉપદેશ સાંભળી શકાય અને બીજી પણ અનેક પ્રકારની શાસનની ઉન્નતિ થાય, એવા જ્ઞાન–દર્શન અને ચારિત્ર રૂપ ગુણોની પ્રભાવના કરનારા દેવદ્રવ્યનું રક્ષણ કરનારો જીવ તીર્થંકરપણું પામે છે. ભવિષ્યમાં તીર્થંકર થાય છે. (૧૦૧)

ઉપર જણાવ્યું તેમ જૈનશાસનની વૃદ્ધિ કરનારા અને જ્ઞાનાદિ ગુણોની પ્રભાવના કરનારા એવા દેવદ્રવ્યનું ભક્ષણ કરનારો જીવ અનંતસંસારી થાય છે. અનંતકાળ સંસારનાં દુઃખોથી પીડાય છે. (૧૦૨)

જે શ્રાવક ઉપર જણાવ્યું તેવા ઉપકારી દેવદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા તેનો નાશ થતો હોય ત્યારે ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા (બુદ્ધિ) હીન થાય અને પાપકર્મોથી લેપાય, ઘણાં દુષ્ટ કર્મોને બાંધે. (૧૦૩)

ચાર મોટાં પાપો અને તેનું ફળ.

चेइअदव्वविणासे, इसिघाए पवयणस्सउड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥१०४॥

અર્થ :–ઉપર કહ્યું તે દેવદ્રવ્યનો વિનાશ કરવાથી, મુનિનો ઘાત કરવાથી, જૈન શાસનનો–પ્રવચનનો ઉડ્ડાહ (અપકીર્તિ) કરવાથી અને સાધ્વીના ચતુર્થ વ્રતનો (બ્રહ્મચર્યનો) ભંગ કરવાથી તે જીવને સમકિતના લાભ (રૂપ વૃક્ષ)ના મૂળમાં અંગારો મૂકાય છે. (૧૦૪)

શ્રી જિનેશ્વરની પૂજા કરવાની ભાવનાથી પણ મોટો લાભ છે.

सुव्वइ दुग्गयनारी, जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।
पूआपणिहाणेणं, उप्पन्ना तियसलोगंमि ॥१०५॥

અર્થ:-એમ સંભળાય છે કે, દરિદ્રી એવી એક સ્રી સિંદુવારના (નગોડના) પુષ્પોવડે પ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી-એકાગ્રતાથી (પણ) દેવલોકને વિષે ઉત્પન્ન થઈ.(૧૦૫)

જિનપૂજાના આઠ પ્રકારો.

वरगंधपुप्फअक्खय-पईवफलधूवनीरपत्तेहिं ।
नेविज्जविहाणेण य, जिणपूआ अट्ठहा भणिया ॥१०६॥

અર્થ :-૧. શ્રેષ્ઠ સુગંધિમાન (વાસ-કસ્તુરી વગેરે) ચૂર્ણો, ૨. સુગંધવાળાં ઉત્તમ જાતિનાં પુષ્પો, ૩. ઉત્તમ જાતિના અક્ષત, ૪. તાજા ઘીનો દીપક, ૫ શ્રેષ્ઠ તાજાં ફળો, ૬. દશાંગાદિ ઉત્તમ ધૂપ, ૭. જળથી ભરેલાં પાત્રો (જળ ભરેલો કુંભ) અને ૮. શ્રેષ્ઠ નૈવેદ્યો, એમ આઠ પ્રકારથી શ્રી જિનપૂજા કહેલી છે. (આ સિવાય પણ પાંચ પ્રકારી, એકવીસ પ્રકારી, સત્તર પ્રકારી વગેરે ઘણી રીતે પૂજાના પ્રકારો કહેલા છે. (૧૦૬)

શ્રી જિનપૂજનનું ફળ.

उवसमइ दूरियवग्गं, हरइ दुहं कुणइ सयलसुक्खाइं ।
चिंताईयंपि फलं, साहइ पूआ जिणिंदाणं ॥१०७॥

અર્થ :-શ્રી જિનેશ્વરની પૂજા, પૂજા કરનારના પાપના સમૂહનો નાશ કરે છે, સઘળાં દુઃખોને હરે છે, સઘળી

જાતિના સુખો આપે છે, અને અંતે ચિંતવ્યું પણ ન હોય તેવું સર્વોત્કૃષ્ટ (મોક્ષરૂપી) ફળ આપે છે. (૧૦૭)

જેઓ પ્રભુપૂજામાં હિંસા માની નિષેધ કરે છે. તેમને દૃષ્ટાંત પૂર્વક 'શ્રાવકને દ્રવ્યપૂજા કરવાથી લાભ થાય છે' તે સમજાવે છે.

अकसिणपवत्तगाणं, विरयाविरयाण. एस खलू जुत्तो ।
संसारपयणुकरणे, दव्वत्थए कूवदिट्ठंतो ॥१०८॥

અર્થ :-સંપૂર્ણ રીતે ધર્મકાર્ય-વિરતિ નહિ કરી શકનારા એવા જે દેશવિરતિ શ્રાવકો, તેમને સંસાર ટૂંકો કરવાને અર્થે દ્રવ્યપૂજન કરણીય છે. તેને અંગે કૂવાનું દૃષ્ટાંત જાણવું કૂવો ખોદતાં થાક, તૃષા અને માટી-કાદવ લાગવા છતાં તેમાંથી પાણી નીકળતાં તે બધું દૂર કરી શકાય છે અને પછી હંમેશનો લાભ મળે છે, તેમ દ્રવ્ય-પૂજનમાં જે હિંસાદિ પાપ થાય છે, તે પ્રભુપૂજનથી આત્મામાં પ્રગટ થતા શુભ ભાવોથી નાશ પામે છે, ઉપરાંત પૂર્વોપાર્જિત (ગૃહસ્થપણાના આરંભનાં વગેરે) પાપો પણ નાશ પામે છે અને શુભ (પુન્યાનુબંધી) પુન્યનો સંચય થાય છે. (૧૦૮)

ગુરુવંદનનું ફળ દૃષ્ટાંત સાથે.

तित्थयरत्तं सम्मत्त-खाइयं सत्तमीइ तईयाए ।
साहुण वंदणेणं, बद्धं च दसारसीहेणं ॥१०९॥

અર્થ:- ૧૮૦૦૦ સાધુઓને વિધિપૂર્વક વંદન કરવાથી શ્રીકૃષ્ણ વાસુદેવે તીર્થંકરપણું, ક્ષાયિક સમકિત અને સાતમી નરકના બદલે ત્રીજીના આયુષ્યનો બંધ, એ ત્રણ લાભો મેળવ્યા. (૧૦૯)

થોડા પણ કષાયનો વિશ્વાસ ન કરાય.

अणथोवं वणथोवं, अग्गीथोवं च कसायथोवं च।
न हु मे विससिअव्वं, थोवंपि हु तं बहु होई ॥११०॥

અર્થ:-દેવું થોડું હોય, વ્રણ થોડું હોય, અગ્નિ થોડો હોય. અને કષાય થોડો હોય તો પણ હે જીવ! તેનો વિશ્વાસ ન કરવો, કેમકે તે અલ્પ હોય છે તો પણ સહજ નિમિત્ત મળતાં વધી જાય છે. (અને ઘણી હાનિ પહોંચાડે છે.) (૧૧૦)

મિચ્છામિ દુક્કડંનું સ્વરૂપ.

जं दुक्कडंति मिच्छा, तं भुज्जो कारणं अपूरंतो ।
तिविहेण पडिक्कंतो, तस्स खलु दुकडं मिच्छा ॥१११॥

जं दुक्कडंति मिच्छा, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानिअडीपसंगो अ ॥११२॥

અર્થ:-જે દુષ્કૃતને-પાપને મિથ્યા કરે, નિંદા કરે અને તેનાં કારણોને ફરીને સેવે નહિ, એમ મન-વચન અને કાયાથી તે પાપની આલોચના કરનાર હોય, નિશ્ચયથી તેનું 'મિથ્યાદુષ્કૃત' કહેવાય છે. (૧૧૧)

જે દુષ્કૃતને-પાપને મિથ્યા કરે, તે જ પાપનાં કારણોને ફરીને સેવે, (તે પાપને પુનઃ કરે), તે પ્રત્યક્ષ મૃષાવાદી છે અને માયાકપટ સેવવાના સ્વભાવવાળો છે. (૧૧૨)

'મિચ્છામિ દુક્કડં' એ છ અક્ષરોનો અર્થ.

'मि'त्ति मिउमद्दवत्ते, 'छ'त्ति उ दोसाण छायणे होई ।
'मि'त्ति य मेराइ ठिओ, 'दु'त्ति दुगुंछामि अप्पाणं ॥११३॥
'क'त्ति कडं मे पावं, 'ड'त्ति य डेवेमि तं उवसमेणं ।
एसो मिच्छामिदुक्कडं–पयक्खरत्थो समासेणं ॥११४॥

અર્થઃ–'મિચ્છામિ દુક્કડં' માં 'मि' એટલે મૃદુ કાયાથી નમ્ર અને ભાવથી લઘુતા કેળવીને, 'च्छा' એટલે લાગેલા દોષોનું છાદન કરવા માટે, ત્રીજો અક્ષર 'मि' એટલે મર્યાદામાં (ચારિત્રાચારમાં) પુનઃસ્થિર બનીને, 'दु' એટલે મારા (પાપ કરનાર પૂર્વ પર્યાયરૂપ) આત્માની નિંદા કરવાપૂર્વક 'क' એટલ મેં કરેલું પાપ, તેને 'ड' એટલે ઉપશમ દ્વારા (હવે એવું પાપ નહિ કરવાનો નિશ્ચય કરીને) હું 'ડયન' ઉલ્લંઘનં કરું છું–તે પાપથી દૂર થાઉં છું. એમ 'મિચ્છામિ દુક્કડં' પદનો અર્થ ટૂંકમાં છ અક્ષરોના અર્થથી સમજવો. (૧૧૩–૧૧૪)

તીર્થના પ્રકારો.

नामं ठवणा तित्थं, दव्वं तित्थं च भावतित्थं च ।
इक्किकं पि य इत्तो, णेगविहं होइ नायव्वं ॥११५॥

અર્થ :-નામતીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ અને ભાવતીર્થ. એ પ્રમાણે તીર્થના મુખ્ય ચાર ભેદો છે. તે એકેકના પણ અનેક પ્રકારો છે એમ સમજવું. (૧૧૫)

દ્રવ્યતીર્થની વ્યાખ્યા.

दाहोवसमं तह्णाइ, छेयणं मलप्पवाहणं चेव ।
तिहि अत्थेहि निउत्तं, तम्हा तं दव्वओतित्थं ॥११६॥

અર્થ :-દાહને શાન્ત કરવો, તૃષાને છેદવી અને મેલને ટાળવો, એ ત્રણ અર્થોથી યુક્ત હોવાથી, અર્થાત્ એ ત્રણ કાર્યો કરનાર હોવાથી તેને 'દ્રવ્યતીર્થ' કહેવાય છે. (૧૧૬)

એ જ અર્થમાં ભાવતીર્થનું સ્વરૂપ.

कोहंमि उ निग्गहिए, दाहस्सुवसामणं हवइ तित्थं ।
लोहंमि उ निग्गहिए, तह्णाए छेयणं होई ॥११७॥
अट्ठविहं कम्मरयं, बहुभवेहिं उ संचियं जम्हा ।
तवसंजमेण धोवइ, तम्हा तं भावओ तित्थं ॥११८॥

અર્થ :-જેનાથી ક્રોધનો નિગ્રહ કરવારૂપ અંતરના દાહનો ઉપશમ થાય તે તીર્થ કહેવાય, જેનાથી લોભનો નિગ્રહ કરવારૂપ તૃષ્ણાનો છેદ થાય તે તીર્થ કહેવાય, અને ઘણા ભવોનાં એકઠાં કરેલાં આઠ પ્રકારનાં કર્મોરૂપ રજ તપ અને સંયમે કરીને ધોવાઈ જાય-દૂર થાય, તેથી તેને ભાવતીર્થ કહીએ. અર્થાત્ જળાશયો દ્રવ્યતીર્થ છે. અને તપ-સંયમરૂપ ધર્મ એ ભાવતીર્થ છે. (૧૧૭-૧૧૮)

એ ભાવતીર્થનો બીજો પર્યાય.

दंसणनाणचरित्ते, सुनिउत्तं जिणवरेहिं सव्वेहिं ।
एएण होइ तित्थं, एसो अन्नोवि पज्जाओ ॥११९॥

અર્થ:-સર્વ શ્રી જિનેશ્વરોએ જ્ઞાન. દર્શન અને ચારિત્રને વિષે તીર્થ સ્થાપેલું છે એ કારણથી તે જ્ઞાન, દર્શન અને ચારિત્ર પણ તીર્થ કહેવાય, એ તીર્થ શબ્દનો બીજો પર્યાય (અર્થ) પણ જાણવો. (૧૧૯)

સમતાનો ઉપાય.

सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु अ, निमित्तमित्तं परो होइ ॥१२०॥
धारिज्जइ इंतो जल–निही वि कल्लोलभिन्नकुलसेलो ।
न हु अन्नजम्मनिम्मिय, सुहासुहो कम्मपरिणामो ॥१२१॥
अकयं को परिभुंजइ, सकयं नासिज्ज कस्स किर कम्मं ।
सकयमणुभुंजमाणो, कीस जणो दुम्मणो होई ॥१२२॥

અર્થ:-સર્વ લોક (જીવો) પૂર્વભવે કરેલાં કર્મોનાં જ ફળ ભોગવે છે, અપરાધોમાં અને ગુણોમાં (દુઃખ–સુખમાં) બીજો તો નિમિત્ત માત્ર જ હોય છે. અર્થાત્ પોતાના તેવા કર્મવિપાક વિના બીજો કંઈ સારું ખોટું કરી શકતો નથી. (૧૨૦)

પાણીનાં મોટાં મોજાથી કાંઠાના પર્વતોને પણ જેણે ભેદી નાંખ્યા છે એવા સમુદ્રને સામેથી આવતો રોકી

શકાય, પણ અન્ય ભવોમાં કરેલા શુભાશુભ કર્મના પરિણામ ઉદયમાં આવે તેને કદાપિ રોકી ન શકાય. (૧૨૧)

પોતે ન કરેલાં કર્મ કોણ ભોગવે ? અર્થાત્ ન ભોગવે અને વિના ભોગવે પોતે કરેલાં કર્મ કોનાં નાશ પામે છે ? અર્થાત્ કોઇના નાશ પામતાં નથી, તો પછી પોતાનાં કરેલાં કર્મને ભોગવતો પ્રાણી શા માટે દુઃખી મનવાળો થાય, દુર્ધ્યાન શા માટે કરે ? અર્થાત્ સમતાથી ભોગવતાં છૂટી જવાય છે, અને દુર્ધ્યાનથી નવાં બંધાય છે, એમ કર્મનું સ્વરૂપ સમજીને જીવે સમતા કેળવવા ઉદ્યમ કરવો. (૧૨૨)

એ સમતારૂપ પૌષધનું ફળ.

पोसेइ सुहे भावे, असुहाइ खवेइ नत्थि संदेहो ।
छिंदइ नरयतिरियगइ, पोसहविहिअप्पमत्तो य ॥१२३॥

અર્થ :-(ઉપર જણાવ્યા પ્રમાણે સમતારૂપ) પૌષધ કરવાથી અપ્રમત્ત—અપ્રમાદી એવો જીવ શુભભાવોનું પોતાના જ્ઞાનાદિ ગુણોનું પોષણ કરે છે, અશુભનો (મોહાદિનો) ક્ષય કરે છે અને નરક—તિર્યંચની દુર્ગતિનો છેદ કરે છે, ત્યાં ઉપજતો નથી, એમાં સંદેહ નથી (૧૨૩)

દરેક કાર્યમાં વિધિના આદરવાળો પુરુષ ધન્ય છે.

धन्नाणं विहिजोगो, विहिपक्खाराहगा सया धन्ना ।
विहिबहुमाणा धन्ना, विहिपक्खअदूसगा धन्ना ॥१२४॥

અર્થ :-વિધિનો યોગ મહા ધન્ય પુરુષોને થાય છે, વિધિ ન પાળી શકે તો પણ તેનો પક્ષ કરનારા પુરુષો પણ સદા ધન્ય છે, પક્ષ ન કરી શકે તો પણ જેના હૃદયમાં વિધિપ્રત્યેનું બહુમાન છે તે પણ ધન્ય છે, અને બહુમાન પણ ન હોય તથાપિ જે વિધિના પક્ષની નિંદા વગેરે કરી તેને વગોવતા નથી–દૂષિત કરતા નથી તે પણ ધન્ય છે (અર્થાત્ અવિધિનો પક્ષ છૂટે ત્યારથી જીવનો વિકાસ થાય છે) (૧૨૪)

ગ્રંથ ભણવાનું ફળ જણાવી ઉપસંહાર.

संवेगमणो संबोह–सत्तरिं जो पढेइ भव्वजिवो ।
सिरिजयसेहरठाणं, सो लहइ नत्थि संदेहो ॥१२५॥

અર્થ :–જેનું મન સંવેગથી રંગાયેલું છે, તેવો જે ભવ્ય જીવ આ 'સંબોધસત્તરી' પ્રકરણને ભણે છે, નિઃસંદેહ તે શ્રીજયશેખર (જ્યાં આત્મલક્ષ્મીનો સંપૂર્ણ જય છે તે મોક્ષરૂપી) સ્થાનને પામે છે. અહીં ' જયશેખર ' શબ્દથી કર્તાએ પોતાના ગુરુનું નામ સૂચવ્યું છે (એમ પૂર્વે અર્થ કરનારાઓનું મન્તવ્ય છે. (૧૨૫)

अनन्तलब्धिनिधानाय श्रीगौतमस्वामिने नमः ॥

अथ इन्द्रियपराजयशतकं

सुच्चिय सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥१॥

અર્થ:-તેજ સાચો શૂરવીર છે, તેજ ખરો પંડિત છે અને તેની જ અમે નિત્ય પ્રશંસા કરીએ છીએ, કે જેનું ચારિત્રરૂપી ધન ઇન્દ્રિયોરૂપી ચોરોએ લૂંટયું નથી. સદા સુરક્ષિત છે. (૧)

इंदियचवलतुरंग, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भाविअभवस्सरुवो, रुंभइ जिणवयणरस्सीहिं ॥२॥

અર્થ:-ઇન્દ્રિયોરૂપી ચપળ ઘોડાઓ નિત્ય દુર્ગતિના માર્ગે દોડનારા છે, સંસારનું સ્વરૂપ જેણે વિચાર્યું છે એવો જીવ જિનેશ્વરના વચનરૂપી લગામોથી તે ઇન્દ્રિયોને રોકે છે. અર્થાત્ નિરંકુશ ઇન્દ્રિયો અનેક પાપો કરાવી જીવને સંસારમાં અતીવ દુઃખી કરે છે, એમ સમજી જિનવચનના બળે તેને વિષયોમાંથી અટકાવવી હિતકર છે. (૨)

इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ।
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमो ॥३॥

અર્થ :–અરે હે જીવ! ઇન્દ્રિયોરૂપી ધુતારાઓને તું તલમાત્ર–તુષમાત્ર પણ સ્થાન આપીશ નહિ, (વિશ્વાસ રાખીશ નહિ,) જો સ્થાન આપ્યું (વિશ્વાસ રાખ્યો) તો સમજવું કે જ્યાં એક ક્ષણ કરોડવર્ષો જેટલી છે, (ક્ષણમાત્રનું દુઃખ પણ જ્યાં ક્રોડવર્ષોના દુઃખ જેટલું તીવ્ર છે.) ત્યાં (નરક–નિગોદ વગેરે દુર્ગતિમાં) તુર્ત પહોંચી ગયો. અર્થાત્ ઇન્દ્રિયો દુર્ગતિમાં જ ખેંચી જશે. (૩)

अजिइंदिएहि चरणं, कट्ठं व घुणेहि कीरइ असारं ।
तो धम्मत्थीहि दढं, जइयव्वं इंदियजयंमि ॥४॥

અર્થ :–ઘુણ નામના (લાકડામાં ઉત્પન્ન થતા) કીડાઓ જેમ લાકડાને અંદરથી કોતરીને અસાર ખોખાં જેવું (નકામું) કરી દે છે તેમ ઇન્દ્રિયોને વશ થયેલા જીવોના ચારિત્રને ઇન્દ્રિયો અસાર (નિષ્ફળ) કરે છે. માટે ધર્માર્થી જીવોએ ઇન્દ્રિયોને જીતવામાં સખ્ત ઉદ્યમ કરવો, અલ્પ માત્ર પણ ઇન્દ્રિયોને વશ ન થવું. (૪)

जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥५॥

અર્થ :–જેમ કોઈ મૂર્ખ એક કાકિણી (રૂપિયાનો ૮૦મા ભાગ–સવા દોકડા) માટે કરોડ રત્નો હારી જાય, તેમ અતિતુચ્છ એવા (ઇન્દ્રિયોના) વિષયમાં આસક્ત થયેલા જીવો મોક્ષના અનંત–અખંડ સુખને હારી જાય છે. (૫)

तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं।
भवकोडीहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥६॥

અર્થ :–ઇન્દ્રિયોના વિષયનું સુખ તો એક તલ માત્ર છે, અને બદલામાં દુઃખ મેરૂપર્વતના શિખર જેટલું ઊંચું છે, (અર્થાત્ તલમાત્ર વિષયસુખ ભોગવવાના પરિણામે દુઃખનો લાખ જોજન જેવડો મોટો ડુંગર ભોગવવાનો છે,) કે જે કરોડ ભવો સુધી ભોગવવા છતાં ખૂટે તેમ નથી (એમ લાભ હાનિનો વિચાર કરીને) જે તને સારું દેખાય તે કર ! અર્થાત્ હે બુદ્ધિમાન્ આત્મા ! વિચાર કરીને વિષયોમાં આસક્ત ન થા ! (૬)

भुंजंता महुरा विवागविरसा किंपागतुल्ला इमे,
कच्छुकंडुअणं व दुक्खजणया दाविंति बुद्धिं सुहे ।
मज्झण्हे मयतिण्हि अव्व सययं मिच्छाभिसंधिप्पया;
भुत्ता दिंति कुजम्मजोणिगहणं भोगा महावेरिणो ॥७॥

અર્થ :–કિંપાકના ફળની જેમ ભોગવતાં મધુર અને પરિણામે દુઃખદાયી એવા વિષયો–ભોગો, ‘ કપિકચ્છૂ (કુવેચ) નામની વનસ્પતિ જેમ ખણજ પેદા કરે, તેમ વિષયતૃષ્ણાનું અતીવ દુઃખ પેદા કરનારા હોવા છતાં જીવને ‘ આ વિષય ભોગવવાથી મને સુખ થશે ’ એવી બુદ્ધિ (ભ્રમ) પેદા કરે છે, વળી મધ્યાહ્ને મૃગલાં રણમાં સૂર્યનાં કિરણોથી રેતીને બદલે મિથ્યા પાણી (ઝાંઝવાનાં નીર) દેખે, તેમ ભોગો ભોગવ્યા પહેલાં ‘ આ ભોગવવાથી ભોગતૃષ્ણાનું દુઃખ મટશે ’ એવો ખોટો ખ્યાલ આપે છે અને (એ રીતે

ઠગાવાથી ભોગવનારા જીવને) ભોગવ્યા પછી મહા વૈરી એવા તે વિષયભોગો દુષ્ટ યોનિઓમાં જન્મ લેવારૂપ સંસાર અટવીમાં રખડાવે છે. (૭)

सक्को अग्गी निवारेउं, वारिण जलओ विहु ।
सव्वोदहिजलेणावि, कामग्गी दुनिवारओ ॥८॥

અર્થ:–અતિ જાજ્વલ્યમાન સળગતા પણ અગ્નિને પાણીથી બૂઝાવી શકાય છે, પરંતુ કામરૂપી અગ્નિ તો સર્વ સમુદ્રોનાં પાણીથી પણ બૂઝાવી શકતો નથી. (૮)

विसमिव मुहंमि महुरा, परिणामनिकामदारुणा विसया ।
कालमणंतं भुत्ता, अज्ज वि मुत्तुं न किं जुत्ता ॥९॥

અર્થ:–વિષની પેઠે પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર એવા વિષયો અનંતકાળ સુધી ભોગવ્યા તો હજુ પણ શું તે છોડવા યોગ્ય નથી ? અર્થાત્ શીઘ્ર ત્યાગ કરવા યોગ્ય છે. (૯)

विसयरसासवमत्तो, जुत्ताजुत्तं न याणई जीवो ।
झूरइ कलुणं पच्छा, पत्तो नरयं महाघोरं ॥१०॥

અર્થ:–વિષયરસરૂપ મદિરાથી મદોન્મત્ત (બેભાન) થયેલો જીવ યુક્ત–અયુક્ત (ઉચિત–અનુચિત) કંઈપણ જાણી શકતો નથી, તેથી અનેક અકાર્યો–પાપો કરીને તે જ્યારે મહાઘોર નરકમાં જાય છે ત્યારે પાછળથી ત્યાં તે અતિ કરૂણપણે ઝુરે છે. (૧૦)

जह निंबदुमुप्पन्नो, कीडो कडुअंपि मन्नए महुरं ।
तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥११॥

અર્થ :-જેમ લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલો કીડો કડવા લીમડાને પણ મધુર માને છે, તેમ મોક્ષસુખથી (આત્માના નિરૂપાધિક સુખથી) પરોક્ષ એટલે વિમુખ (અજ્ઞાન) જીવો સંસારના દુઃખને પણ સુખરૂપ માને છે. (૧૧)

अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं ।
दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ॥१२॥

અર્થ:-હે જીવ ! અસ્થિર-નાશવંત, ચંચલ, ક્ષણ-માત્ર સુખ કરનારા પરિણામે, દુર્ગતિના કારણરૂપ એવા આ પાપી વિષયભોગોથી તું અટકી જા (૧૨)

पत्ता य कामभोगा, सुरेसु असुरेसु तहय मणुएसु ।
न य जीव ! तुज्झ तित्ती, जलणस्स व कट्ठनियरेण ॥१३॥

અર્થ :- વળી હે જીવ ! દેવલોકમાં (સ્વર્ગમાં), દાનવલોકમાં (પાતાળમાં), તેમજ મનુષ્યપણામાં (મૃત્યુ-લોકમાં) પણ તને અનંતવાર વિષયભોગો પ્રાપ્ત થયા, છતાં જેમ લાકડાંથી અગ્નિ તૃપ્ત ન થાય, તેમ તને હજુ પણ તૃપ્તિ ન થઈ અર્થાત્ ભોગો ગમે તેટલા ભોગવવા છતાં તૃપ્તિ થવાને બદલે લાલસા વધે છે. (૧૩)

जहा य किंपागफला मणोरमा, रसेण वन्नेण य भुंजमाणा ।
ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥१४॥

અર્થ -વળી હે જીવ ! જેમ સ્વાદથી અને રંગથી મનને આકર્ષક એવાં કિંપાકનાં (ઝેરી) ફળો ખાધા પછી

જ્યારે તે ઉદરમાં પચે (પરિણામે) ત્યારે પ્રાણનો નાશ કરે છે, તેમ પાંચ ઇન્દ્રિયોના ભોગો રસથી-આસક્તિપૂર્વક ભોગવ્યા પછી તેનાથી બંધાયેલું કર્મ જ્યારે પાકે-ઉદયમાં આવે, ત્યારે અનેકાનેક ભવો સુધી જીવને મારે છે, જન્મ મરણ કરાવે છે. (૧૪)

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥१५॥

અર્થઃ-હે જીવ! (સંસારમાં) સર્વ પ્રકારનું સંગીત તે વસ્તુતઃ વિલાપ કરવા બરાબર છે, સર્વ પ્રકારનું નૃત્ય તે વિડંબનારૂપ છે, સર્વ આભરણો (ઘરેણા) તે વસ્તુતઃ ભારરૂપ છે અને સઘળા વિષયો-ભોગો તે નિશ્ચયથી દુઃખના દેનારા છે. (૧૫)

देविंदचक्कवट्टि-त्तणाइ रज्जाइ उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो, न य हं तित्तिं गओ तेहिं ॥१६॥

અર્થ :- દેવપણું, ઈન્દ્રપણું, ચક્રવર્તીપણું અને રાજ્ય વગેરેના ઉત્તમ ભોગો, એ બધું અનંતીવાર મળ્યું તો પણ તેનાથી હું લેશમાત્ર પણ સંતોષ ન પામ્યો. (૧૬)

संसारचक्कवाले, सव्वे वि अ पुग्गला मए बहुसो ।
आहरियाय परिणा-मिया य न य तेसु तित्तोऽहं ॥१७॥

અર્થઃ-સંસારરૂપી ચક્રવાલમાં (ભ્રમણમાં) સર્વ પુદ્ગલોને મેં ઘણીવાર (ઔદારિક, વૈક્રિય વગેરે સાતેય વર્ગણાઓ-રૂપે) ગ્રહણ કર્યાં અને પરિણમાવ્યાં (ઔદારિક શરીરાદિરૂપે ભોગવ્યાં), તો પણ હું તેને વિષે તૃપ્તિ ન પામ્યો. (૧૭)

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पइ ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥१८॥

અર્થ:-ભોગી જીવને વિષયભોગ ભોગવવાથી ઉપલેપ (કર્મનો બંધ) થાય છે અને અભોગી જીવને કર્મનો લેપ થતો નથી, (માટે જ) ભોગી પુરુષો સંસારમાં પરિભ્રમણ કરે છે, અને અભોગી પુરુષો કર્મોથી છૂટે છે, મોક્ષ પામે છે. (૧૮)

अल्लो सुक्को य दो छूढा, गोलया मट्टियामया ।
दो वि आवडिआ कूडे, जो अल्लो सो विलग्गइ ॥१९॥
एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।
विरत्ता उ न लग्गंति, जहा सुक्के अ गोलए ॥२०॥

અર્થ:- જેમ લીલો અને સૂકો એવા માટીના બે ગોળા ફેંકયા અને તે ભીંતે અથડાણા તેમાં જે લીલો ભીંજાયેલો ગોળો હતો તે ભીંતની સાથે ચોંટ્યો અને બીજો ભીંત સાથે અફળાઈ નીચે પડ્યો. (૧૮)

એ પ્રમાણે દુર્બુદ્ધિવાળા જે મનુષ્યો વિષયોની લાલસાવાળા હોય છે, તે (લીલા ગોળાની જેમ વિષયોમાં અને સ્ત્રી-પુત્ર-પરિવારાદિમાં) લપટાઈ જાય છે, પરંતુ (જેમ સૂકો ગોળો ભીંતમાં લાગતો નથી તેમ) વિરક્ત મનુષ્યો (વિષયોમાં કે સ્ત્રી પરિવારાદિમાં) લપટાતા નથી. (૨૦)

तणकट्ठेहिं व अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥२१॥

અર્થ:- ઘણા ઘાસ અને લાકડાંથી અગ્નિને અને હજારો નદીઓ વડે પણ લવણસમુદ્રને તૃપ્ત કરાતો નથી, તેમ જીવને પણ ઘણા કામભોગરૂપ વિષયોવડે તૃપ્ત કરી શકાતો નથી. (૨૧)

भुत्तुण वि भोगसुहं, सुरनरखयरेसु पुण पमाएणं ।
पिज्जइ नरएसु भेरव-कलकलतउतंबपाणाइं ॥२२॥

અર્થ:-પ્રમાદથી આસક્ત થઇને દેવપણામાં મનુષ્યપણામાં, અને વિદ્યાધરપણામાં અનેક પ્રકારે ભોગસુખને ભોગવીને તેના પરિણામે નરકમાં મહાભયંકર ઉકળતા સીસાના અને ત્રાંબાના રસનું પાન કરવું પડે છે. (૨૨)

को लोभेण न निहओ, कस्स न रमणीहिं भोलिअं हिअयं ।
को मच्चुणा न गहिओ, को गिद्धो नेव विसएहिं ॥२३॥

અર્થ:- જગતમાં લોભવડે કોણ નથી હણાયો ? સ્ત્રીઓએ કોનું હૃદય નથી ભોળવ્યું ? (અર્થાત્ સ્ત્રીઓથી કોનું મન નથી લલચાયું ?) મૃત્યુએ કોને પકડ્યો નથી ? અને વિષયોમાં કોણ આસક્ત નથી થયો ? (અર્થાત્ સર્વ જીવોને લોભે હણ્યા છે, સ્ત્રીઓએ ભોળવ્યા છે, મૃત્યુએ ગ્રહણ કર્યા છે, અને વિષયોએ વશ કર્યા છે. માટે એ સર્વ વિરામ પામવું એ જ હિતકર છે.) (૨૩)

खणमित्तसुक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अनिकामसुक्खा ।
संसारमोक्खस्स विपक्खभूआ,
खाणी अणत्थाण उ कामभोगा ॥२४॥

અર્થ :– ક્ષણમાત્ર સુખ આપનારા અને બહુકાળ સુધી દુઃખ આપનારા, વળી ઇચ્છારૂપે અત્યંત દુઃખ આપનારા અને જેમાં નિષ્કામ એટલે સંતોષસુખનો અભાવ છે એવા, તથા સંસારથી મુક્તિ કરવામાં શત્રુ સરખા એટલે સંસારમાં રઝળાવનારા, એવા કામભોગો (વિષયો) તે ખરેખર અનેક અનર્થોની મોટી ખાણ જેવા છે. (૨૪)

सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणऽभिभूअं जगं सव्वं ॥२५॥

અર્થ:–સર્વ દુષ્ટ ગ્રહોનું મૂળ કારણ, સર્વ દોષોને પ્રગટ કરનાર મહાગ્રહ સરખો કામરૂપી ગ્રહ એવો અતિદુષ્ટ છે કે જેણે સર્વ જગતને પરાભવ પમાડયું છે. અર્થાત્ દુષ્ટ કામરૂપી ગ્રહ જગતના સર્વ જીવોને નડનારો છે. (૨૫)

जह कच्छुल्लो कच्छु, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥२६॥

અર્થ:–જેમ ખણુજવાળો મનુષ્ય ખણુજને ખણુતો દુઃખને સુખ માને છે, તેમ મોહરૂપી કામની ખણુજથી વ્યાકૂળ થયેલા મનુષ્યો (ભોગ ભોગવતા) કામરૂપી દુઃખને પણ સુખ માને છે. (૨૬)

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥२७॥

અર્થ:–કામભોગો શલ્ય સમાન છે, કામભોગો વિષ સમાન છે અને કામભોગો સર્પની દાઢના ઝેર સમાન છે.

એ કામભોગોને ઇચ્છતા જીવો તે કામભોગને ભોગવ્યા વિના જ ઇચ્છા માત્રથી પણ દુર્ગતિમાં જાય છે. (૨૭)

विसए अवइक्खंता, पडंति संसारसायरे घोरे ।
विसएसु निराविक्खा, तरंति संसारकंतारे ॥२८॥

અર્થ :- વિષયોની અપેક્ષા-ઇચ્છા રાખતા જીવો ભયંકર સંસાર સમુદ્રમાં પડે છે, અને વિષયોમાં નિરપેક્ષ (ઇચ્છા વિનાના) જીવો સંસારરૂપી અટવીનો પાર પામે છે. (૨૮)

छलिआ अवइक्खंता, निरावइक्खा गया अविग्घेणं ।
तम्हा पवयणसारे, निरावइक्खेण होअव्वं ॥२९॥

અર્થ:-વિષયોની અપેક્ષા રાખતા જીવો (તેનો ત્યાગ કરવા છતાં પણ) ઠગાયા છે. અને વિષયોની અપેક્ષા નહિ રાખનારા જીવો નિર્વિઘ્નપણે પરમપદને અર્થાત્ મોક્ષને પામ્યા છે. તે કારણથી સમગ્ર સિદ્ધાંતના સારભૂત નિરપેક્ષ વૃત્તિવાળા અનાશંસી થવું. (૨૯)

विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवीदीवसमागय-भाउअजुअलेण दिट्ठंतो ॥३०॥

અર્થ:-વિષયની ઇચ્છાવાળો જીવ ભવભ્રમણમાં પડે છે, અને વિષયની ઇચ્છારહિત થયેલો જીવ દુસ્તર એવા પણ ભવસમુદ્રને તરી જાય છે. આ વિષયમાં રત્નાદેવીના દ્વીપમાં ગયેલા જિનરક્ષિત તથા જિનપાલિત એ બે ભાઈઓનું દૃષ્ટાંત જાણવું. (૩૦)

દૃષ્ટાંતનો સાર એ છે કે-ચંપાનગરીમાં જિનપાલ અને જિનરક્ષિત નામે બે વણિક્ પુત્રો હતા. તેઓ અગિયાર વખત સમુદ્રમાર્ગે વ્યાપાર કરી લખલૂટ ધન મેળવવા છતાં બારમી વખત વહાણ લઈ વ્યાપારાર્થે પરદેશ જવા નીકળ્યા, દૈવયોગે વહાણ ભાંગ્યું અને પાટિયાના આલબંનથી બંને મુશીબતે રત્નદ્વીપે પહોંચ્યા. ત્યાં એક દેવી વાવ જોઈ તેમાં સ્નાન કરવા લાગ્યા, તે વખતે તે દ્વીપમાં રહે-નારી રત્નાદેવી ત્યાં આવી પહોંચી, તેણે બંનેને કહ્યું : મારી સાથે વિષયસુખ ભોગવો, નહિ તો તમને મારી નાખીશ. ભયથી બંને કબૂલ થયા અને તેણે દૈવી શક્તિથી શુભ પુદ્ગલો તેઓના શરીરમાં સંક્રમાવી બંને સાથે ભોગ-સુખ ભોગવવા માંડ્યું. તે વખતે ઇન્દ્રની આજ્ઞાથી રત્ના-દેવીને કાર્યપ્રસંગે ત્યાંથી અન્યત્ર જવાનું થયું ત્યારે બંનેને સમજાવ્યું કે-હું આવું ત્યાં સુધી તમારે આ દ્વીપની દક્ષિણ દિશાના વનમાં જવું નહિ, બાકી ત્રણ દિશાઓમાં જવાની છૂટ છે. તેના ગયા પછી બંનેને વિચાર થયો કે દક્ષિણમાં જવાનો નિષેધ કરવાનું કારણ જાણવું જોઇએ, એટલે નિષેધ છતાં ગયા અને ત્યાં અનેક મનુષ્યોનાં હાડપિંજરો ઉપરાંત એક મનુષ્યને શૂળીએ ચઢાવેલો જોઈ તેઓ ગભ-રાયા શૂળી ઉપર રહેલાને પૂછવાથી જણાયું કે આ દેવી સમુદ્રમાં ફસાયેલા મનુષ્યો સાથે ભોગ ભોગવી બીજો મનુષ્ય મળતાં જ પહેલાને આ રીતે મારી નાખે છે. તેઓને પણ પોતાનું ભાવિ મરણ જોઈ ભય થયો અને બચવાનો ઉપાય પૂછતાં શૂળી ઉપરના મનુષ્યે કહ્યું કે પશ્ચિમ દિશાના વનમાં શૈલક યક્ષ છે તે તમોને સહાય કરશે. તેઓ ત્યાં ગયા, યક્ષ પ્રગટ થયો ત્યારે તેઓએ

સહાય કરવા વિનંતિ કરી. યક્ષે જણાવ્યું કે, તે વ્યંતરી મહાદુષ્ટ છે. તમે મેં વિકુર્વેલા ઘોડા ઉપર બેસો. તે વ્યંતરી તમને ઘણી રીતે લલચાવશે, તમે તેનાં વચનોથી ચલિત થશો તો હું સમુદ્રમાં ફેંકી દઈશ. બંને એ કબૂલ કરવાથી યક્ષે ઘોડાનું રૂપ બનાવી બંનેને પીઠ ઉપર બેસાડયા. સમુદ્રમાં જતાં વ્યંતરી રત્નાદેવી ત્યાંથી બંનેને નાસી છૂટેલ જાણી શોધતી શોધતી પાછળ આવી, ઘણા હાવ-ભાવ કાલાવાલા કરી તેઓને કરગરવા લાગી, 'મને અબળાને નિરાધાર મૂકી ન જાઓ, હું તમારી દાસી છું;' વગેરે કહી તેઓને લલચાવવા અનેક પ્રયત્નો કર્યા, એથી જિનરક્ષિતનું મન ચલિત થયું. અશ્વ થયેલા યક્ષે જ્ઞાનથી તે જાણ્યું અને તેને સમુદ્રમાં ફેંકી દીધો. જિનપાલ કે જે જરાપણ ચલાયમાન ન થયો, તેને સમુદ્ર પાર ઉતારી દીધો, જેથી તે પોતાના નગર ચંપાનગરી જઈ કુટુંબને મળી શકયો. આનો ઉપનય એ છે કે સ્ત્રીઓના હાવ-ભાવમાં ફસેલા પ્રાણીઓ જિનરક્ષિતની જેમ સંસાર સમુદ્રમાં ડૂબે છે અને જેઓ તેમાં ફસાતા નથી તે જિનપાલથી પેઠે મોક્ષપુરીમાં નિર્વિઘ્ને પહોંચી જાય છે.

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोयम्मि ।
तं जाणसु विसयाणं, वुड्ढिक्खयहेउअं सव्वं ॥३१॥

અર્થ:-હે આત્મા ! આ ત્રણે જગતમાં જીવોને જે અતિતીક્ષ્ણ (આકરાં) દુઃખો પ્રાપ્ત થાય છે તે વિષયભોગની વૃદ્ધિથી અને જે અતિ સુંદર સુખો પ્રાપ્ત થાય છે, તે સર્વ વિષયોની વૃદ્ધિના ક્ષયથી થાય છે, એમ સમજ. (૩૧)

इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।
पक्खि व्व छिन्नपंखा, सुसीलगुणपेहुणविहूणा ॥३२॥

અર્થ :– ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થયેલા જીવો પોતાની નષ્ટ થયેલી શીયળગુણ રૂપી પાંખ વિના, છેદાયેલી પાંખવાળા પંખીની માફક સંસારરૂપી સમુદ્રમાં પડે છે. માટે ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત ન થવું એ જ હિતકર છે. (૩૨)

न लहइ ज(जि)हा लिहंतो, मुहल्लिअं अट्ठिअं जहा सुणओ ।
सोसइ तालुअरसिअं, विलिहंतो मन्नए सुक्खं ।३३॥

महिलाण कायसेवी, न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ, सयकायपरिस्समं सुक्खं ॥३४॥

અર્થ:–જેમ કૂતરો મુખમાં પકડેલા હાડકાને જીભથી ચાટતો કંઈ મેળવી શકતો નથી, માત્ર ગળું શોષે છે અને હાડકું ઘસાવાથી નીકળેલા પોતાના તાળવાના લોહીને ચાટતો સુખ માને છે. (૩૩)

તેમ સ્ત્રીઓના શરીરનો ભોગ ભોગવનારો પુરુષ પણ તેનાથી કંઈપણ સુખ નથી પામતો, (માત્ર કામના ત્રાસથી હારી ગયેલો) તે રાંક પોતાની કાયાના પરિશ્રમને જ સુખરૂપ માને છે. (૩૪)

सुट्ठुवि मग्गिज्जंतो, कत्थवि कयलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठु वि गविट्ठं ॥३५॥

અર્થઃ-જેમ સારી રીતે શોધવા છતાં પણ કેળમાં (કેળના થડમાં) ક્યાંય પણ સાર દેખાતો નથી, તેમ ઇન્દ્રિયોના વિષયોમાં પણ સારી રીતે તપાસતાં (વિચાર કરતાં) લેશ પણ સુખ દેખાતું નથી. (૩૫)

सिगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।
के के जयंमि पुरिसा, नारीनईए न बुड्डुंति ॥३६॥

અર્થ :- શૃંગારરૂપી જેમાં તરંગો (કલ્લોલ) છે, વિલાસરૂપી જેમાં ભરતીનું પૂર છે, અને જુવાનીરૂપી જેમાં જળ છે, તે નારીરૂપી નદીમાં જગતના કોણ કોણ પુરુષો નથી ડૂબતા ? અર્થાત્ સર્વ ડૂબે છે. (૩૬)

सोअसरी दुरिअदरी, कवडकुडी महिलिआ किलेसरी ।
वइरविरोयणअरणी, दुक्खखणी सुक्खपडिवक्खा ॥३७॥

અર્થઃ-જગતમાં સ્રી અશુચના ઝરણારૂપ પાણીની નદી છે, પાપને રહેવાનીગુફા છે, કપટ ઝુંપડી છે, ક્લેશ સંતાપને કરનારી છે, વૈરરૂપી અગ્નિને ઉત્પન્ન કરવામાં અરણીના કાષ્ઠ સરખી છે, દુઃખોની ખાણછે, અને સુખમાં વિઘ્ન કરનારી છે.(૩૭)

अमुणिअमणपरिकम्मो, सम्मं को नाम नासिउं तरइ ।
वम्महसरपसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥३८॥

અર્થઃ-જેણે મનનું પરિકર્મ (મનને વશ કરવાની કળા) જાણ્યું નથી એવો કયો પુરુષ સ્રીઓના નેત્રોનાં કટાક્ષો રૂપ કામબાણોનો મારો શરૂ થયા પછી (નારીનાં વક્રનેત્ર કટાક્ષોનો મારો થયે છતે) નાશવામાં સમર્થ થઈ શકે ? અર્થાત્ સ્રીના કટાક્ષો યોગીઓને પણ સ્થંભિત કરી નાખે છે. (૩૮)

परिहरसु तओ तासिं, दिट्ठि दिट्ठिविसस्स व अहिस्स।
जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ३९ ॥

અર્થ:-માટે હે સુજ્ઞ! દૃષ્ટિવિષ સર્પની દૃષ્ટિ શરીર ઉપર પડતાં જ જેમ ઝેર ચડે તેમ જે દૃષ્ટિ-કટાક્ષો પડતાં જ કામનું ઝેર ચઢે તે વિષસરખી સ્ત્રીઓની દૃષ્ટિનો ત્યાગ કર. દૂર જા કારણ કે સ્ત્રીનાં નયનરૂપી બાણો જીવના ચારિત્રરૂપી ભાવ પ્રાણોનો વિનાશ કરે છે. (૩૯)

सिद्धंतजलहिपारं-गओ वि विजिंदिओ वि सूरो वि।
दढचित्तो वि छलिज्जइ, जुवइपिसाईहि खुडाहिं ॥४०॥

અર્થ:-સિદ્ધાન્ત (શાસ્ત્રો)રૂપી સમુદ્રનો પાર પામેલો (સમુદ્ર જેટલું શાસ્ત્ર ભણેલો), જિતેન્દ્રિય (ઇન્દ્રિયોનો વિજેતા), શૂરવીર (અનેક યોદ્ધાઓનો પરાભવ કરનારો) અને દૃઢ (મજબૂત) મનવાળો પુરુષ પણ નીચ એવી યુવતીરૂપી પિશાચિણીથી ઠગાઇ જાય છે. (૪૦)

मणयनवणीयविलओ, जह जायइ जलणसं-निहाणंमि।
तह रमणिसंनिहाणे, विद्दवइ मणो मुणीणंपि ॥४०॥

અર્થ:-જેમ અગ્નિની પાસે રહેલું મીણ કે માખણ પીગળી જાય છે, તેમ સ્ત્રીની પાસે રહેવાથી મુનિનું પણ મન ચલિત થાય છે. અર્થાત્ વિકારવાળું થાય છે.(૪૧)

नीअंगमाहिं सुपयो-हराहिं उप्पित्थमंथरगईहिं।
महिलाहि निमग्गाहि व, गिरिवरगुरुआवि भिज्जंति ।४१।

અર્થ :-નીચી નીચી ભૂમિમાં વહેવાવાળી, પાણીથી અતિ ભરપૂર, અને અતિ પૂરને લીધે તોફાને ચઢેલી આડા માર્ગે વહેતી નદી જેમ મોટા પર્વતોને પણ ભેદી નાખે છે તેમ નીચ આચારને સેવનારી (કુલટા), મોટા સ્તનવાળી અને ઉન્માર્ગે ચાલનારી હોવાથી ધીમી ચાલે ચાલતી, એવી સ્ત્રી પર્વત જેવા મોટા (ધૈર્યવાળા) પુરુષોને પણ ભેદી નાખે છે, ચલાયમાન કરી દે છે. (૪૨)

विसयजलं मोहकलं, विलासविब्बोअजलयराइन्नं ।
मयमयरं उत्तिन्ना, तारुण्णमहन्नवं धीरा ॥४२॥

અર્થ-જેમાં વિષયોરૂપી પાણી છે, મોહની ગર્જના છે, સ્ત્રીઓની વિલાસભરી ચેષ્ટાઓરૂપ મચ્છ-કચ્છ વગેરે જળચર જીવો છે, અને મદરૂપી જેમાં મગરમચ્છ રહે છે, એવા તારુણ્યરૂપી સમુદ્રનો ધીર પુરુષો જ પાર પામ્યા છે, ધૈર્ય વિનાનો મનુષ્ય તારુણ્ય (એ વિષયો)રૂપી સમુદ્રમાં ડૂબે જ છે. (૪૩)

जइ वि परिचत्तसंगो, तवतणुअंगो तहावि परिवडई ।
महिलासंसग्गीए, कोसाभवणूसियमुणि व्व ॥४३॥

અર્થ :-સર્વસંગનો ત્યાગ કરનાર ત્યાગી અને તપ દ્વારા જેણે શરીરને પણ શોષી નાખ્યું હોય. તેવો સાધુ પણ સ્ત્રીના સંસર્ગથી કોશાવેશ્યાની ચિત્રશાળામાં ચાતુર્માસ રહેવા ગયેલા સિંહગુફાવાસી મુનિની પેઠે તપથી અને સંયમથી ભ્રષ્ટ થાય છે. (૪૪)

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥४४॥

અર્થ :–સર્વગ્રંથી (એટલે રાગદ્વેષ અભ્યંતર અને ધન–ધાન્યાદિરૂપ બાહ્ય પરિગ્રહ)થી રહિત અને વિષયના વિકારો જેના શાન્ત થયા હોય, તથા જેને સંતોષ–સમતા પ્રગટ થવાથી પ્રશાન્ત ચિત્તવાળો થયેલો હોય, તેવો પણ જીવ સંતોષથી (વિષયોના વિરાગથી) જે સુખ પામે છે, તે સુખ (છ ખંડનું રાજ્ય અને એક લાખ બાણુહજાર સ્ત્રીઓને ભોગવનારો) ચક્રવર્તી પણ પામતો નથી. (૪૫)

खेलंमि पडिअमप्पं, जह न तरइ मच्छिआ विमोएउ।
तह विसयखेलपडिअं, न तरइ अप्पंपि कामंधो ॥४६॥

અર્થ :–જેમ શ્લેષ્મમાં પડેલી માખી પોતાને તેમાંથી બહાર કાઢવા સમર્થ નથી થતી, છૂટી શકતી નથી, તેમ ભોગમાં અંધ થયેલો જીવ વિષયરૂપી શ્લેષ્મમાં ફસાયેલો એવા પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી. અર્થાત્ કામાંધ પુરુષ વિષયમાંથી છૂટી શકતો નથી. (૪૬)

जं लहइ वीयराओ, सुक्खं तं मुणइ सु च्चिय न अन्नो।
न हि गत्तासूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥४७॥

અર્થ :–વિષયાદિનો રાગ જેનો નાશ પામ્યો છે. તે જીવ જે સુખનો અનુભવ કરે છે, તેને તે જ સમજી શકે છે, બીજો સમજી શકતો નથી, કારણ કે–ઉકરડાનો (વિષ્ટાનો આહાર કરનારો) ભૂંડ દેવલોકનાં દૈવી સુખોને કદીપણ સમજી શકતો નથી. (૪૭)

जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो।
तं नज्जइ गुरुआण वि, अलंघणिज्जो महामोहो ॥४८॥

અર્થ :—દુઃખોને આવવાના આશ્રવ (દ્વાર) રૂપ એવાં વિષયોમાં જીવોને આજ સુધી (સમજવા છતાં) પણ પ્રતિબંધ (રાગ) છે, તેથી સમજાય છે કે મોટા (મહાન) આત્માઓને પણ મહા મોહ(ની આજ્ઞા) અનુલ્લંઘનીય છે. (મોહને જીતવો અશક્ય છે.) (૪૮)

जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ।
जे पुण जिणवयणरया, ते भीरू तेसु विरमंति ।।४९।।

અર્થ :-કામભોગમાં અંધ જે જીવો વિષયોમાં રમે છે, અર્થાત્ વિષયોને સેવે છે, તેઓ ભવિષ્યમાં દુઃખ ભોગવવાં પડશે એવી શંકા (ભય) વિનાના છે અને જે પુરુષો જિનેશ્વરના વચનના રાગી છે, તેઓ સંસારથી ભય પામેલા હોવાથી વિષયોથી વિરામ પામે છે. અર્થાત્ વિષયોનો ત્યાગ કરે છે. (૪૯)

असुइमुत्तमलपवाहरूवयं, वंतपित्तवसमज्जफोफसं ।
मेयमंसबहुहड्डकरंडयं, चम्ममित्तपच्छाइयजुवइ अंगयं ।।५०।।

અર્થ :—અશુચિ, મૂત્ર, પસીનો અને દુર્ગંધ-વિષ્ટા વગેરેના પ્રવાહ રૂપ, વળી ઊલટી, પિત્ત, ચરબી, મજ્જા, ફેફસાં, મેદ અને માંસથી ભરેલા ઘણા હાડકાંના કરંડિયા રૂપ, અને માત્ર ચામડીથી ઢંકાયેલું એવું સ્રીનું અંગ છે. અર્થાત્ ચામડાની મઢેલી અશુચિની કોથળીરૂપ છે, તેમાં સારું કંઈ નથી. (૫૦)

मंसं इमं मुत्तपुरीसमीसं, सिंधाणखेलाईनिज्झरंतं ।
एअं अणिच्चं किमिआण वासं, पास नराणं मइबाहिराणं ।।५१।।

અર્થ :–સ્ત્રીનું શરીર માંસ રૂપ છે, મૂત્ર અને વિષ્ટાથી મિશ્રિત છે, શ્લેષ્મ-કફ-પસીનો વગેરેનું ઝરણું છે, અનેક કરમિયા (વગેરે) જીવોનું ઘર છે, એવું અનિત્ય સ્ત્રીનું શરીર મૂર્ખ પુરુષોને કબજે કરવા માટે પાશ (બંધન) રૂપ છે. (૫૧)

पासेण पंजरेण य, बज्झंति चउप्पया य पक्खीइ(य) ।
इय जुवइपंजरेण य, बद्धा पुरिसा किलिस्संति ॥५२॥

અર્થ :-જેમ દોરડાં વગેરેના પાશથી (બંધનથી) ચતુષ્પદ જીવો (ગાય-ભેંસ વગેરે ચાર પગવાળા પશુઓ) બંધાય છે. અને પાંજરા વડે પક્ષીઓ બંધાય છે, તેમ આ યુવતી રૂપી પાંજરાથી તો પુરુષો બંધાય છે, અને અનેક પ્રકારે ક્લેશને પામે છે. (૫૨)

अहो! मोहो महामल्लो, जेण अम्हारिसा वि हु ।
जाणंता वि अणिच्चत्तं, विरमंति न खणं पि हु ॥५३॥

અર્થ :-અહો ! મોહ એક મહા જબ્બર મલ્લ છે, કે અમારા જેવા જીવો બાહ્ય પદાર્થ માત્રનું અનિત્યપણું જાણવા છતાં તે મોહથી ક્ષણમાત્ર છૂટી શકતા નથી, રાગને તોડી શકતા નથી. (૫૩)

जुवईहिं सह कुणंतो, संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।
नहि मुसगाणं संगो, होइ सुहो सह बिडालीहिं ॥५४॥

અર્થ :–યુવતીઓની સાથે સંસર્ગ કરનારો પુરુષ વસ્તુતઃ સઘળાં દુઃખોની સાથે સંબંધ બાંધે છે, અર્થાત્ તેને દરેક જાતનાં આકરાં દુઃખો ભોગવવાં પડે છે કારણ કે-

ઉંદરોને બિલાડીઓની સાથે સંગ કરવો તે સુખકારી થતો નથી. અર્થાત્ ઉંદરને બિલાડીની સોબત કરવા જેવી પુરુષને સ્ત્રીની સંગતિ છે. (૫૪)

हरिहरचउराणणचंद–सूरखंदाइणोवि जे देवा ।
नारीण किंकरत्तं, कुणंति धिद्धी विसयतिन्हा ॥५५॥

અર્થ :–વિષ્ણુ મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વગેરે જે દુનિયામાં મોટા દેવરૂપે મનાય છે, પણ વિષયને વશ થઈને સ્ત્રીઓનું દાસપણું કરે છે, અર્થાત્ એવા દેવો પણ સ્ત્રીની સંગતિથી ફસાયા છે, એ દુષ્ટ વિષયોની તૃષ્ણાને ધિક્કાર હો ! ધિક્કાર હો ! ૫૫

सियं च उण्हं सहंति मूढा, इत्थीसु सत्ता अविवेअवंता ।
इलाइपुत्तु व्व चयंति जाइं, जिअं च नासंति अ रावणु व्व ॥५६॥

અર્થ:–સ્ત્રીઓને વિષે આસક્ત થયેલા અવિવેકી અને મૂઢ પુરુષો ટાઢ અને તડકો (વગેરે અનેક કષ્ટોને) સહન કરે છે. ઇલાચી નામનો શેઠપુત્ર નટ બન્યો તેમ પોતાની ઉત્તમ જાતિ અને કુલાચારને પણ છોડે છે, અને સીતાનું હરણ કરનાર રાવણની પેઠે જીવિતનો પણ નાશ કરે છે. (૫૬)

वुत्तूण वि जीवाणं, सुदुक्करायंति पावचरियाइं ।
भयवं जासा सासा, पच्चाएसो हु इणमो ते ॥५७॥

અર્થ:–આ જગતમાં જીવો વિષય–તૃષ્ણાથી એવાં પાપો કરે છે કે તેઓને પોતાના પાપાચરણો સ્વમુખે કહેવાં-પ્રકાશવાં પણ અતિ દુષ્કર થાય છે. તેથીજ અત્યંત પાપાચરણ કરનાર

એક ભીલે ભગવંતને પ્રશ્ન કર્યો કે હે ભગવંત! (या) જેની સાથે હું પાપાચરણ સેવું છું, (सा) તે મારી બહેન છે? ભગવંતે કહ્યું, (सा) તે (सा) તારી બહેન જ છે. એ તને પ્રત્યાદેશ (જવાબ) છે. અર્થાત્ ભીલે 'यासा' પૂછયું અને વીર પ્રભુએ 'सासा'થી જવાબ વાળ્યો. (૫૭)

जललवतरलं जीअं, अथिरा लच्छी वि भंगुरो देहो ।
तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥५८॥

અર્થ :-હે આત્મા! આ જીવતર દર્ભના અગ્ર ભાગ પર રહેલા પાણીના બિંદુ સરખું ચપળ છે, તેમાં લક્ષ્મી અસ્થિર છે, દેહ ક્ષણભંગૂર છે, તથા સ્ત્રી આદિના જે વિષય-ભોગો તે તુચ્છ (સાર વિનાના) છે, એમ એ ત્રણેય લાખો દુઃખોના કારણ છે. (માટે એ લક્ષ્મી વગેરેનો) રાગ છોડી ચંચળ આયુષ્ય તૂટયું નથી ત્યાં સુધી સફળ કરી લે, એ ત્રણેનો ત્યાગ કરવામાં જ જીવનની સફળતા છે. (૫૮)

नागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं जिआ कामगुणेसु गिद्धा, सुधम्ममग्गे न रया हवंति ।५९।

અર્થ :-જેમ કાદવવાળા જળમાં ખૂંચી રહેલો હાથી કિનારાની ભૂમિને દેખે છે છતાં પણ ત્યાં તીરે આવી શકતો નથી, તેમ કામવિષયને વિષે આસક્ત થયેલા જીવો શુદ્ધ એવા ધર્મમાર્ગમાં (સમજવા છતાં) રક્ત-લીન થઇ શકતા નથી, ધર્મમાં રાગ કરી શકતા નથી. (૫૯)

जह विट्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।
तह त्रिसयासुइरत्तो, जीवो वि मुणइ सुहं मूढो ॥६०॥

અર્થ :-જેમ વિષ્ટાના સમૂહમાં ખૂંચી રહેલો (આસક્ત બનેલો) કીડો સદાકાળ વિષ્ટામાં જ સુખ માને છે, તેમ વિષયોની અશુચિમાં આસક્ત થયેલો મૂર્ખ જીવ પણ વિષયોમાં જ સુખ માને છે. (૬૦)

मयरहरो व जलेहिं, तह वि हु दुप्पूरओ इमो आया ।
विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तित्तिं ॥६१॥

અર્થ :-જેમ પાણીથી સમુદ્રને પૂરવો (તૃપ્ત કરવો) દુષ્કર છે, તેમ વિષયરૂપ માંસમાં આસક્ત થયેલા આ આત્માને પણ તૃપ્ત કરવો દુષ્કર છે, કે જે ભવે ભવે અનંત વાર વિષયો ભોગવવા છતાં તૃપ્તિને પામતો નથી. (૬૧)

विसयवसट्टा जीवा, उब्भडरूवाइएसु विविहेसु ।
भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥६२॥

અર્થ :-વિષયરૂપી વિષથી પીડાતા જીવો વિવિધ પ્રકારનાં ઉદ્ભટ રૂપાદિકમાં એટલે શબ્દ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે વિષયો ભોગવવામાં પોતાનો લાખો ભવોમાં પણ મળવો દુર્લભ એવો મનુષ્યજન્મ ક્યાં વ્યતીત થાય છે, તે જાણતા પણ નથી, ઉલટું હજુ તો ઘણું જીવવું છે, એમ જ માને છે. (૬૨)

चिट्ठंति त्रिसयविवसा, मुत्तुं लज्जंपि के वि गयसंका ।
न गणंति के वि मरणं, विसयंकुससल्लिया जीवा ॥६३॥

અર્થ :-વિષયમાં પરવશ થયેલા એવા કેટલાક જીવો તો મરવાની શંકા અને લજ્જાને પણ છોડીને વિષયને વશ થઈને જીવે છે અને વિષયરૂપી અંકુશ વડે શલ્યવાળા થયેલા એટલે જેઓને વિષયરૂપી અંકુશનો ઘા લાગેલો છે તેવા કેટલાક જીવો તો મરણને ગણુતા પણ નથી. (૬૩)

विसयविसेणं जीवा, जिणधम्मं हारिउण हा नरयं ।
वच्चंति जहा चित्तय–निवारिओ बंभदत्तनिवो ॥६४॥

અર્થ :-ઘણા ખેદની વાત છે કે જગતના જીવો વિષયરૂપી વિષના પ્રભાવથી (ચિંતામણિ સરખો) જૈનધર્મ હારી જઈને, જેમ ચિત્રકમુનિએ નિષેધ કરવા છતાં વિષયોની આસક્તિ નહિ છોડવાથી બ્રહ્મદત્ત ચક્રવર્તી નરકે ગયો તેમ નરકમાં જાય છે. (૬૪)

धिद्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तुणं ।
चउगइविडंबणकरं, पियंति विसयासवं घोरं ॥६५॥

અર્થ :-તે મનુષ્યોને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ, કે જે મનુષ્યો જિનેશ્વરના વચનરૂપી અમૃતનું પાન કરીને પણ ચાર ગતિમાં ભમવારૂપી વિડંબના આપનારી એવી ભયંકર વિષયરૂપ મદિરાને પીએ છે. (૬૫)

मरणे वि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ।
तेवि हु कुणंति लल्लिं बालाणं नेहगहगहिला ॥६६॥

અર્થ :-માનને ધારણ કરનારા જે મહા અભિમાની પુરુષો મરણાન્તે પણ દીન વચન નથી બોલતા, માન નથી

છોડતા, તેઓ પણ સ્ત્રીઓના સ્નેહ (કામ)રૂપી ગ્રહથી ગાંડા થયેલા તેઓની આગળ લાડ કરે છે, દીન બનીને તેઓને મનાવે છે. (૬૬)

सक्कोवि नेव सक्कइ, माहप्पमड्डुप्फुरं जए जेसिं ।
ते वि नरा नारिहिं, कराविआ निअयदासत्तं ॥६७॥

અર્થ :–જગતમાં જેઓની સામે ઈન્દ્ર પણ પોતાની મોટાઈનો ગર્વ ન કરી શકે, તેવા જગતના દેવ સરખાઓની પાસે પણ સ્ત્રીઓએ પોતાનું દાસપણું કરાવ્યું છે–દાસ બનાવ્યા છે. (૬૭)

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमी राइमई–रायमइं कासी ही विसया ॥६८॥

અર્થ:–જાદવના પુત્ર, મહાત્મા, શ્રીનેમિનાથ જિનેશ્વરના ભાઈ, મહાવ્રતોને ધારણ કરનાર, અને ચરમશરીરી એવા પણ રથનેમિમુનિએ (જેને લીધે) રાજીમતી સાધ્વી ઉપર રાગમતિ એટલે વિષયબુદ્ધિ કરી, એ વિષયોને ધિક્કાર હો ! (૬૮)

मयणपवणेण जइ तारिसावि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसत्ताण, इयरसत्ताण का वत्ता ? ॥६९॥

અર્થ :–જો કામદેવરૂપી પવનના જોરથી મેરૂપર્વત સરખા નિશ્ચલ રથનેમી જેવા મહાત્માઓ પણ ચલાયમાન થઈ ગયા, તો પાકા પાંદડા જેવા સત્ત્વવાળા (નિર્બળ) બીજા પામર જીવોની તો વાત જ શી ?

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेओ, कामो कयसिवसुहविरामो ॥७०॥

અર્થ :-સિંહ, હાથી અને સર્પ વિગેરે મહાક્રુર પ્રાણીઓને પણ સુખે કરીને જીતી શકાય છે, પરંતુ શિવ-સુખનો નાશ જેણે કર્યો છે એવો (મોક્ષસુખનો રોધ કરનાર) એક કામદેવ જ મહા દુર્જય છે. (૭૦)

विसमा विसयपिवासा, अणाइभवभावणाइ जीवाणं ।
अइदुज्जेआणि य इंदि-आइं तह चंचलं चित्तं ॥७१॥

અર્થ :-અનાદિ સંસાર (કાળ)થી પોષવાને લીધે (વધી ગયેલી) જીવોની એક વિષય-તૃષ્ણા વિષમ છે, અતિ આકરી છે, (તેનાં સાધનરૂપ) ઈન્દ્રિયો અતિ દુર્જય છે અને (ઇન્દ્રિયોને ઉશ્કેરનાર) મન અતિ ચંચળ છે અર્થાત્ વિષયોને તજવાથી ઇન્દ્રિયો વશ થાય છે અને ત્યારે જ મન સ્થિર થાય છે. (૭૧)

कलमलअरइ-असुक्खा, वाहीदाहाइ विविहदुक्खाइं ।
मरणं पिअ विरहाइसु, संपज्जइ कामतविआणं ॥७२॥

અર્થ :-(ઉપર જણાવી તે વિષય તૃષ્ણાથી) 'કામ-જ્વર' નામના તાવથી તપી ગયેલા (જ્વરિત) મનુષ્યોને તેનાથી (અનુક્રમે) શરીરમાં દુર્ગંધિ (મળાવરોધ,) તેનાથી અરતિ (પેટની પીડા,) તેનાથી અસુખ તેનાથી અનેક જાતિના વ્યાધિઓ (રોગો), અને તેથી દાહ વગેરે અનેક જાતિનાં દુઃખો થાય છે, ઉપરાંત વિષયના સાધનોરૂપ (સ્ત્રી આદિ)નો વિયોગ-વિરહ વગેરે થતાં મરણ પણ થાય છે. (૭૨)

पंचदिअविसयपसंगरेसि, मणवयणकाय नवि संवरेसि ।
तं वाहिसि कत्तिअ गलपएसि, जं अट्ठकम्म(म्मं)नवि
निज्जरेसि ॥७३॥

અર્થ :-હે જીવ ! જો તું પાંચેય ઇન્દ્રિયોના વિષયોનો પ્રસંગ કરે છે, (સેવે છે), વળી મન, વચન અને કાયાને સંવરતો (વિષયોમાંથી અટકાવતો) નથી, તો હે જીવ ! ખરેખર તું તારા જ ગળા ઉપર કાતર (કટારી) ચલાવે છે, તું પોતે તારો જ વિનાશ કરે છે. કારણ કે તેથી તું આઠ કર્મોની નિર્જરા કરતો નથી, પણ ઉલટામાં વધારે બાંધે છે. (૭૩)

किं तुमंधो सि किंवा सि धत्तूरिओ,
अहव किं सन्निवाएण आऊरिओ ।
अमयसमधम्मं जं विसं व अवमन्नसे,
विसयविसविसमं अमियं व बहु मन्नसे ॥७४॥

અર્થ :-હે આત્મા ! તું શું અંધ થયો છે ? કે શું તેં ધંતૂરો પીધો છે ? અથવા શું તું સન્નિપાત રોગથી ગાંડો બની ગયો છે ? કે જેથી એકાન્ત સુખી કરનારા અમૃત સરખા ધર્મને તું વિષની પેઠે તિરસ્કારે છે ! અને ભવોભવ મારનારા (રખડાવનારા) આકરા વિષયરૂપી વિષનું તું અમૃતની પેઠે સન્માન કરે છે (૭૪)

तुज्ज तह नाणविन्नाणगुणडंबरो,
जलणजालासु निवडंतु जिय निब्भरो ।
पयइवामेसु कामेसु जं रज्जसे,
जेहिं पुणपुण वि नरयानले पच्चसे ॥७५॥

અર્થ :-તેથી હે જીવ ! તારો તે મોટો જ્ઞાન, વિજ્ઞાન અને ગુણોનો સઘળોય આડંબર અગ્નિની જ્વાળામાં પડો !

એ તારો આડંબર તને કામથી બચાવતો નથી, તેમ હોવા છતાં પણ તું સ્વભાવે જ દુષ્ટ એવા કામોમાં (વિષયોમાં) રાગ કરે છે, કે જેનાથી તું નરકમાં દુઃખોરૂપી અગ્નિથી શેકાઈશ (૭૫)

दहइ गोसीससिरिखंड छारकए,
छगलगहणट्ठमेरावणं विक्कए ।
कप्पतरु तोडि एरंड सो वावए,
जु जि विसएहि मणुअत्तणं हारए ॥७६॥

અર્થ :-આ જગતમાં જે જીવ વિષયસુખોને ભોગવવામાં મનુષ્યપણું હારી જાય છે, તે ખરેખર રાખને માટે ઉત્તમ ગોશીર્ષ ચંદનને બાળે છે, બકરી લેવાને માટે ઐરાવણ હાથીને વેચી દે છે અને કલ્પવૃક્ષને ઉખેડી એરંડાનું ઝાડ વાવે છે. (૭૬)

अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ ।
विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥७७॥

અર્થ :-આયુષ્ય અસ્થિર છે એમ જાણીને અને મોક્ષમાર્ગને સમજીને, હવે વિષયભોગથી વિરામ પામ! કારણ કે (હે જીવ!) આપણું આયુષ્ય પરિમિત (અલ્પ) છે. (૭૭)

सिवमग्गसंठिआण वि, जह दुज्जेआ जिआण पणविसया ।
तह अन्नं किंपि जए, दुज्जेअं नत्थि सयले वि ॥७८॥

અર્થ :-મોક્ષમાર્ગમાં રહેલા (ધર્મી) જીવોને પણ પાંચ ઇન્દ્રિયોના વિષયો જેટલા દુર્જેય છે, તેવું દુર્જેય સઘળા જગતમાં બીજું કંઈ પણ નથી. (૭૮)

सविडं उब्भडरूवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥ ७९ ॥

અર્થ :- ઉદ્ધત રૂપવાળી અથવા અતિરૂપવાળી સ્રી લજ્જાતી હોય તેમ (ચેનચાળા કરતી) નજર સામે આવીજ્યાં સુધી મનને મોહ ન પમાડે, ચલિત ન કરે, ત્યાં સુધીમાં આત્મહિતની ચિંતાવાળા (આત્માર્થી) મનુષ્યો તેને દૂરથીજ તજે છે. તેનાથી દૂર–દૂર નાસે છે. નજરે જોતા પણ નથી.(૭૯)

सच्चं सुअं पि सीलं, विन्नाणं तह तवं पि वेरग्गं ।
वज्जइ खणेण सव्वं, विसयविसेणं जईणं पि ॥८०॥

અર્થ :-વિષયરૂપી વિષના વિકારથી ત્યાગી એવા મુનિનું પણ સત્ય, શ્રુતજ્ઞાન, સદાચાર, વિજ્ઞાન, તેમ જ તપ અને વૈરાગ્ય એ સઘળું એક ક્ષણ માત્રમાં વિનાશ પામે છે. (૮૦)

रे जीव ! मइविगप्पिय-निमेससुहलालसो कहं मूढ ! ।
सासयसुहमसमतमं, हारि सि ससिसोअरं च जसं ॥८१॥

અર્થ :-રે મૂઢ જીવ ! તારી બુદ્ધિથી તેં માનેલા આંખના એક પલકારા જેટલા અલ્પકાળ માટેના વિષય-સુખમાં લોલુપી થઈને તું જેના સમાન જગતમાં કોઈ પણ સુખ નથી એવા શાશ્વતા મોક્ષસુખને અને આજ સુધી મેળવેલા ચંદ્ર સરખા ઉજ્જવળ યશને શા માટે હારી જાય છે ? (૮૧)

पज्जलिओ विसयअग्गी, चरित्तसारं डहिज्ज कसिणंपि ।
सम्मत्तं पि विराहिअ, अणंतसंसारिअं कुज्जा ॥८२॥

અર્થ :-(અલ્પ માત્ર પણ) સળગેલો એવો કામરૂપી અગ્નિ સઘળા ચારિત્રરૂપી ધનને બાળી નાખે છે, (અર્થાત્ ચારિત્રનો વિનાશ કરે છે.) અને સમ્યક્ત્વની પણ વિરાધના (નાશ) કરીને અનંતકાળ સંસારમાં રખડતો કરે છે. (૮૨)

भीसणभवकंतारे, विसमा जीवाण विसयतिन्हा उ।
जीए नडिया चउदस-पुव्वीवि रूलंति हु निगोए ॥८३॥

અર્થ :-ભયંકર ભવરૂપી અટવીમાં સર્વ જીવોને (દુઃખ આપનારી) એક માત્ર વિષય-તૃષ્ણા જ વિષમ છે કે જે વિષય-તૃષ્ણાથી પીડાયેલા (પડેલા) ચૌદ પૂર્વધરો પણ નિગોદમાં રખડે છે. (૮૩)

हा विसमा हा विसमा, विसया जीवाण जेहिं पडिबद्धा।
हिंडंति भवसमुद्दे, अणंतदुक्खाइ पावंति ॥८४॥

અર્થ :-અહો ! જીવોને પાંચેય ઈન્દ્રિયોના વિષયો અતિ વિષમ-વિષમતર છે, કે જેને વશ પડેલા જીવો અનંત દુઃખોને ભોગવતા સંસાર સમુદ્રમાં રખડે છે. (૮૪)

माइंदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा।
खणनट्ठा खणदिट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥८५॥

અર્થ :-હે જીવ ! માયાવી ઈન્દ્રજાળ જેવા ચપળ અને વીજળીના ઝબકારા સમાન નાશવંત એવા વિષયો જીવોને ક્ષણમાત્ર દેખાવ આપી બીજી ક્ષણમાં જ નાશ પામે છે, તો તેવા વિષયોમાં પ્રતિબંધ (રાગ) શા માટે કરવો ? (૮૫)

सत्तू विसं पिसाओ, वेआलो हुअवहो वि पज्जलिओ ।
तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥८६॥

અર્થ :-હે જીવ ! શત્રુ, વિષ, પિશાચ (ભૂત-ડાકણ-શાકણ વગેરે) વેતાલ, અને ધગધગતો અગ્નિ, એ બધાય એક સાથે કોપાયમાન થવા છતાં પણ શરીરમાં તેવો અપકાર (અવગુણ) નથી કરતા કે જેવો અપકાર કોપ પામેલા રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓ કરે છે. (૮૬)

जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥८७॥

અર્થ:-જે જીવ રાગ દ્વેષાદિને વશ થયેલો છે, તે વસ્તુતઃ લાખો દુઃખોના વશમાં પડેલો છે અને જેણે રાગાદિકને વશ કર્યા છે, તેણે વસ્તુતઃ સર્વ સુખોને વશ કર્યા છે એમ જાણવું. (૮૭)

केवलदुहनिम्मविए, पडिओ संसारसायरे जीवो ।
जं अणुहवइ किलेसं, तं आसवहेउअं सव्वं ॥८८॥

અર્થ :-કેવળ દુઃખથી જ નિર્માણ થયેલા-ભરેલા, એવા સંસાર-સમુદ્રમાં પડેલો જીવ જે દુઃખોને અનુભવે છે, તે સર્વ દુઃખનું કારણ આશ્રવ (કર્મબંધન) છે. (૮૮)

ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ।
बज्झंति जत्थ मूढा, मणुआ तिरिया सुरा असुरा ॥८९॥

અર્થ :-અહો ! આ સંસારમાં વિધાતાએ સ્ત્રીના બહાને એક એવી જાળ ગોઠવી છે, કે જે જાળમાં વિવેક-શૂન્ય થયેલા મૂઢ મનુષ્યો, તિર્યંચો, દેવો અને દાનવો બધા પણ ફસાય છે. (૮૯)

विसमा विसयभुयंगा, जेहिं डसिया जिआ भववणंमि ।
कीसंति दुहग्गीहिं, चुलसीई जोणिलक्खेसु ॥९०॥

અર્થ :–અતિ આકરા વિષવાળા વિષયરૂપી સર્પો જેઓને કરડે છે, તે જીવો ભવરૂપી અટવીમાં ૮૪ લાખ જીવયોનિને વિષે ભટકતા દુઃખરૂપ અગ્નિથી (સંતાપથી) ક્લેશ પામે છે. (૯૦)

संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किया जीवा ।
हियमहिअं अमुणंता, अणुहवंति णंतदुक्खाइं ॥९१॥

અર્થ :–આ સંસારકેદ–જેલરૂપી, ઉષ્ણ ઋતુમાં વિષયરૂપી દુષ્ટપવન વડે સ્પર્શાયેલા–લુખ લાગેલા અને તેથી હિત–અહિતને નહિ સમજતા બિચારા જીવો અનંતદુઃખોને ભોગવે છે. (૯૧)

हा हा दुरंतदुट्ठा, विसयतुरंगा कुसिक्खिआ लोए ।
भीसणभवाडवीए, पाडंति जिआण मुद्धाणं ॥९२॥

અર્થ :–હાય, હાય, ખેદની વાત છે કે જગતમાં અત્યંત દુષ્ટ અને કુશિક્ષિત (ઊલટી શિક્ષા પામેલા) એવા વિષયરૂપી ઘોડાઓ તેનો વિશ્વાસ કરનારા ભોળા જીવોને સંસારરૂપી ભયંકર અટવીમાં ખેંચી જાય છે, (રખડાવે છે) અર્થાત્ વિષયો સંસારમાં રઝળાવે છે. (૯૨)

विसयपिवासातत्ता, रत्ता नारीसुपंकिलसरंमि ।
दुहिया दीणा खीणा, रुलंति जीवा भववणंमि ॥९३॥

અર્થ: –વિષયોની તૃષાથી વ્યાકુળ થયેલા, અને તેથી ઘણા કાદવવાળા સ્રીરૂપી સરોવરમાં આસક્ત થએલા જીવો,

(તે સ્ત્રીઓના ભોગ ભોગવવાથી ભવોભવ) દુઃખિયા, દીન (ગરીબ) અને ક્ષીણ (અશક્ત–દુર્બળ) થઈને આ સંસારરૂપ અટવીમાં રઝળે છે. (૯૩)

गुणकारिआइं धणियं, घिइरज्जुनियंतिआइं तुह जीव ।
निययाइं इंदियाइं, वल्लिनिअत्ता तुरंगु व्व ॥९४॥

અર્થઃ–હે જીવ! બળવાન પણ વશ કરેલા ઘોડાની પેઠે (વશ કરેલો બલીષ્ઠ ઘોડો જેમ ઘણું કામ આપે તેમ) ધૈર્યરૂપી લગામ–દોર વડે વશ કરેલી તારી પોતાની ઈન્દ્રિયો તને ઘણો જ ગુણ કરનારી થશે. માટે ઈન્દ્રિયોને વશ કર. (૯૪)

मणवयणकायजोगा, सुनिअत्ता वि गुणकरा हुंति ।
अनिअत्ता पुण भंजंति, मत्तकरिणु व्व सीलवणं ॥९५॥

અર્થઃ–સારી રીતે વશ કરેલા મન, વચન અને કાયારૂપી યોગો ઘણો જ ગુણ કરે છે, અને વશ નહિ કરવાથી તે મહોન્મત્ત હાથીની પેઠે શીલરૂપી વનનો (ચારિત્રનો) વિનાશ કરે છે. (૯૫)

जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥९६॥

અર્થઃ–જેમજેમ જીવ દોષોથી વિરામ પામે, દૂર રહે, અને જેમ જેમ વિષયો તરફ વૈરાગ્યભાવ પ્રગટે, તેમ તેમ તે જીવને મોક્ષપદ નજીકમાં છે. એમ જાણવું.(૯૬)

दुक्करमेएहिं कयं, जेहिं समत्थेहिं जुव्वणत्थेहिं ।
भग्गं इंदिअसिन्नं, धिइपायारं विलग्गेहिं ॥९७॥

અર્થ :- ખરેખર દુષ્કર કાર્ય તો તેઓએ જ કર્યું કહેવાય કે જે પુરુષોએ પોતે શરીરે સમર્થ અને ભરયુવાનીમાં હોવા છતાં ધૈર્ય વા સંતોષરૂપી કિલ્લાને વળગીને (આશ્રય કરીને) ઈન્દ્રિયોરૂપ સૈન્યને નાશ પમાડયું. અર્થાત્ જેઓએ છતાં ભોગોએ પણ જુવાનીમાં ઈન્દ્રિયોને જીતી છે, તે ધન્ય છે. (૯૭)

ते धन्ना ताण नमो, दासोऽहं ताण संजमधराणं ।
अद्धच्छिपिच्छरिओ, जाण न हिअए खडुक्कंति ॥९८॥

અર્થ :- આ જગતમાં તે પુરુષો ધન્ય છે, તે પુરુષોને મારો નમસ્કાર થાઓ. અને તે સંયમધર મુનિઓનો હું દાસ છું કે જેઓના હૃદયમાં વાંકા નેત્રથી (કટાક્ષ)થી જોનારી સ્ત્રીઓ લેશમાત્ર પણ ખટકતી નથી. (૯૮)

किं बहुणा जइ वंछसि, जीव तुमं सासयं सुहं अरुअं ।
ता पिअसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥९९॥

અર્થ :- હે જીવ ઘણું શું કહીએ? જો તું રોગરહિત એટલે નિરાબાધ એવા શાશ્વતસુખની (મોક્ષ) ની ઇચ્છા રાખતો હોય તો વિષયોથી વિમુખ થઈને (વિષયોનો ત્યાગ કરીને) હંમેશાં સંવેગ (વૈરાગ્ય) રૂપી રસાયણનું પાન કર.

॥ भववैराग्यशतकम् ॥

संसारम्मि असारे, नत्थि सुहं वाहि-वेअणापउरे ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसिअं धम्मं ॥१॥

અર્થ:- અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓથી ભરપૂર એવા આ અસાર સંસારમાં આ જીવને કોઇપણ ગતિમાં ક્ષણ માત્ર પણ સુખ નથી. આવી રીતે આત્મા સંસારને અસાર જાણે છે છતાં પણ ભારેકર્મી હોવાથી વીતરાગ ભગવંતે ઉપદેશેલો દયામૂલ ધર્મ કરતો નથી, અને સંસારનો લોલુપી-લાલચુ થઇ ધર્મરત્નને ગુમાવે છે. ૧.

अज्ज कल्लं परं परारिं, पुरिसा चिंतंति अत्थसंपत्तिं ।
अंजलिगयं व तोयं गलंतमाउं न पिच्छन्ति ॥२॥

અર્થ:- પુરુષો ચિંતવે છે કે- "ધનની પ્રાપ્તિ આજે થશે, કાલે થશે, પોર મળશે, પરાર મળશે, પૈસા એકઠા કરી સુખી થઇશું; પૈસો મેળવી ધર્મ કરીશું." આવી રીતે વિચારમાંને વિચારમાં સમય ગુમાવે છે, પરંતુ તે પુરુષો "હથેળીમાં ઝરી રહેલું પાણી જાય તેમ આયુષ્ય જાય છે," તેને જોતા નથી. ૨.

जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।
बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥३॥

અર્થ :- મનુષ્યો ચિંતવે છે કે-કાલે ધર્મકાર્ય કરીશું પરંતુ કાલ કોણે દીઠી છે ?; કાલે શું થશે તેની કોને ખબર છે ? માટે હે ભવ્યો ! જે ધર્મકાર્ય કાલે કરવાનું હોય તેને વિલંબરહિત આજે જ કરજો-જરા પણ ઢીલ કરશો નહીં. ધર્મકાર્ય કરવામાં ખરેખર એક મુહૂર્ત માત્ર કાળ પણ ઘણા વિઘ્નોવાળો હોય છે. માટે પાછલા પહોરે કરવાનું હોય તેને પ્રથમ પહોરમાં જ કરી લ્યો, કારણ કે ક્ષણમાંહે આયુષ્ય પૂરું થશે તો તે વખતે શું કરશો ? ૩.

ही ! संसारसहाव–चरियं नेहाणुरायरत्ता वि ।
जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसन्ति ॥४॥

અર્થ : –સંસારના સ્વભાવનું અતિકારમું ચરિત્ર દેખી ખરેખર ખેદ થાય છે–દિલગીરી ઉપજે છે, કારણ કે સ્નેહના અનુરાગે આસક્ત અને પ્રીતિથી પરિપૂર્ણ એવા માતા–પિતા, બાંધવ, સ્રી વિગેરે સંબંધીઓ કે જેઓને પહેલે પહોરે સુખશાન્તિમાં દેખ્યા હતા તેઓ પાછલે પહોરે દેખાતા નથી ! સંસારનો આવો ભયંકર સ્વભાવ દેખીને પણ મુગ્ધ જીવો તેમાં જ આસક્તિ રાખે છે તે આશ્ચર્ય છે ! ૪.

मा सुयह जग्गियव्वे, पलाइयव्वम्मि किल विसमेह ? ।
तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ ॥५॥

અર્થ :- હે જીવો ! જાગવાને ઠેકાણે સુઈ ન રહો, ધર્મકૃત્યમાં પ્રમાદ ન કરો. કારણ કે કાળરૂપી પારધિ તમારી પછવાડે પડયો છે, જે અણુચિન્તવ્યો તમારો

વિનાશ કરી દુર્લભ મનુષ્યભવ નિષ્ફલ કરી નાખશે. વળી જ્યાંથી પલાયન કરી જવું જોઈએ ત્યાં વિસામો ખાવા કેમ બેઠા છો? કારણ કે-રોગ જરા અને મૃત્યુ એ ત્રણ ચોરો તમારી પછવાડે પડયા છે. માટે ધર્મકૃત્યમાં જરાપણ પ્રમાદ ન કરો, અને સંસારમાંથી જલ્દી પલાયન કરી જાઓ કે જેથી જન્મ, જરા, મૃત્યુ, રોગ અને શોકાદિનો ભય સદાને માટે વિનાશ પામે. ૫.

दिवस–निसाघडिमालं, आउसलिलं जिआण घेत्तूणं ।
चंदाइच्चबइल्ला, कालऽरहट्टं भमाडन्ति ॥६॥

અર્થ :- આ સંસારરૂપી કૂવો છે, સૂર્ય અને ચન્દ્રરૂપી રાતો અને ધોળો એવા બે બળવાન બળદ છે. તે સૂર્ય અને ચન્દ્રરૂપી બળદો દિવસ અને રાત્રિરૂપી ઘડાઓની પંક્તિ વડે જીવોના આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરી કાળરૂપી રેંટને ફેરવે છે-આયુષ્યરૂપી પાણી રાત્રિદિવસ ખૂટે છે, તેમ નજરે જોવા છતાં હે ભવ્ય પ્રાણીઓ! તમને સંસારથી ઉદાસભાવ કેમ થતો નથી? ૬.

सा नत्थि कला तं नत्थि, ओसहं तं नत्थि किंपि विन्नाणं ।
जेण धरिज्जइ काया, खज्जन्ती कालसप्पेण ॥७॥

અર્થ :- હે ભવ્યજીવો! કાળરૂપી સર્પે ખાવા માંડેલી દેહનું જેનાથી રક્ષણ કરી શકાય એવી કોઈ બહોંતેર કળામાંની કળા દેખાતી નથી, એવું કોઇ ઓસડ દૃષ્ટિગોચર થતું નથી, તેમ એવું કોઇ વિજ્ઞાન હસ્તી ધરાવતું નથી-બીજા સર્વ જાતિનાં વિષ ઉતરે પણ ડસેલા

કાળરૂપી સર્પનું વિષ ઉતરે નહીં. મહાસમર્થ પુરુષોનાં વજ્ર જેવાં શરીરને પણ કાળરૂપ સર્પ ગળી ગયો છે, તો પછી આપણા જેવાની કાચી કાયાનો શો ભરોસો? માટે વિલમ્બ રહિત ધર્મકૃત્ય કરી લ્યો. ૭.

दीहरफणिंदनाले, महियरकेसर दिसामहदलिल्ले ।
ओ! पीयइ कालभमरो, जणमयरंदं पुहविपउमे ॥८॥

અર્થઃ—ઘણી ખેદની વાત છે કે જેનું શેષનાગરૂપ મોટું નાળચું છે, જેના પર્વતોરૂપી કેસરા છે, જેના દશ દિશારૂપ વિશાળ પર્ણો છે એવા આ પૃથ્વીરૂપ કમળમાં, કાળરૂપ ભ્રમર, મનુષ્યરૂપ સમગ્ર લોકરૂપ રસને પીવે છે! ભમરો કમળમાંથી એવી રીતે રસ લે છે કે જેથી કમળને જરાપણ ઇજા થાય નહીં, વળી તે મધુરસ્વરે બોલીને પોતાના ખપ જેટલો જ થોડો થોડો રસ લે છે, પરન્તુ અહીં કાળરૂપ અસંતોષી ભમરો તો પૃથ્વીરૂપ કમળમાંથી સમગ્રલોકરૂપ રસને અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓરૂપ કૂરપણું વાપરી ચૂસી લે છે, એટલે કે—કૂર કાળ કોઈપણ પ્રાણીનું ભક્ષણ કર્યા વિના રહેતો નથી.

લોકોમાં એવું કહેવાય છે કે—આ સમગ્ર પૃથ્વીને શેષનાગે પોતાના મસ્તક ઉપર ઉપાડી રાખી છે. આવી લોકોક્તિથી અહીં પૃથ્વીરૂપ કમળનું શેષનાગરૂપ નાળચું કહ્યું. વળી જેમ કમળમાં કેસરા હોય છે તેમ અહીં પૃથ્વીરૂપ કમળને પર્વતોરૂપ કેસરા કહ્યા, અને દસ દિશાઓ મોટાં મોટાં પાંદડાઓને ઠેકાણે સમજવી, આવા

પૃથ્વીરૂપ મોટા કમળમાંથી લોકરૂપ રસને નિરન્તર પીતાં પણ કાળરૂપ ભમરો હજુ સુધી તૃપ્ત થતો નથી. અને તૃપ્ત થશે પણ નહીં! માટે હે ભવ્ય પ્રાણીઓ! કાળરૂપ અસંતોષી ભમરાના આસ્વાદનમાં ન અવાય એવા આત્મ-સ્વરૂપ પામવાના સાધન માટે પ્રમાદ ત્યાગી ઉદ્યમ કરો. ૮.

छायामिसेण कालो, सयलजिआणं छलं गवेसंतो ।
पासं कह वि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥९॥

અર્થ:–જે શરીરની છાયા દેખાય છે, અને નિરન્તર શરીરની સાથે જ ફરે છે, તે છાયા નથી પણ એ તો છાયાને બહાને કાળ ફરે છે. શત્રુ જેમ નિરન્તર છળ–ભેદને તાકતો ફરે છે અને ઝપાટામાં આવતાં પોતાનું કુકૃત્ય પૂરું કરે છે, તેમ છાયાને બહાને રાત્રિ–દિવસ છળ-ભેદને તાકતો ક્રૂર કાળ પ્રાણીની ક્યારેય પણ કેડ મૂકતો નથી. 'પ્રાણી ક્યારે સ્ખલના પામે કે એને હું પકડી લઉં' આવી દુષ્ટ વાંછાએ તે રાત્રિ–દિવસ છાયાને બહાને પાછળ પડેલો છે, તે ઓચિંતો જરૂર પકડી લેશે. અને તે વખતે તમને પશ્ચાત્તાપ થશે કે–'અરેરે! આપણે કાંઇ ધર્મસાધન કરી શક્યા નહીં!, માટે કાળના સપાટામાં આવ્યા નથી ત્યાં સુધીમાં જિનપ્રરૂપિત ધર્મને વિષે પ્રયત્ન કરી લ્યો. ૯

कालम्मि अणाइए, जीवाणं विविहकम्मवसगाणं ।
तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥१०॥

અર્થ:–અનાદિકાલને વિષે ક્રોધ, માન, માયા અને લોભને યોગે વિવિધ પ્રકારના કર્મને વશ થયેલા જીવોને

આ સંસારમાં એવો કોઈ સંબંધ નથી કે જે ન સંભવે, અર્થાત્ સમગ્ર સંબંધે આ જીવો સંસારમાં ભટક્યાં છે, પણ જો જિનવરનો ધર્મ સ્વીકારી રૂડી રીતે પાળે તો સંસારરૂપ ચક્રમાં ન ભમે. ૧૦.

बंधवा सुहिणो सव्वे, पिअ–माया पुत्त–भारिया ।
पेअवणाओ निअत्तन्ति, दाऊणं सलिलंजलिं ॥११॥

અર્થ:–હે જીવ! બાંધવ, મિત્રો, મા, બાપ, સ્ત્રી અને પુત્ર એ કોઈ તારા સગાં નથી, પણ દેહનાં સગાં છે. કારણ કે મૃત્યુ થયાં પછી દેહને બાળી પાણીની અંજલી આપી સ્મશાનથી પોતપોતાના સ્વાર્થને સંભારતા પોતપોતાને ઘેર પાછા જાય છે. પણ તેમાંનું કોઈ વહાલું સગું તારી સાથે આવતું નથી. માટે તેઓની ખોટી મૂર્છા ત્યાગી તારી સંગાથે આવનારા ધર્મનો આદર કર જેથી તારો જલ્દી નિસ્તાર થાય. ૧૧.

विहडन्ति सुआ विहडन्ति, बंधवा विहडन्ति सुसंचि आअत्था।
इक्को कह वि न विहडइ, धम्मो रे जीव ! जिणभणिओ।१२।

અર્થ:–હે જીવ! દીકરાઓનો વિયોગ થાય છે. બાન્ધવો વિખૂટા પડે છે, અને ઘણા પરિશ્રમથી મેળવેલી સમ્પત્તિ પણ વિયુક્ત થાય છે, એટલે કે તેમને મૂકીને તારે જવું પડશે, અથવા તને મૂકીને તેઓ ચાલ્યા જશે, પણ એક જિનરાજે કહેલા ધર્મનો કોઈ કાળે પણ વિયોગ થવાનો નથી, અર્થાત્ આ જીવને સાચું સગપણ તો ધર્મનું જ છે, બીજું સર્વ આળપંપાળ છે. માટે જિન-ધર્મ ઉપર સાચી શ્રદ્ધા રાખી તેનું જ સેવન કર. ૧૨.

अडकम्मपासबद्धो, जीवो संसारचारए ठाइ ।
अडकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥१३॥

અર્થ:—આ જીવ આઠ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો સંસારરૂપ બન્દીખાનામાં ઠામ ઠામ ભટકે છે. અને આઠ કર્મ-રૂપ પાશથી મૂકાયેલો એવો મોક્ષમન્દિરમાં જઈને રહે છે, માટે હે જીવ! તું આઠ કર્મરૂપ પાશને તોડીશ ત્યારે જ મોક્ષમન્દિરમાં જઈશ, અને અવિનાશી સુખ પામીશ. ૧૩.

विहवो सज्जणसंगो विसयसुहाइं विलासललिआइं ।
नलिणीदलग्गघोलिर—जललवपरिचंचलं सव्वं ॥१४॥

અર્થ:—આ જીવે માની લીધેલા જે સુખકારી પદાર્થો જેવા કે લક્ષ્મી, સગા સંબંધીઓનો સંગ, તથા સ્ત્રી વિગેરેનાં મનોહર વિલાસે કરી સુંદર એવા પાંચે ઇન્દ્રિયોના વિષયસુખ, એ સર્વ અતિશય ચંચલ છે. જેમ કમળપત્રના અગ્રભાગમાં રહેલું જલબિન્દુ અતિચપલ છે તેમ એ સર્વ અતિશય ચપલ છે—થોડા કાલમાં જ હતું નહતું થઈ જાય છે! માટે હે જીવ! આવા અસ્થિર પદાર્થોમાં શા માટે આસક્ત થાય છે? ૧૪.

तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ? ॥
सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥१५॥

અર્થ:—કાયાનું તે બળ ક્યાં ગયું? તે જુવાની ક્યાં ચાલી ગઈ? શરીરનું સૌન્દર્ય ક્યાં ગયું? તે સર્વ રૂપરંગ ક્યાં ચાલ્યા ગયા? અરે વૃદ્ધાવસ્થા આવી! હે પ્રાણીઓ આ સર્વ અનિત્ય છે તે સાક્ષાત્ જૂઓ—

તપાસો. જે સર્વ નાની વયમાં દેખ્યું હતું, તે સર્વ યમરાજાએ નષ્ટભ્રષ્ટ કરી દીધું–થોડા જ વખતમાં હતું ન હોતું થઇ ગયું. આ શરીરને ગમે તેટલી સાચવણીથી રાખશો તો પણ તેનું બળ સૌન્દર્ય અને જુવાની ટકવાની નથી વિનશ્વર છે, માટે જેની કરેલી સેવા કદાપિ નિષ્ફળ થતી નથી એવા ધર્મનું સેવન કરો. ૧૫.

घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ ।
पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ॥१६॥

અર્થ:–આ જીવ નિબિડ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો આ સંસારરૂપ નગરના ચારગતિરૂપ ચૌટામાં અનેક પ્રકારની વિડમ્બનાને પામે છે, અહીં તેનું કોણ શરણ છે? ૧૬

घोरंमि गब्भवासे कलमलजंबालअसुइबीभच्छे ।
वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥१७॥

અર્થ:–આ જીવ કર્મના પ્રભાવથી વીર્ય અને મળ-રૂપ કાદવને લીધે અપવિત્રતાથી ભરપૂર અને કંપારી છૂટે એવા ગંદા ભયાનક ગર્ભવાસમાં અનન્તી વખત વસ્યો ! આવા દુઃસહ દુઃખને પણ ભૂલી જઇ ફરીથી ગર્ભવાસમાં આવી દુઃખ ભોગવવાં પડે એવા કૃત્યો કરે છે ! પરંતુ પુનઃ ગર્ભવાસમાં આવવું ન પડે એવો ઉદ્યમ કરતો નથી ! ૧૭.

चुलसीई किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।
इक्किकम्मि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥१८॥

અર્થ:–લોકને વિષે જીવને ઉત્પન્ન થવાના સ્થાનક ચોરાશી લાખ યોનિ છે. તે એક એક યોનિમાં આ જીવે

અનન્તી વાર અવતાર લીધો! તો પણ હે પ્રાણી! તે ઉત્પત્તિ સ્થાનમાંથી કંટાળો પામી તું ધર્મકૃત્ય કરવામાં કેમ ઉદ્યમ કરતો નથી? ૧૮.

मायापियबंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।
बहुजोनिनिवासीहिं, न य ते ताणं च सरणं च ॥१९॥

અર્થ:–હે જીવ! સંસારમાં રહેલા અને ચોરાશી લાખ યોનિમાં નિવાસ કરતા એવા માતા–પિતા અને બન્ધુઓ વડે આ ચૌદ રાજલોક ભર્યો છે, પણ તે કોઈ તારું રક્ષણ કરવાને સમર્થ નથી, તેમ શરણ રાખવાને પણ સમર્થ નથી! માટે રક્ષણ કરવાને સમર્થ એવા જિન-ધર્મનું શરણ લે કે જેથી આધિ વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખથી પરિપૂર્ણ એવા આ સંસારથી મુક્ત થઈ શકે. ૧૯.

जीवो वाहिविलुत्तो, सफरो इव निज्जले तडप्फडई ।
सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे? ॥२०॥

અર્થ:–જ્યારે આ જીવ વ્યાધિથી ગ્રસ્ત થઈ જલ વિનાના માછલાની જેમ તડફડે છે–ટળવળે છે, હાય! ઓય! કરે છે, તે વખતે પાસે બેઠેલા સગાં સંબંધીઓ અસહ્ય દુઃખ દેખે છે છતાં તેમાંનું કોણ વેદના દૂર કરવાને સમર્થ થાય છે? અર્થાત્ કોઈ કાંઈ પણ વેદના નિવારવાને શક્તિમાન્ થતું નથી; પણ છેવટે અંત સમયે ધર્મનું શરણ બતાવે છે. માટે હે પ્રાણી! પરિણામે ધર્મનું શરણ તો કરવું જ પડે છે, તો પછી પ્રથમથી જ ધર્મનું શરણ લેવાને શા માટે વિલંબ કરે છે? ૨૦.

मा जाणसि जीव! तुमं, पुत्तकलत्ताइ मज्झ सुहहेऊ।
निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥२१॥

અર્થ:-હે જીવ ! તું આ સંસારને વિષે એકાંતે દુઃખના હેતુ જે પુત્ર સ્ત્રી મિત્રો વિગેરેને સુખના હેતુ જાણ નહીં, કારણ કે–સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર સ્ત્રી મિત્રો વિગેરે સગાં સંબંધીઓ આકરા સંસારબંધનનું કારણ થાય છે પણ સંસારમાંથી છોડાવતા નથી. માટે તે સંસાર-બંધન કરાવનારા સગાં સંબંધીઓમાં મમત્વ ભાવ નહીં રાખતા કર્મબંધનથી મુક્ત કરનાર ધર્મમાં દૃઢબુદ્ધિ કર. ૨૧.

जणणी जायइ जाया, जाया माया पिआ य पुत्तो अ।
अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२२॥

અર્થ:-આ સંસારમાં કર્મવશથી જીવોની અવ્યવસ્થા છે, એટલે એક જ પ્રકારની સ્થિતિ રહેતી નથી. કારણ કે –જે આ ભવમાં માતા હોય છે તે ભવાન્તરમાં સ્ત્રી પણ થાય છે, વળી જે સ્ત્રી હોય છે તે ભવાન્તરમાં માતારૂપે થાય છે, પિતા હોય તે ભવાન્તરમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, અને પુત્ર હોય છે તે ભવાન્તરમાં પિતારૂપે થાય છે, આ પ્રમાણે સંસારનું અનિયમિતપણું છે. સર્વ જીવો કર્મને વશ થઈ ભિન્નભિન્નરૂપે અવતાર લે છે, અને મોહાંધ થઈ મારું મારું કરે છે, પણ સમજતા નથી એક જ જાતની સ્થિતિ રહેવાની નથી. માટે હે જીવ ! તારી ચલ સ્થિતિનો વિચાર કર, અને સંસારની જૂઠી માયા અને મમત્વ ત્યાગી ધર્મધ્યાન ચૂક નહીં. ૨૨.

न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥२३॥

અર્થ:–ચૌદ રાજલોકમાં એવી કોઇ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી, અને એવું કોઈ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતીવાર જન્મ્યા નથી; અને અનંતીવાર મૃત્યુ પામ્યા નથી–સર્વ જીવો સર્વ સ્થાનકે અનંતીવાર જન્મ્યા છે અને મૃત્યુ પામ્યા છે. ૨૩

तं किंपि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तंपि ।
जत्थ न जीवा बहुसो, सुह दुक्खपरंपरं पत्ता ॥२४॥

અર્થ:–લોકને વિષે વાલના અગ્રભાગના અસંખ્યાતમાં ભાગ જેટલું પણ એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણીવાર સુખ દુઃખની પરંપરાને ન પામ્યા હોય અર્થાત્ જીવો સર્વ સ્થાનમાં સુખદુઃખની પરંપરા પામ્યા, પણ કર્મક્ષયની પરંપરા પામ્યા નહીં! ૨૪.

सव्वाओ रिद्धिओ, पत्ता सव्वे वि सयणसंबंधा ।
संसारे ता विरमसु, तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥

અર્થ:–હે જીવ સંસારને વિષે અનાદિકાલથી ભ્રમણ કરતાં તે દેવ અને મનુષ્યાદિની સર્વ સમૃદ્ધિ પામી, અને સર્વની સાથે મા, બાપ, બહેન, બન્ધુ, સ્ત્રી વગેરે સમગ્ર પ્રકારના સગપણ અનંતીવાર પામ્યો, પણ તેમાં તારી હજુ સુધી સિદ્ધિ થઈ નહીં. માટે પરિણામે દુઃખકર તે સમૃદ્ધિ અને સગપણોમાં મોહ માયા રાખ નહીં. અને

આત્મસ્વરૂપને જાણવા ઇચ્છતો હોય તો સંસારથી વિરામ પામ-સંસારથી વિરક્ત થા, કે જેથી ભવભ્રમણ ટળી અક્ષયસુખ મળે. ૨૫.

एगो बंधइ कम्मं, एगो वह-बंध-मरण वसणाइं ।
विसहइ भवम्मि भमडइ, एगु च्चिअ कम्मवेलविओ ॥२६॥

અર્થ :- આ જીવ એકલો જ કર્મબંધ કરે છે, વધ બંધ મરણ અને આપત્તિ એકલાને જ સહન કરવી પડે છે, પણ જે સ્ત્રી-પુત્રાદિને માટે તે અનેક પ્રકારના પાપારંભ કર્યા તે કોઈ તારી વેદનાનો ભાગ લેવા આવશે નહીં. વળી કર્મથી ઠગાયેલો એવો આ જીવ એકલો જ સંસારમાં ભટકયા કરે છે, પણ જો વીતરાગના વચન ઉપર શ્રદ્ધા રાખી ધર્મમાં આસક્ત થાય તો સંસારના બંધન છેદનાદિ છૂટે. ૨૬.

अन्नो न कुणइ अहिअं, हिअंपि अप्पा करेइ न हु अन्नो ।
अप्पकयं सुह-दुक्खं, भुंजसि ता कीस दीणमुहो ॥२७॥

અર્થ :-હે જીવ ! તું એમ ધારે છે કે-અમુક માણસે મારું બગાડયું, અને અમુકે સુધાર્યું; એમ ધારી રાગ-દ્વેષ કરે છે. પણ આ જગતમાં તારું કોઈ બગાડનાર યા સુધારનાર નથી, તું પોતે જ તારું અહિત કરે છે અને તું પોતે જ સારાં નરસાં કર્મ કરી સુખ-દુઃખને ભોગવે છે, બીજો કોઈ હિતાહિત કરતો નથી, તો પછી શા માટે દયામણું મુખ કરે છે ? અને બીજાઓના દોષ દેખે છે ? ૨૭.

बहुआरंभविढत्तं, वित्तं विलसंति जीव सयणगणा ।
तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२८॥

અર્થ :-હે જીવ ! તેં ખેતી વ્યાપારાદિ અનેક પ્રકારના આરંભ કરી, કૂડ કપટ પ્રપંચાદિ અનેક પ્રકારના અનર્થો કરી, નીચસેવાદિ અનેક પ્રકારનાં અકાર્યો કરી, અને પરદેશભ્રમણાદિ અનેક પ્રકારનાં જોખમો ખેડી મહા પરિશ્રમે ધન ઉપાર્જન કર્યું, પરંતુ તે ધનને સ્વજન–સગા સંબંધીઓ વિલસે છે–ભોગવે છે. એટલે તે ધનનું ફળ તો તેઓ ભોગવે છે ! પણ તે દ્રવ્ય ઉપાર્જન કરતાં બાંધેલા અનેક પ્રકારનાં પાપકર્મો તો તારે જ ભોગવવાં પડે છે, તેઓ કોઈ ભોગવવા આવતા નથી. માટે હે આત્મન્ ! કાંઈક સમજ. બીજાઓને માટે પાપના પોટલા બાંધી દુઃખી ન થા, અને ન્યાયથી ધન ઉપાર્જન કરી યથાશક્તિ ધર્મકાર્યોમાં તેનો વ્યય કર, કે જેથી તારો પરિશ્રમ ફલીભૂત થાય. ૨૮.

अह दुक्खिआइं तह, भुक्खिआइ जह चिंतिआइं डिंभाइं ।
तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव किं भणिमो ॥२९॥

અર્થ :-હે જીવ તેં મૂઢ બની 'અરે ! આ મારા બાળક દુખ્યા છે, ભૂખ્યા છે, વસ્ત્ર રહિત છે' ઈત્યાદિ રાત્રિ દિવસ ચિન્તવન કર્યું, તેઓને પડતી અગવડો ટાળવા ઈલાજો લીધા. પણ તે તારા આત્માની થોડી પણ ચિંતા કરી નહીં કે મેં મારા આત્માનું શું સાર્થક કર્યું ? કેવલ રાત્રિ–દિવસ પરભાવમાં જ મગ્ન રહ્યો. તું મૂઢ બન્યો છે ! તને કેટલો ઉપદેશ આપીએ ? વધારે શું કહીએ ? ૨૯.

खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो ।
कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥३०॥

અર્થ :-હે જીવ! આ શરીર ક્ષણભંગુર છે-ક્ષણ વિનાશી છે—અશાશ્વતું છે, અને આત્મા તેથી જુદો શાશ્વત સ્વરૂપ છે. અવિનાશી છે. કર્મના વશથી તારો તેની સાથે સંબંધ થયો છે, તો પછી તારાથી વિરૂદ્ધ ધર્મવાળા એવા આ શરીરમાં તારી શી મૂર્છા છે? શરીર ઉપરથી મમત્વ-ભાવ ત્યાગી આત્મસ્વરૂપમાં રમણ કર. ૩૦.

कह आयं कह चलियं, तुमंपि कह आगओ कहं गमिहि ।
अन्नुन्नंपि न याणह, जीव कुडुंबं कओ तुज्झ ॥३१॥

અર્થ :—હે આત્મન્! જેના ઉપર તારો ઘણો મોહ છે- ઘણી પ્રીતિ છે તે માતા પિતા, પત્ની, પુત્ર વિગેરે કુટુંબ કયાંથી આવ્યું? અને કયાં ગયું? તું પણ કઇ ગતિ-માંથી આવ્યો? અને કયાં જઇશ? આ પ્રમાણે કુટુંબની તને અને તારા કુટુંબને ખબર પણ નથી, તો પછી તારું એ કુટુંબ કયાંથી? અને તે કુટુંબનો કયાંથી? કે જેથી તું 'મારું કુટુંબ મારું કુટુંબ' કરતો ભટકે છે. ૩૧.

खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे ।
सारं इत्तियमेत्तं, जं किरइ सोहणो धम्मो ॥३२॥

અર્થ :-વાદળાના સમૂહ સમાન મનુષ્યભવમાં, ક્ષણભંગુર દેહે જે સુંદર ધર્મ કરાય છે તેટલો જ માત્ર સાર છે. ૩૨.

जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतुणो ॥३३॥

અર્થ :—જન્મનું દુઃખ, જરાનું દુઃખ રોગો અને

મરણો ! અહો ! સંસાર જ દુઃખરૂપ છે કે જ્યાં જીવો પીડા અનુભવે છે. ૩૩.

जाव न इंदियहाणी, जाव न जररक्खसी परिप्फुरइ ।
जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअइ ॥३४॥

અર્થ :-જ્યાં સુધી ઇંદ્રિયોની ક્ષીણતા નથી, જ્યાં સુધી વૃદ્ધાવસ્થારૂપી રાક્ષસી વ્યાપતી નથી, જ્યાં સુધી રોગના વિકારો નથી અને જ્યાં સુધી મૃત્યુ ભેટતું નથી, ત્યાં સુધીમાં હે આત્મન્ ! ધર્મનું સેવન કરી લે. ૩૪.

जह गेहंमि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ ।
तह संपत्ते मरणे धम्मो कह कीरए जीव ॥३५॥

અર્થ :-જેમ ઘર બળતું હોય ત્યારે કુવો ખોદવાને કોઇ શક્તિવંત ન હોય તેમ મૃત્યુ નજીક આવતાં ધર્મ શી રીતે કરી શકાય ? ૩૫.

रूवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीअं ।
संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥३६॥

અર્થ :-આ રૂપ અશાશ્વત છે. જગતમાં જીવિત વિદ્યુલ્લતા જેવું ચપલ છે. અને યૌવન સંધ્યારંગની જેમ ક્ષણ માત્ર રમણીય છે. ૩૬.

गयकन्नचंचलाओ, लच्छीओ तिअसचावसारिच्छे ।
विसयसुहं जीवाण, बुज्झसु रे जीव मा मुज्झ ॥३७॥

અર્થ :-લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે. જીવોનું વિષયસુખ ઇંદ્રિયધનુષ્ય જેવું છે. રે જીવ ! તું સમજ અને મોહ ન પામ. ૩૭

जह संझाए सउणाण, संगमो गहे पहे अ पहिआणं ।
सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीवो ॥३८॥

અર્થ:-આત્મન્ ! સંધ્યા સમયે પંખીઓનો સંગમ અને માર્ગમાં જેમ પથિકોનો સમાગમ ક્ષણિક છે તેમ સ્વજનોનો સંયોગ ક્ષણભંગૂર છે. ૩૮.

निसाविरामे परिभावयामि गेहे पलित्ते किमहं सुयामि ।
डज्झंतमप्पाणमुवक्खयामि, जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥

અર્થ : રાત્રિના અંતે ફરી ફરીને વિચારું છું કે, 'બળતા ઘરમાં હું કેમ સૂઈ રહ્યો છું ? દાઝી રહેલા આત્માને હું ઉપેક્ષી રહ્યો છું ? અને ધર્મરહિત દિવસો પસાર કરું છું.' ૩૯.

जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।
अहम्मं कुणमाणस्स, अहला जंति राइओ ॥४०॥

અર્થ :-જે જે રાત્રિ જાય છે તે ફરી આવતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ અફળ જાય છે. ૪૦

जस्सऽत्थि मच्चुणा सक्खं, जस्स वऽत्थि पलायणं ।
जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥४१॥

અર્થ:- જેને મૃત્યુ સાથે મિત્રતા છે અથવા જેને એનાથી નાસવાનુ છે અથવા 'મરીશ નહિ' એમ જે જાણે છે તે 'આવતી કાલે ધર્મ થશે' એવી ઇચ્છા કદાચિત્ કરે તો ભલે. ૪૧.

दंडकलिअं करित्ता, वच्चंति हु राइओ य दिवसा य ।
आउं संविल्लंता, गया वि न पुणो नियत्तंति ॥४२॥

અર્થ:–દંડથી ઉખેળાતા સૂત્રની જેમ રાત્રિ–દિવસો આયુષ્યને ઉખેળી રહ્યા છે, પરંતુ ગયેલા તે ફરી પાછા આવતા નથી. ૪૨.

जहेह सीहो व मियं गहाय, मच्चू नरं णेइ हु अंतकाले ।
न तस्स माया न पिया न भाया, कालंमि तम्मि-
सहारा भवति ॥४३॥

અર્થ:–આ લોકમાં જેમ સિંહ મૃગને પકડીને લઈ જાય છે તેમ અંતસમયે મૃત્યુ માણસને પકડીને લઈ જાય છે. તે સમયે માતા, પિતા કે ભાઈ સહાયક બનતા નથી. ૪૩.

जीअं जलबिंदुसमं, संपत्तीओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसु तं करिज्जासु ॥४४॥

અર્થ :– જીવિત જલબિંદુ જેવું છે, સંપત્તિઓ જળના તરંગની જેમ ચંચળ છે અને સ્નેહ સ્વપ્ન સમાન છે. જે જાણુ તે કર. ૪૪

संझरागजलबुब्बुओवमे, जीविए अ जलबिन्दुचंचले ।
जुव्वणे य नइवेगसंनिभे, पावजीव ! किमियं न बुज्झसे ।४४

અર્થ:– સંધ્યાના રંગ અને પાણીના પરપોટા સમાન જીવિત જળબિંદુ જેવું ચંચળ હોવા છતાં અને યૌવન નદીના પૂર જેવું હોવા છતાં, હે પાપાત્મન્! તું બોધ કેમ પામતો નથી. ૪૫.

अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणोवि अन्नत्थ ।
भूअबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयंतेण ॥४६॥

અર્થઃ-હા ! ભૂતને ફેંકાતા બલિની જેમ યમદેવે કુટુંબને છૂટુ છવાયું ફેંક્યું છે; પુત્રને અન્યત્ર, પત્નીને અન્યત્ર અને સ્વજનોને પણ અન્યત્ર. ૪૬.

जीवेण भवे भवे. मिलयइ देहाइ जाइ संसारे ।
ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥४७॥

અર્થઃ-સંસારમાં ભવે ભવે જે શરીરો જીવે પ્રાપ્ત કર્યાં છે. તેની સંખ્યા અનંત સાગરોપમોથી નથી કરી શકાતી. ૪૭.

नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ ।
गलियं रुअमाणीणं, माऊणं अन्नमन्नाणं ॥४८॥

અર્થ :- ભિન્ન ભિન્ન જન્મોમાં મળેલી માતાઓના નયનમાંથી રડતી સમયે વહેલું જળ પણ સાગરના જળથી અધિક હોય છે. ૪૮.

जं नरए नेरइया, दुहाइ पावंति घोरणंताइ ।
तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४९॥
तम्मि वि निगोअमज्झे, वसिओ रे जीव विविहकम्मवसा ।
विसंहतो तिक्खदुहं, अणंतपुग्गलपरावत्ते ॥५०॥

અર્થઃ-નરકમાં નારકો જે ઘોર અને અનંત દુઃખો પામે છે તેથી અનંતગણું દુઃખ નિગોદમાં હોય છે. ૪૯.

રે આત્મન્ ! વિવિધ કર્મની આધીનતાથી તે નિગોદમાં પણ અનંત પુદ્ગલપરાવર્ત્ત સુધી તીક્ષ્ણ દુઃખ સહન કરતો તું રહ્યો. ૫૦.

निद्दरीअ कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।
तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणिसरिच्छो ॥५१॥

અર્થઃ- રે જીવ, ત્યાંથી કોઇપણ રીતે નિકળીને મનુષ્યપણું પણ તું પામ્યો, તેમાં પણ ચિંતામણી સદશ જિનધર્મ તને પ્રાપ્ત થયો. ૫૧.

पत्तेवि तम्मि रे जीव, कुणसि पमायं तुमं तयं चेव ।
जेणं भवंधकूवे पुणोवि पडिओ दुहं लहसि ॥५२॥

અર્થઃ- તે પ્રાપ્ત થયાં છતાં પણ, રે જીવ. તે જ પ્રમાદ તું કરે છે કે જે પ્રમાદથી ભવાંધકૂપમાં ફરી વાર પણ પડીને તું દુઃખ પામે છે. ૫૨.

उवलद्धो जिणधम्मो न य अणुचिण्णो पमायदोसेणं ।
हा जीव ! अप्पवेरिअ, सुबहुं परओ विसूरिहिसि ॥५३॥

અર્થઃ-રે આત્મન્! જિનધર્મ મળ્યો પરંતુ પ્રમાદ દોષથી તેનું સેવન થયું. અરે આત્મવૈરી, પરલોકમાં તું ખૂબ ખેદ પામીશ. ૫૩.

सोअंति ते वराया, पच्छा समुवट्ठियंमि मरणंमि ।
पावपमायवसेणं, न संचियो जेहिं जिणधम्मो ॥५४॥

અર્થઃ-પાપરૂપ પ્રમાદને આધીન થઇને જેઓએ જિનધર્મનો સંચય નથી કર્યો તે રંકજનો પછી મરણ ઉપસ્થિત થતા શોક કરે છે. ૫૪.

धी धी धी संसारं, देवो मरिऊण जं तिरी होइ ।
मरिऊण रायराया, परिपच्चइ निरयजालाए ॥५५॥

અર્થ: જે સંસારમાં દેવો મૃત્યુ પામીને તિર્યંચ બને છે અને રાજાધિરાજ મરણ પામીને નરકની જ્વાલાથી અતિશય પકાય છે તે સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો! ધિક્કાર હો! ૫૫.

जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।
धणधन्ना हरणाइं घरसयणकुडुंबमिल्लेवि ॥५६॥

અર્થ:–કર્મરૂપી પવનથી હણાયેલો આત્મા ધન, ધાન્ય, આભરણ, ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને, પવનથી પડી ગયેલા વૃક્ષના પુષ્પની જેમ અનાથ બનીને જાય છે. ૫૬.

वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झंमि ।
रुक्खग्गेसु य वसियं, संसारे संसरंतेणं ॥५७॥
देवो नेरइओत्ति य, कीडपयंगुत्ति माणुसो एसो ।
रूवस्सी य विरूवो, सुहभागी दुक्खभागी य ॥५८॥
राउत्ति य दमगुत्ति य, एस सवागुत्ति एस वेयविऊ ।
सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति ॥५९॥
नवि इत्थ कोइ नियमो, सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरूववेसो, नडुव्व परिअत्तए जीवो ॥६०॥

અર્થ:– સંસારમાં પર્યટન કરતાં તારો નિવાસ ગિરિમાં થયો છે. ગુફામાં થયો છે, મધ્ય સમુદ્રમાં થયો છે અને વૃક્ષની ટોચે પણ થયેલો છે. ૫૭.

તું દેવ બન્યો છે અને નારક બન્યો છે. કીડો અને

પતંગ થયો છે અને મનુષ્ય પણ થયેલો છે. તે જ તું સોહામણો અને કુરૂપ બન્યો છે; સુખી બન્યો છે અને દુઃખી બન્યો છે. ૫૮.

તું રાજા અને ભિખારી બન્યો છે. તે જ તું ચંડાળ અને વેદપાઠી, સ્વામી અને દાસ, પૂજ્ય અને દુર્જન, નિર્ધન અને ધનવાન થયો છે. ૫૯.

એમાં કોઇ નિયમ નથી. સ્વકૃત કર્મની રચના પ્રમાણે ચેષ્ટા કરતો જીવ નટની જેમ ભિન્ન ભિન્ન રૂપ અને વેશ ધારણ કરીને પરાવર્ત્તન પામે છે. ૬૦

नरएसु वेअणाओ, अणोवमाओ असायबहुलाओ ।
रे जीव तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥६१॥
देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।
भीसणदुहं बहुविहं अणंतखुत्तो समणुभूअं ॥६२॥
तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा ।
जम्मणमरणरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ॥६३॥

અર્થ:-રે જીવ ! દુઃખથી ભરપૂર અને ઉપમારહિત બહુવિધ વેદનાઓ નારકીમાં અનંતીવાર તેં પ્રાપ્ત કરી છે. ૬૧.

દેવભવમાં અને માનવભવમાં, પરાધીનતાને પામીને અનેક પ્રકારનું ભીષણ દુઃખ તેં અનુભવ્યું છે. ૬૨.

અનેક પ્રકારની મહાભયંકર વેદનાયુક્ત તિર્યંચ-ગતિને પામીને ત્યાં જન્મ મરણ રૂપ રેંટમાં અનંતીવાર પરિભ્રમણ તેં કર્યું છે. ૬૩.

जावंति केवि दुक्खा, सारीरा माणसा व संसारे ।
पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥६४॥

અર્થ:-સંસારમાં જેટલા શારીરિક અને માનસિક દુઃખો છે તે સર્વ જીવે ભવાટવીમાં અનંતીવાર પ્રાપ્ત કર્યાં છે. ૬૪.

तण्हा अणंतखुत्तो, संसारे तारिसी तुमं आसी ।
जं पसमेउं सव्वोदहीणमुदयं न तिरिज्जा ॥६५॥

અર્થ:-સંસારમાં અનંતવાર તને એવી તૃષા થઈ હતી કે જેને શમાવવાને સકલ સાગરનું પાણી અસમર્થ થાય. ૬૫.

आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसिया ।
जं पसमेउं सव्वो, पुग्गलकाओवि न तीरिज्जा ॥६६॥

અર્થ:-સંસારમાં અનંતીવાર તારી ભૂખ પણ એવા પ્રકારની હતી કે જે શમાવવાને સર્વ પુદ્ગલો અસમર્થ થાય. ૬૬.

काऊणमणेगाइं, जम्मणमरणपरिअट्टणसयाइं ।
दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छियं जीवो ॥६७॥
तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।
धम्मंमि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥६८॥

અર્થ:-અનેક જન્મ મરણોના સેંકડો પરાવર્તનો કરીને મહાકષ્ટે જ્યારે જીવ મનુષ્યપણું પામે છે ત્યારે તેનું યથેચ્છિત તે પ્રાપ્ત કરે છે. ૬૭.

પરંતુ તે દુર્લભ અને વિદ્યુલ્લતા જેવું ચપળ મનુષ્યપણું પામીને જે ધર્મકાર્યમાં ખેદ કરે છે તે ક્ષુદ્ર પુરુષ છે, સત્પુરુષ નહિ. ૬૮.

माणुस्सजम्मे तडि लद्धयंमि, जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुकएणं, हत्था मल्लेव्वा य अवस्स तेणं ।६९।

અર્થ :-જેમ ધનુર્ધારીની દોરી તૂટી ગયા પછી તેને અવશ્ય હાથ ઘસવા પડે છે તેમ સંસારસાગરના કિનારારૂપી માનવજન્મને પામીને જેણે જિનેન્દ્રધર્મનું સેવન નથી કર્યું તેને અવશ્ય હાથ ઘસવાનું રહેશે. ૬૯.

रे जीव निसुणि चंचलसहाव, मिल्लेवि णु सयल वि बज्झभाव।
नवभेयपरिग्गहविविहजाल, संसारि अत्थि सहु इंदयाल ।७०।

અર્થ :-રે આત્મન્ ! સાંભળ, ચંચળ સ્વભાવવાળા સકલ બાહ્ય ભાવોનો અને નવવિધ પરિગ્રહની વિવિધ જાળને મૂકીને જવાનું છે. માટે સંસારમાં સઘળું ઈંદ્રજાળ જેવું છે.૭૦.

पियपुत्तमित्तघर-घरणीजाय इहलोइय सव्व नियसुहसहाय ।
न वि अत्थि कोइ तुह सरणि मुक्ख इक्कल्लु सहसि
तिरिनिरयदुक्ख ॥७१॥

અર્થ :-હે મૂર્ખ ! આ લોકમાં પિતા, પુત્ર, મિત્ર, ગૃહિણી વિગેરેનો સમૂહ પોતાનું સુખ શોધવાના સ્વભાવવાળો છે. કોઈ તને શરણરૂપ નથી. તિર્યંચ અને નરકના દુઃખો તું એકલો જ સહન કરીશ ૭૧.

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मणुआण जीवियं, समयं गोयम मा पमायए ॥७२॥

અર્થ :-જેમ ડાભના અગ્રભાગે ઝુલતું જળબિંદુ

થોડી જ વાર ટકે છે, તેમ મનુષ્યનું જીવિત થોડી જ વાર ટકે છે. હે ગૌતમ ! એક સમય પણ પ્રમાદ ન કર.૭૨

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पिच्च दुल्लहा ।
नो हु उवणमंति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥७३॥

અર્થ :-તમે બોધ પામો. તમે શાને બોધ નથી પામતા ? ખરેખર, મૃત્યુ પામ્યા પછી અન્ય ભવમાં બોધિબીજ દુર્લભ છે. જેમ ગયેલા રાત્રિ–દિવસો નિશ્ચે પાછા આવતા નથી. તેમ જીવિત ફરીફરી સુલભ નથી. ૭૩

डहरा बुड्ढा य पासह, गब्भत्था वि चयंति माणवा ।
सेणे जह वट्टायं हरे, एवमाउक्खयंमि तुट्टइ ॥७४॥

અર્થ :– જુઓ ! બાળકો, વૃદ્ધો અને ગર્ભમાં રહેલા મનુષ્યો પણ મૃત્યુ પામે છે. બાજ પક્ષી જેમ તેતરનું હરણ કરે છે તેમ આયુષ્યનો ક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે. ૭૪.

तिहुयणजणं मरंतं, दट्ठुण नयंति जे न अप्पाणं ।
विरमंति न पावाओ धी धी धीट्ठत्तणं ताणं ॥७५॥

અર્થ :– ત્રણ ભુવનમાં જનોને મરતા જોઇને જેઓ આત્માને ધર્મમાર્ગે દોરતા નથી અને પાપથી અટકતા નથી તેમની ધૃષ્ટતાને ધિક્કાર થાઓ. ૭૫.

मा मा जंपह बहुयं जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।
सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥७६॥

અર્થ :– ચીકણાં કર્મથી જે બંધાયેલા છે તેમને બહુ બોધ ન આપો. તે સૌને હિતોપદેશ મહાદ્વેષમાં પરિણમે છે. ૭૬.

कुणसि ममत्तं धणसयणविहवपमुहेसु अणंतदुक्खेसु ।
सिढिलेसि आयरं पुण, अणंतसुक्खंमि मुक्खंमि ॥७७॥

અર્થ :- અનંતદુઃખના કારણરૂપ એવા ધન, સ્વજન અને વૈભવ વિગેરેમાં તું મમત્વ કરે છે પરંતુ અનંત સુખરૂપ મોક્ષમાં તું આદરને શિથિલ કરે છે. ૭૭.

संसारो दुहहेऊ, दुक्खफलो दुसहदुक्खरूवो य ।
न चयंति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥

અર્થ :- દુઃખનું જે કારણ છે, દુઃખનું જે ફલ છે અને જે અસહ્ય દુઃખરૂપ છે તે સંસારને પણ સ્નેહની સાંકળથી અતિશય બંધાયેલા જીવો ત્યજતા નથી. ૭૮.

नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।
का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ ॥७९॥

અર્થ :- ઘોર સંસાર અટવીમાં સ્વકર્મરૂપી પવનથી ચલિત થયેલો જીવ અસહ્ય વેદના યુક્ત કઈ કઈ વિટંબણાઓ પામતો નથી ? ૭૯.

सिसिरम्मि सीयलानिललहरिसहस्सेहि भिन्नघणदेहो ।
तिरियत्तणम्मिऽरण्णे, अणंतसो निहणमणुपत्तो ॥८०॥
गिम्हायवसंतत्तो-ऽरण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरंतो ॥८१॥
वासासुऽरण्णमज्झे, गिरिनिज्झरणोदगेहि वज्झंतो ।
सीयानिलडज्झविओ, मओसि तिरियत्तणे बहुसो ॥८२॥

एवं तिरियभवेसु, कीसंतो दुक्खसयसहस्सेहिं ।
वसिओ अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥८३ ॥

અર્થ :– તિર્યંચભવે અરણ્યમાં, શિશિર ઋતુના શીતલ પવનના હજારો સુસવાટાથી તારો પુષ્ટ દેહ ભેદાયો છે. અને અનંતવાર તું મૃત્યુને પ્રાપ્ત થયો છે. ૮૦.

તિર્યંચભવે અરણ્યમાં ગ્રીષ્મ ઋતુનાં તાપથી અત્યંત તપેલો અનેકવાર ક્ષુધા તથા તૃષાવાળો તું ઘણો જ ખેદ પામતો મરણદુઃખ પામ્યો છે. ૮૧.

તિર્યંચભવે અટવીમાં વર્ષાઋતુમાં ગિરિનિર્ઝરણાના જળથી તણાતો અને શીતળ વાયુથી દાઝેલો તું અનેકવાર મૃત્યુ પામ્યો છે. ૮૨.

ભીષણ ભવવનને વિષે તિર્યંચભવમાં જીવ એવી રીતે લાખો દુઃખોથી પીડાતો, અનંતીવાર વસેલો છે. ૮૩

दुट्ठट्ठकम्मपलयानिलपेरिओ, भीसणंमि भवरण्णे ।
हिंडंतो नरएसु वि, अणंतसो जीव पत्तोसि ॥८४॥
सत्तसु नरयमहीसु वज्जानलदाहसीयवियणासु ।
वसियो अणंतखुत्तो, विलवंतो करुणसद्देहिं ॥८५॥

અર્થ :–રે જીવ! દુષ્ટ અષ્ટ કર્મરૂપી પ્રલયના પવનથી પ્રેરાઈને ભીષણ ભવાટવીમાં ભટકતાં નારકીમાં પણ તું જઈ ચૂકયો છું. ૮૪

જ્યાં વજ્રના અગ્નિ જેવો દાહ છે અને અતિશય ઠંડી છે તે સાત નરક પૃથ્વી વિષે કરૂણ શબ્દોથી વિલાપ કરતો તું અનંતીવાર વસેલો છે. ૮૫.

पियमायसयणरहिओ, दुरंतवाहीहि पीडिओ बहुसो ।
मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥८६॥

અર્થ :-નિઃસાર માનવભવમાં, પિતા, માતા અને સ્વજન વિહોણો તથા દુરંત વ્યાધિથી અનેકવાર પીડાતો તું વિલાપ કરતો હતો તે તું કેમ યાદ કરતો નથી? ૮૬

पवणुव्व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो ।
ठाणट्ठाणंमि समुज्झिऊण धणसयणसंघाए ॥८७॥

અર્થ :-સ્થાને સ્થાને ધન અને સ્વજનના સમૂહને મૂકીને ભવભવનમાં જીવ, ગગનમાર્ગમાંના પવનની જેમ અદૃશ્ય રહીને, ભમે છે. ૮૭

विद्धिज्जंता असयं, जम्मजरामरणतिक्खकुंतेहिं ।
दुहमणुहवंति घोरं, संसारे संसरंत जिआ ॥८८॥
तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा ।
संसारचारगाओ, न य उव्विज्जंति मूढमणा ॥८९॥

અર્થ :-સંસારમાં ભટકતા જીવો જન્મ, જરા અને મૃત્યુરૂપ તીક્ષ્ણ ભાલાઓથી અનેકવાર વીંધાતા ઘોર દુઃખ અનુભવે છે. ૮૮

તો પણ અજ્ઞાનસર્પથી ડસાયેલા મૂઢમનવાળા જીવો સંસારકારાગૃહથી, ખરેજ, કદિપણ ક્ષણમાત્ર ઉદ્વેગ અનુભવતાં નથી. ૮૯

कीलसि कियंतवेलं, सरीरयवावीइ जत्थ पइसमयं ।
कालरहट्टघडि हिं सोसिज्जइ जीविअंभोहं ॥९०॥

અર્થ:-જે દેહીવાવડી પ્રતિક્ષાળમય કાળરૂપી રેંટના વડે જીવિતરૂપી જળસમૂહ શોષાઈ જાય છે ત્યાં તું કેટલો સમય ક્રીડા કરીશ? ૯૦

रे जीव मुज्झ मा बुहझ मा पमायं करेसि रे पाव ।
किं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण ॥९१॥

અર્થ:-રે આત્મન્! બોધ પામ. મોહ ન કર. રે પાપ! પ્રમાદ ન કર. રે અજાણ! પરલોકમાં ભારે દુઃખનું ભાજન શા માટે થાય છે? ૯૧

बुज्झ रे जीव तुमं, मा मुज्झसु जिणमयम्मि नाऊणं ।
जम्हा पुणरवि एसा, सामग्गी दुल्लहा जीव ॥९२॥

અર્થ:-રે જીવ! બોધ પામ, જિનમતને જાણીને મોહ ન પામ. કારણ કે, હે જીવ, આ સામગ્રી ફરીને મળવી દુર્લભ છે. ૯૨

दुल्लहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।
दुस्सहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥९३॥

અર્થ:-જિનધર્મની પુનઃ પ્રાપ્તિ દુર્લભ છે; તું પ્રમાદી અને સુખનો અભિલાષી છો; નરકદુઃખ દુઃસહ છે. તારૂં શું થશે તે અમે નથી જાણતા. ૯૩

अथिरेण थिरो समलेण, निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ॥९४॥

અર્થ:-અસ્થિર, મલિન અને પરાધીન દેહથી જો સ્થિર, નિર્મળ અને સ્વાધીન ધર્મ ઉપાર્જન થઈ શકે છે તો તને શું પ્રાપ્ત નથી થયું? ૯૪

जह चिंतामणिरयणं, सुलहं न हु होइ तुच्छविहवाणं ।
गुणविहववज्जियाणं जियाण तह धम्मरयणंपि ॥९५॥

અર્થ :–તુચ્છ વિભાવવાળાઓને જેમ ચિંતામણિ રત્ન સુલભ નથી હોતું તેમ ગુણરૂપી વિભવથી રહિત જીવોને ધર્મરત્ન પણ સુલભ નથી હોતું. ૯૫

जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।
तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥९६॥

અર્થ :– જન્માંધ જીવોને જેમ ચક્ષુનો યોગ ન હોય તેમ મિથ્યાત્વથી અંધજીવોને જિનધર્મનો યોગ ન હોય. ૯૬.

पच्चक्खमणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसो वि ।
तहवि हु अन्नाणंधा, न रमंति कयावि तम्मि जिया ॥९७॥

અર્થ :–જિનેન્દ્રધર્મમાં પ્રત્યક્ષ અનંતગુણો છે અને દોષ લેશમાત્ર નથી તો પણ અજ્ઞાનથી અંધજીવો, ખરે જ તેમાં રમણ કરતાં નથી. ૯૭.

मिच्छे अणंत दोसा, पयडा दीसंति न वि य गुणलेसो
तहवि य तं चेव जिया, ही मोहंधा निसेवंति ॥९८॥

અર્થ :– મિથ્યાત્વમાં અનંતદોષો પ્રગટ દેખાય છે અને તેમાં ગુણ લવલેશ પણ નથી. છતાં મોહાંધજીવો તેને જ સેવે છે. હા ખેદ ! ૯૮.

धिद्धि ताण नराणं, विन्नाणे तह कलासु कुसलत्तं ।
सुहसच्चधम्मरयणे सुपरिक्खं जे न जाणंति ॥९९॥

અર્થ:- જેઓ સુખદ સત્યધર્મરૂપ રત્નની સારી રીતે પરીક્ષા નથી કરી શકતા તે પુરુષોની વિજ્ઞાનની અને કળાની કુશળતાને ધિક્કાર હો ! ધિક્કાર હો ! ૯૯.

जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥१००॥

અર્થ :- આ જિનધર્મ જીવોને માટે અપૂર્વ કલ્પતરુ છે; સ્વર્ગ અને મુક્તિના સુખરૂપ ફલને તે આપનાર છે. ૧૦૦

धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरु ।
मुक्खमग्गपयट्टाणं, धम्मो परमसंदणो ॥१०१॥

અર્થ:- ધર્મ બંધુ અને સુમિત્ર છે; અને પરમગુરુ છે. મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થયેલાઓને ધર્મ પરમ રથ સમાન છે. ૧૦૧

चउगइणंतदुहानलपलित्तभवकाणणे महाभीमे ।
सेवसु रे जीव तुमं, जिणवयणं अमियकुंडसमं ॥१०२॥

અર્થ :- ચતુર્ગતિ રૂપ અનંત દુઃખાગ્નિથી જળતા મહાભયંકર ભવવનમાં અમૃતકુંડ સમાન જિનવાણીને, રે જીવ તું સેવ. ૧૦૨.

विसमे भवमरुदेसे, अणंतदुहगिम्हतावसंतत्ते ।
जिणधम्मकप्परुक्खं, सरसु तुमं जीव सिवसुहदं ॥१०३॥

અર્થ :-રે જીવ, અનંતદુઃખરૂપ ગ્રીષ્મઋતુના તાપથી સંતપ્ત અને વિષમ એવા સંસારરૂપ મરૂદેશમાં શિવસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનો આશ્રય કર. ૧૦૩.

किं बहुणा जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ।
लहु तरियमणंतसुहं लहइ जिओ सासयं ठाणं ॥१०४॥

અર્થ:-કિં બહુના! ઘોર ભવોદધિને સહેલાઇથી તરીને અનંતસુખનું શાશ્વત સ્થાન જે રીતે જીવ પ્રાપ્ત કરે તે રીતે જિનધર્મમાં યત્ન કરવો જોઈએ. ૧૦૪.

-: સૂચના :-

'સંબોધસત્તરિ' પ્રકરણના છેડે કર્તાના નામ સૂચક બે શ્લોકો સંસ્કૃતમાં છપાયેલા ઘણા પુસ્તકોમાં જોવા મળે છે; તે અહીં મૂકીએ છીએ.

श्री मन्नागपुरीयाह्वा-तपोगण नभोरुणाः ।
ज्ञानपीयूषपूर्णांगाः सूरीन्द्रा जयशेखराः ॥
तेषां पदकजमधुपाः, सूरयो रत्नशेखराः ।
सारं सूत्रात् समुद्धृत्य, चक्रुः संबोधसप्ततिम् ॥

શ્રી યતિશિક્ષા ઉપદેશ અધિકારમાંથી ઉદ્ધૃત

ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे,
येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतम् ।
राग–द्वेषविमुक्त प्रशान्तकलुषं साम्याप्तशर्माद्वयं,
नित्यं खेलति चात्मसंयमगुणाक्रीडे भजद्भावनाः ॥१॥

જે મહાત્માઓનું મન ઈંદ્રિયોના વિષયોમાં આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત બનતું નથી, ને રાગદ્વેષથી મુક્ત રહે છે, જેઓએ પાપકાર્યોને ચિતમાંથી શાંત કર્યા છે, જેઓનું ચિત્ત સમતાવડે અદ્વૈત સુખમય બન્યું છે, અને જેઓનું ચિત્ત ભાવના ભાવતું-ભાવતું સંયમગુણોરૂપી ઉદ્યાનમાં હંમેશા ક્રીડા કરે છે. આવા પ્રકારનું જેમનું મન થયેલું છે, તે મહામુનીશ્વરો આ સંસારસમુદ્રને તરી ગયા છે, તેઓને અમે નમસ્કાર કરીએ છીએ. (૧)

स्वाध्यायमाधित्ससि नो प्रमादैः शुद्धा न गुप्तीः समितीश्च धत्से,
तपो द्विधा नार्जसि देहमोहादल्पेऽपि हेतौ दधसे कषायान्॥२॥
परिषहान्नो सहसे न चोपसर्गान्न शीलाङ्गधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं
मुने ! कथं यास्यसि वेषमात्रात् ॥३॥ (युग्मम्)

હે મુનિ ! તું વિકથાદિ પ્રમાદોને કરીને સ્વાધ્યાય (સજઝાય ધ્યાન) કરવા ઈચ્છતો નથી, વિષયાદિ પ્રમાદથી સમિતિઓ અને ગુપ્તિઓને ધારણ કરતો નથી, શરીર પર મમત્વથી

બન્ને પ્રકારનાં તપને કરતો નથી, નજીવા કારણથી કષાયોને કરે છે ને તું પરીષહો તથા ઉપસર્ગોને સહન કરતો નથી, અઢાર હજાર શીલાંગને ધારણ કરતો નથી, તે છતાં તું મોક્ષને મેળવવા ઇચ્છે છે, પણ હે મુનિ! વેશમાત્રથી તું સંસારસમુદ્રનો પાર કેવી રીતે પામીશ? (૨-૩)

आजीविकार्थमिह यद्यतिवेषमेष,
धत्से चरित्रममलं न तु कष्टभीरुः ।
तद्वेत्सि किं न बिभेति जगज्जिघृक्षु-
र्मृत्युः कुतोऽपि नरकश्च न वेषमात्रात् ॥४॥

તું આજીવિકાને માટે આ સંસારમાં યતિનો-મુનિનો વેશ ધારણ કરે છે, પણ કષ્ટથી ડરી જઇને તું શુદ્ધ ચારિત્રને પાળતો નથી, પણ તને ખબર નથી કે, સમગ્ર ત્રણ લોકને ગ્રહણ કરવાની ઇચ્છાવાળું મૃત્યુ તેમજ નરક કાંઈ કોઈ પણ પ્રાણીના વેષ ઉપરથી ડરી જતાં નથી. (૪)

वेषेण माद्यसि यतेश्चरणं विनात्मन्!
पूजां च वांछसि जनाद्बहुधोपधिं च ।
मुग्धप्रतारणभवे नरकेऽसि गन्ता,
न्यायं बिभर्षि तदजागलकर्तरीयम् ॥५॥

હે આત્મન્! તું ચારિત્ર વગર સાધુના વેષથી જ અહંકાર કરે છે, વળી લોકોની પૂજાની તેમજ તેઓની પાસેથી બહુ પ્રકારે ઉપધિની અપેક્ષા રાખે છે, પણ ભોળા વિશ્વાસ રાખનારા લોકોને છેતરવાના પાપથી તું પરલોકમાં

નરકમાં જવાનો છે, ખરેખર તું અજાગલકર્તરીન્યાય ધારણ કરે છે. (૫)

जानेऽस्ति संयमतपोभिरमीभिरात्म
न्नस्य,प्रतिग्रहभरस्य न निष्क्रयोऽपि ।
किं दुर्गतौ निपततः शरणं तवास्ते ?
सौख्यश्च दास्यति परत्र किमित्यवेहि ॥६॥

હું જાણું છું કે હે આત્મન્ ! તારા આવા પ્રકારના સંયમ અને તપથી તો ગૃહસ્થ પાસેથી તેં લીધેલા પાત્ર, ભોજન, વંદન વગેરેનું ભાડું પણ પૂરૂં થતું નથી. એથી ચારિત્રની આરાધનામાં પ્રમાદ કરવાથી, દુર્ગતિમાં પડતાં કોણ તને શરણ થશે ? અને તને પરલોકમાં સુખ કોણ આપશે ? તેનો તું વિચાર કર. (૬)

किं लोकसत्कृतिनमस्करणार्चनाद्यै,
रे मुग्ध ! तुष्यसि विनापि विशुद्धयोगान् ।
कृन्तन् भवान्धुपतने तव यत्प्रमादो,
बोधिद्रुमाश्रयमिमानि करोति पशून् ॥७॥

તારા મન, વચન તથા કાયાના યોગોને તું ચારિત્રની આરાધનામાં જોડતો નથી, જેથી તારા ત્રિકરણયોગ વિશુદ્ધ નથી, છતાં પણ લોકો તારો આદર-સત્કાર કરે, તને નમસ્કાર કરે, અથવા તારી પૂજા-સેવા કરે, ત્યારે હે મૂઢ ! તું શા માટે સંતોષ માને છે ? સંસાર કૂવામાં પડતાં તને આધાર ફક્ત બોધિરૂપ વૃક્ષનો જ છે; તે તારા બોધિવૃક્ષને કાપી

નાખવામાં આ પૂજા સત્કારાદિમાંથી તને થતો આનંદરૂપ પ્રમાદ ખરેખર કુહાડારૂપ બને છે. (૭)

गुणांस्तवाश्रित्य नमन्त्यमी जना,
ददत्युपध्यालयभैक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषे बिंभर्षि चेत्,
ततष्ठकानां तव भाविनीं गतिः ॥८॥

હે મુનિ! આ લોકો તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિ, ઉપાશ્રય, આહાર, અને શિષ્યો આદિ ભક્તિભાવથી તને આપે છે. પણ તું રત્નત્રયીની આરાધનાના ગુણ વગર ઋષિ (યતિ) નો વેશ ધારણ કરી રહેલ છો, તો ખરેખર ઠગોના જેવી તારી ભવાંતરમાં ગતિ થશે. (૮)

❀ સમાપ્ત ❀

કલ્યાણકારી આત્મહિતોપદેશ

ભગવાનના શાસનમાં સાધુપણું પામીને જો સુંદર આરાધના ન થાય, આજ્ઞાને જીવનમાં સારી રીતે ન સમાવાય તો આ જીવન નિષ્ફળ જશે, મરણ બગડી જશે અને મુક્તિ દૂર થશે. ભગવાનના સાધુપણા વિના આ સંસારમાં સારામાં સારી રીતે જીવવાનો બીજો કોઈ માર્ગ નથી. મનુષ્યપણું પામીને સારામાં સારૂં અને ઊંચામાં ઊંચી કોટીનું સર્વથા પાપ રહિત જીવન જીવવું હોય, મરણ સમાધિમય બનાવવું હોય, સદ્ગતિ સુલભ બનાવવી હોય અને મુક્તિ નજીક લાવવી હોય તો તેને અંગેની સઘળી સામગ્રી આ સાધુપણામાં છે. આવી સામગ્રી મળવા છતાં જે સાધુપણામાં તેની દરકાર ન રાખે, ગુર્વાજ્ઞા પ્રમાણે જીવન જીવવાનો ઉત્સાહ ન કેળવે અને પોતાની મરજી મુજબનું સ્વતંત્ર જીવન જીવે તેના માટે તો આ સાધુપણું પણ ભારે અધોગતિનું સાધન બની જવાનું છે. દુર્ગતિઓમાં ભટકી-ભટકીને ઘણાં-ઘણાં દુઃખો ભોગવ્યાં વિના છૂટકારો થવાનો નથી

જે આત્માઓ ભગવાનની આજ્ઞાને આરાધીને જાય છે. તેના માટે વિશાળ સાગર જેવો આ સંસાર નાના ખાબોચીયા જેવો બની જાય છે. તેવા આત્માઓ માટે દુર્ગતિના દ્વાર બંધ થઈ જાય છે, સદ્ગતિ સુનિશ્ચિત થાય છે અને મુક્તિ તેમની રાહ જુએ છે.

પ. પૂ. આ. ભગવંત શ્રીમદ્વિજય

રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા.